
# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 09-05-2026 • Saturday • Samvat : 2082 • Vaishakh Vad-08 • Vol : 97 • No. : 126 • Page : 8 • Price : 2.00 | • Prabhat-Ahmedabad * RNI No. 1815/57





# ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭૮ની નરમાઈ: સોનાનો વાયદો રૂ.૪૫૯ અને ચાંદીનો વાયદો રૂ.૩૮૨૦ વધ્યો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૯૮૭૧.૩૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૯૦૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૬૦૯૬૨.૧૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૬૪૬.૮૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૬૭૩.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૬૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૧૦૩ અને નીચામાં રૂ.૧૫૨૩૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૨૬૧ના આગલા બંધ સામે રૂ.૪૫૯ વધી રૂ.૧૫૨૭૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૨૭ વધી રૂ.૧૨૨૮૦૮ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૮ વધી રૂ.૧૫૪૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૧ વધી રૂ.૧૫૨૬૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૮૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૪૯૯ અને નીચામાં રૂ.૧૫૨૫૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૪૬૧ના આગલા બંધ સામે રૂ.૪૩૯ વધી રૂ.૧૫૨૯૦૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૨૮૮૦ અને નીચામાં રૂ.૨૫૮૪૨૬ના મથાળે અથડાઈ, રૂ.૨૫૮૫૪૦ના આગલા બંધ સામે રૂ.૩૮૨૦ વધી રૂ.૨૬૨૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૩૭૭ વધી રૂ.૨૬૪૫૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૩૭૪ વધી રૂ.૨૬૪૬૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૦૭.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧૮.૨૫ વધી રૂ.૧૩૨૨.૫ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો ૩૫ પૈસા વધી રૂ.૩૪૮.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૩૬૮.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૨૦ પૈસા વધી રૂ.૨૦૦.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૨૬૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૭૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૫૦ અને નીચામાં રૂ.૪૫૫૨ના મથાળે અથડાઈ, રૂ.૧૨૭ ઘટી રૂ.૪૫૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૦૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૧૩૭ અને નીચામાં રૂ.૮૮૬૬ના સ્તરને સ્પર્શી, રૂ.૯૦૬૫ના આગલા બંધ સામે રૂ.૭૮ ઘટી રૂ.૮૯૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૭૮ ઘટી રૂ.૮૯૮૬ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૬૪ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૬૪.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૮.૮ના ભાવે ખૂલી, રૂ.૨.૯ વધી રૂ.૯૮૯.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૪૨ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૭૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૭૧.૬૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૧૦૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૧૯૧.૩૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૬.૨૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૮૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૫.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૧૩.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૨૪.૪૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૫૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૨૮૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૫૪૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૭૯૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૯૬૫૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૭૮૧૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૪૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૦૮૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૫૪૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૯૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૧૧૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૧૯૬ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૪ ઘટી રૂ.૩૮૨.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા વધી રૂ.૧૦.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧.૫ વધી રૂ.૧૮૫૩ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૭.૫ વધી રૂ.૧૬૭૧ થયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૧ વધી રૂ.૫.૯૭ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા વધી રૂ.૪ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૩.૭ ઘટી રૂ.૩૯૧.૭ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૯ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩.૫ વધી રૂ.૧૮૪૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૩.૫ વધી રૂ.૧૬૧૬ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૬ વધી રૂ.૪૨૪.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૯.૫૫ના ભાવે બોલાયો હતો.

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૯૦૯.૨૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૦૯૬૨.૧૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૬૭૩.૩૦ કરોડનાં કામકાજ**




## એસએચએમ ગ્રુપે ગુજરાતની મરિન ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવી

શિપબિલ્ડિંગ, શિપ મેનેજમેન્ટ અને મેરિટાઈમ સેફ્ટી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક એસએચએમ ગ્રુપને ભુજ સ્થિત બોર્ડર સિક્યોરિટી ફોર્સ તરફથી મિકેનાઈઝ્ડ વેસલ 'સિંધુ' માટે ડોક રિપેર અને મેઈન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

આ મેન્ડેટ હેઠળ વેસલનું વ્યાપક સ્તરે ઓવરહૉલિંગ કરવામાં આવશે, જેમાં સ્ટ્રક્ચરલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને સેફ્ટી સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. મુખ્ય કામગીરીમાં હલ અને એફઆરપી રિપેર, એન્ટી-ફાઉલિંગ કોટિંગ્સ, મહત્વપૂર્ણ ઘટકોનું રિપ્લેસમેન્ટ, કમિન્સ મરીન એન્જિન્સ અને પ્રોપલ્શન સિસ્ટમ્સનું ઓવરહૉલિંગ, ગિયરબોક્સ એલાઈનમેન્ટ, રડર રિપેર, મરિન-ગ્રેડ ઈલેક્ટ્રિકલ રીવાયરિંગ, નેવિગેશન સિસ્ટમ કેલિબ્રેશન તેમજ ગ્લોબલ SOLAS ધોરણોને અનુરૂપ ફાયર સેફ્ટી અને લાઈફ-સેવિંગ સિસ્ટમ્સની સ્થાપનાનો સમાવેશ થાય છે.

એસએચએમ ગ્રુપના સ્થાપક તથા ચેરમેન શ્રી સૈફુદ્દીન હાજીએ જણાવ્યું હતું કે, "ગુજરાત મેરિટાઈમ બોર્ડ સાથે ત્રણ બોટની તૈનાતીથી શરૂ થયેલી અમારી સફર બાદમાં અમારી કંપની માટે એક ઐતિહાસિક અને નિર્ણાયક ક્ષણ બની છે. આ મેન્ડેટ પાછળ રહેલી ઓપરેશનલ આવશ્યકતાઓ અને લાંબા ગાળાની દ્રષ્ટિને કારણે અમે એક શિપયાર્ડ મેળવ્યું હતું."

આ પ્રોજેક્ટનું અમલીકરણ કડક નિયમનકારી દેખરેખ હેઠળ કરવામાં આવશે, જેમાં બીએસએફ બોર્ડ ઓફ ઓફિસર્સ અને ઈન્ડિયન રજિસ્ટર ઓફ શિપિંગ (આઈઆરએસ) દ્વારા નિરીક્ષણો તેમજ અંતિમ ડિલિવરી પહેલાં ફરજિયાત ફુલ-પાવર સી ટ્રાયલ્સનો સમાવેશ થાય છે.

રિપેર અને રિફર્બિશમેન્ટ ઉપરાંત એસએચએમ વેસલ ટ્રાન્સપોર્ટેશન, ડોકયાર્ડ ઓપરેશન્સ, ફ્યુઅલ મેનેજમેન્ટ તેમજ સર્ટિફાઈડ એન્જિનિયર્સ અને કુશળ કર્મચારીઓ રાખવા સહિત સમગ્ર કામગીરીનું એન્ડ-ટુ-એન્ડ સંચાલન કરશે.

એસએચએમની સફરની શરૂઆત વર્ષ ૨૦૦૫માં ગુજરાત મેરિટાઈમ બોર્ડ તરફથી મળેલા એક ઐતિહાસિક કોન્ટ્રાક્ટથી થઈ હતી, જેમાં કંપનીને ગુજરાતના મુખ્ય બંદરો - ઓખા, માંડવી અને પોરબંદર માટે વિશેષ સિક્યોરિટી બોટ્સ પ્રદાન કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

એસએચએમ વિશ્વમાં અનન્ય એવા એન્ડ-ટુ-એન્ડ મેરિટાઈમ લાઈફસાયકલ સોલ્યુશન્સ પ્રદાન કરે છે - પોર્ટ સપ્લાયથી લઈને ઓફશોર ડિફેન્સ વેસલ્સ સુધી અને સેફ્ટી ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગથી લઈને અદ્યતન શિપબિલ્ડિંગ સુધી. એસએચએમ એફઆરપી બોટ બિલ્ડિંગ તેમજ લાઈફ સેવિંગ એપ્લાયન્સિસ ક્ષેત્રમાં માર્કેટ લીડર છે.

કંપનીને ભારતમાં પ્રથમ ખાનગી એફઆરપી બોટ બિલ્ડિંગ યાર્ડ સ્થાપવા માટે માન્યતા મળી છે, જેના વેસલ્સ Sea State6 જેવી પરિસ્થિતિઓમાં ખુલ્લા સમુદ્રમાં ૨૦૦ નોટિકલ માઈલ સુધી સંચાલિત થઈ શકે છે. એસએચએમે HSC Code ૨૦૦૦ ના ધોરણોને અનુરૂપ માત્ર છ મહિનામાં ડિઝાઈન અને નિર્માણ કરાયેલા એલ્યુમિનિયમ હાઈ-સ્પીડ પેસેન્જર ક્રાફ્ટ્સનું ઉત્પાદન અને ડિલિવરી કરનાર પ્રથમ કંપની તરીકે પણ ઓળખ મેળવી છે.

## એનબીબીએલના બેક્રિંગ કનેક્ટે બેક્ર ઈન્ટિગ્રેશનને સરળ બનાવવા જસ્પેની સ્વિચ અને એસડીકે સાથે જોડાણ કર્યું

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, એનપીસીઆઈ ભારત બિલપે લિમિટેડ (NBBL)એ જસ્પે સાથે ભાગીદારીમાં બેક્રિંગ કનેક્ટ માટે સ્વિચ રજૂ કર્યું છે. જે પ્લેટફોર્મ સાથે બેક્રના ઈન્ટિગ્રેશનને સરળ બનાવે છે. નવી ક્ષમતા એપ્લિકેશન-આધારિત નેટ-બેક્રિંગની યાત્રાને વધુ ઝડપી, સરળ અને સુરક્ષિત બનાવવા માટે વિકસાવવામાં આવી છે.

એનબીબીએલના એમડી અને સીઈઓ નૂપુર ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, "બેક્રિંગ કનેક્ટની કલ્પના એક એવા ઉકેલ તરીકે થઈ છે કે, જે ગ્રાહકોને એક અપગ્રેડેડ રિફાઈન્ડ અને સાહિજક નેટ બેક્રિંગ અનુભવ પૂરો પાડે છે. વધુમાં તેનું ઓપન આર્કિટેક્ચર બેક્રો અને ભાગીદારોને સરળતાથી નિર્માણ અને ઈનોવેશન માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. જસ્પેનું જીઙ્ઘદ્ભ અને સ્વિચ લેયર દર્શાવે છે કે ઈન્ડસ્ટ્રી પાર્ટનર બેક્રિંગ કનેક્ટની મદદથી એકીકૃત અને બેક્ર-પ્રથમ નેટ બેક્રિંગ સેવાઓ પૂરી પાડી શકે છે. અમારું માનવું છે કે આવા સંયુક્ત પ્રયાસો આધુનિક, એપ્લિકેશન-આધારિત ચુકવણી અનુભવોને અપનાવવામાં વેગ આપશે અને લાખો ગ્રાહકો માટે વિશ્વસનીય તેમજ ભવિષ્ય માટે સજ્જ વિકલ્પ તરીકે બેક્રિંગ કનેક્ટને વધુ મજબૂત બનાવશે."

જસ્પેના સીઓઓ અને કો-ફાઉન્ડર શીતલ લાલવાણીએ જણાવ્યું હતું કે, "બેક્રિંગ કનેક્ટ બેક્રોના નેટ-બેક્રિંગ ઈન્ટિગ્રેશનનો અભિગમ બદલવાની રીતને બદલી રહ્યું છે, અને અમને આ ઉત્ક્રાંતિનો ભાગ બનવાનો ગર્વ છે. એનબીબીએલ સાથેનો આ સહયોગ ગ્રાહકની ચૂકવણી યાત્રાને સીમલેસ અને સુરક્ષિત રીતે પહોંચાડવા માટેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે પ્રમાણિત ઈન્સ્ટ્રી પ્રોટોકોલને સમર્થન આપે છે. સ્વિચ સાથે, અમારું લક્ષ્ય સમગ્ર ઈકોસિસ્ટમ માટે સુસંગત, વિશ્વસનીય અને એપ્લિકેશન-ફર્સ્ટ નેટ-બેક્રિંગ અનુભવ પૂરા પાડવાનું છે."

## મુથૂટ ફાઈનાન્સે ભારતીય સ્ટૉક એક્સચેન્જો પર લિસ્ટિંગનાં ૧૫ વર્ષ પૂર્ણ કર્યા

ભારતની સૌથી મોટી ગોલ્ડ લોન NBFC મુથૂટ ફાઈનાન્સ લિમિટેડે એક સીમાચિહ્નરૂપ ઉપલબ્ધિ મેળવી છે. કંપનીએ ભારતીય સ્ટૉક એક્સચેન્જો પર લિસ્ટ થયાને ૧૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે કંપનીની એ શાનદાર સફરને દર્શાવે છે, જેની શરૂઆત કેરળમાં એક પારિવારિક વ્યવસાય સ્વરૂપે થઈ હતી અને હાલ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત ધિરાણ સેવા સંસ્થા છે. એટલું જ નહીં, મુથૂટ ફાઈનાન્સ અત્યારે ભારતમાં ઘેરઘેર જાણીતું નામ છે.

૨૦૧૧માં લિસ્ટિંગ થયા પછી મુથૂટ ફાઈનાન્સે સતત વૃદ્ધિ, કામગીરીમાં મજબૂતી અને સતત શ્રેષ્ઠ નાણાકીય કામગીરી દર્શાવી છે. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન (M-Cap-બજાર મૂડીકરણ) ૨૦૧૧માં આશરે ?૬૦ અબજથી વધીને તાજેતરમાં ?૧.૫ ટ્રિલિયનને વટાવી ગયું છે, જે ૨૫ ગણાથી વધારે વૃદ્ધિ દર્શાવે છે. આ અસાધારણ ઉપલબ્ધિ લોકોના ભરોસાનું સીધું પરિણામ છે, જેમ કે TRA બ્રાન્ડ ટ્રસ્ટ રિપોર્ટ મુજબ, મુથૂટ ફાઈનાન્સ સળંગ ૧૦ વર્ષથી ભારતની નંબર ૧ સૌથી વધુ વિશ્વસનિય ફાઈનાન્શિયલ સર્વિસીસ બ્રાન્ડ છે. અંતિમ પાંચ વર્ષમાં જ કંપનીના શેરની કિંમત બમણાથી વધારે વધી ગઈ છે, જે રોકાણકારોના સતત ભરોસા અને વૃદ્ધિદરને દર્શાવે છે.

આ સીમાચિહ્નરૂપ સફળતા પર મુથૂટ ફાઈનાન્સ લિમિટેડના ચેરમેન જ્યૉર્જ જેકબ મુથૂટે કહ્યું હતું કે, "અમારી સફર વિશ્વાસ, પ્રામાણિકતા અને ગ્રાહકને કેન્દ્રમાં રાખવાનાં મૂલ્યોથી સંચાલિત છે. આ સફળતા ફક્ત આંકડાકીય નથી, પરંતુ અમે પેદા કરેલી અસર સાથે સંબંધિત છે—લોન મેળવવાની સરળતા ઊભી કરવી, પરિવારોને સક્ષમ બનાવવા તથા વિશ્વાસ અને સારો વહીવટના માપદંડોને સતત ઊંચા જાળવી રાખવા. જેમ જેમ અમે આગળ વધીશું, તેમ તેમ અમે ગ્રાહકસેવા, ઈનોવેશન (નવીનતા) અને પ્રામાણિકતા પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને એ મજબૂત પાયા પર અમારી આગેકૂચ જાળવી રાખીશું."

## બજાજ લાઈફે તેના પોલિસીધારકો માટે રૂ.૧૯૩૯નું સૌથી વધુ બોનસ જાહેર કર્યું

ભારતની અગ્રણી ખાનગી જીવન વીમા કંપની.ઓ પૈકીની એક બજાજ લાઈફ ઈન્સ્યોરન્સે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એફવાય૨૬) માટે રૂ. ૧૯૩૯ કરોડનું તેનું અત્યાર સુધીનું સૌથી વધુ બોનસ જાહેર કર્યું છે. નાણાકીય વર્ષ ૨૫માં જાહેર કરાયેલાં રૂ. ૧,૮૩૩ કરોડના બોનસની તુલનાએ આ વર્ષે બોનસમાં ૫.૮ ટકાનો નોંધપાત્ર વધારો કરાયો છે. આ બોનસનો લાભ કંપનીના પાર્ટિસિપેટિંગ પ્રોડક્ટ્સમાં રોકાણ કરનારા ૧૧.૮૯ લાખથી વધુ પોલિસીધારકોને મળશે. આ જાહેરાત સાથે, બજાજ લાઈફે ગ્રાહકોને શ્રેષ્ઠ વળતર આપવાની પોતાની પરંપરા જાળવી રાખી છે, જે અંતર્ગત કંપનીએ સતત ૨૫ વર્ષથી વાર્ષિક બોનસ જાહેર કર્યું છે.

જે પોલિસીધારકોની ટ્રેડિશનલ પાર્ટિસિપેટિંગ પોલિસી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સુધી ચાલુ હશે, તેઓ આ બોનસ મેળવવાને પાત્ર રહેશે. આ બોનસ કંપનીના પાર્ટિસિપેટિંગ ફંડમાં થયેલા નફામાંથી આપવામાં આવે છે. બજાજ લાઈફ ઈન્શ્યોરન્સ પાસે ગ્રાહકોની અલગ-અલગ જરૂરિયાતો મુજબ અનેક પ્લાન ઉપલબ્ધ છે.

"આ ઉપરાંત, ફ્લેક્સિ ઈક્રમ ેલ, એસ- ઈક્રમ, લાઈફલોંગ એસ્યોર તથા કેશ રિચ જેવા પસંદગીના પ્લાન રોકડ બોનસનો લાભ આપે છે, જેમાં પોલિસીધારકો પાસે આ બોનસ વિથડ્રો કરવાના પણ વિકલ્પો પણ છે. કંપનીએ નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે લાગુ પડતા પ્લાન પર એક્યુમ્યુલેશન ફંડ માટે ૬.૪૯% વ્યાજ દર જાહેર કર્યો છે."

આ જાહેરાત અંગે બોલતાં બજાજ લાઈફ ઈન્સ્યોરન્સના એમડી અને સીઈઓ તરુણ ચુઘે જણાવ્યું હતું કે, "અમારા પોલિસીધારકો માટે આ વર્ષના બોનસની જાહેરાત કરતા અમને ખૂબ આનંદ થાય છે. આ બોનસ અમારી શિસ્તબદ્ધ રોકાણ પદ્ધતિ અને ગ્રાહકોને સતત શ્રેષ્ઠ વળતર આપવાના અમારા પ્રયત્નોનું પરિણામ છે. અમારા ગ્રાહકો તેમના જીવનના લક્ષ્યો સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે હાંસલ કરી શકે તે માટે તેમને મદદ કરવા માટે અમે હંમેશા પ્રતિબદ્ધ છીએ."

## મોતીલાલ ઓસ્વાલ મ્યુચ્યુઅલ ફંડ રજૂ કરે છે 'મોતીલાલ ઓસ્વાલ કોન્ટ્રા ફંડ'

મોતીલાલ ઓસ્વાલ મ્યુચ્યુઅલ ફંડ (એમઓએમએફ) દ્વારા તેની નવી ફંડ ઓફર (એનએફઓ), મોતીલાલ ઓસ્વાલ કોન્ટ્રા ફંડની જાહેરાત કરવામાં આવી છે, જે પ્રવાહથી વિરુદ્ધની રોકાણ વ્યૂહરચના (કોન્ટ્રારિયન ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી) અનુસરતી એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે.

આ ફંડની રજૂઆત અંગે ટિપ્પણી કરતા, મોતીલાલ ઓસ્વાલ એસેટ મેનેજમેન્ટ કંપની (એમઓએએમસી) ના એમડી અને સીઈઓ શ્રી પ્રતીક અગ્રવાલે જણાવ્યું હતું કે, "વર્તણૂક સંબંધી પૂર્વગ્રહો અને માળખાકીય પરિબળોને કારણે બજારમાં ઘણીવાર ખોટા ભાવો જોવા મળે છે, અને અસ્થિરતાના સમયગાળા દરમિયાન, પ્રવાહથી વિરુદ્ધની વ્યૂહરચના કામચલાઉ પ્રવર્તમાન વાતોથી આગળ વધીને વ્યવસાયના લાંબા ગાળાના પાયાના પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. મોતીલાલ ઓસ્વાલ કોન્ટ્રા ફંડ આ પ્રારંભિક સંકેતો અને તકોને ઓળખવા અને વ્યાજબી વેલ્યુએશન ધરાવતી કંપનીઓમાં રોકાણ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. અમે પોર્ટફોલિયોના સાચા વૈવિધ્યકરણ માટે, ૩ થી ૫ વર્ષના સંપૂર્ણ માર્કેટ ચક્ર દરમિયાન રોકાણ જાળવી રાખવા તૈયાર હોય તેવા ધૈર્યવાન રોકાણકારોના લાભ માટે, વિવિધ માર્કેટ કેપિટલાઈઝેશનમાં સક્રિયપણે સંચાલિત અને ઉચ્ચ-વિશ્વાસ ધરાવતું (high-conviction) એક્સપોઝર જાળવી રાખીએ છીએ."

મોતીલાલ ઓસ્વાલ એસેટ મેનેજમેન્ટ કંપની (એમઓએએમસી) ના ફંડ મેનેજર શ્રી ભાલચંદ્ર શિંદેએ જણાવ્યું હતું કે, "વ્યવસાયના આંતરિક મૂલ્ય અને તેની બજાર કિંમત વચ્ચેનો સતત રહેતો તફાવત કોઈ અસાધારણ ઘટના નથી, પરંતુ તે એક વારંવાર બનતી પ્રક્રિયા છે જે બજારના ચક્ર દરમિયાન તકો ઊભી કરી શકે છે. મોતીલાલ ઓસ્વાલ કોન્ટ્રા ફંડ મજબૂત ઓપરેટિંગ રોકડ પ્રવાહ, આકર્ષક મૂલ્યાંકન અને ફરી બેઠા થવાની સ્પષ્ટ ક્ષમતા ધરાવતા ૩૦-૩૫ શેરોનો ઉચ્ચ-વિશ્વાસ ધરાવતો પોર્ટફોલિયો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મજબૂત જોખમ પ્રબંધન માળખું અને શિસ્તબદ્ધ એક્ઝિટ પ્રક્રિયાના પીઠબળ સાથે, આ અભિગમનો ઉદ્દેશ્ય બજારના વિવિધ તબક્કાઓમાં જોખમોનું સંચાલન કરવાની સાથે રોકાણની શૈલીમાં વૈવિધ્ય લાવવાનો છે."

## વિવો દ્વારા ભારત માં વિવો એક્સ ૩૦૦ અલ્ટ્રા લોન્ચ કરવામાં આવ્યું

વિવો ઈન્ડિયાએ આજે વિવો એક્સ ૩૦૦ અલ્ટ્રા લોન્ચ કર્યો છે, જે એક્સ સિરીઝના અલ્ટિમેટ ઈમેજિંગ ફ્લેગશિપ તરીકે ભારતમાં પ્રથમ વખત રજૂ થયો છે. ઈન્ડસ્ટ્રી-લીડિંગ ઝાઈઝ માસ્ટર લેન્સ કલેક્શન સાથે આ સ્માર્ટફોન પ્રોફેશનલ લેવલનો કેમેરા અનુભવ આપે છે, જેમાં એડવાન્સ્ડ કલર સાયન્સ, શક્તિશાળી ટેલિફોટો ક્ષમતા અને સિનેમેટિક વિડિયો પરફોર્મન્સનો સમાવેશ થાય છે.

ઓપ્ટિકલ એન્જિનિયરિંગ, કમ્પ્યુટેશનલ ફોટોગ્રાફી અને સિસ્ટમ લેવલ ઓપ્ટિમાઈઝેશન પર ખાસ ધ્યાન સાથે એક્સ૩૦૦ અલ્ટ્રા મોબાઈલ ઈમેજિંગને નવા સ્તરે લઈ જાય છે, જેથી યુઝર્સ વધુ ચોકસાઈ અને લવચીકતા સાથે ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરી શકે. વિવો એક્સ ૩૦૦ એક્લિપ્સ બ્લેક અને વિક્ટ્રી ગ્રીન કલર વિકલ્પોમાં ૧૬જીબી+૫૧૨જીબી વેરિઅન્ટ સાથે ?૧,૫૯,૯૯૯ ની કિંમતે ઉપલબ્ધ રહેશે.

લોન્ચ અંગે વિવો ઈન્ડિયાના એક્સ સિરીઝ પ્રોડક્ટ મેનેજમેન્ટ હેડ વિકાસ ટાગરાએ જણાવ્યું હતું કે, "વિવો ઈન્ડિયામાં અમે અદ્યતન ઈમેજિંગ, સુંદર ડિઝાઈન અને સ્મૂથ પરફોર્મન્સનો સમન્વય કરીને પ્રીમિયમ અનુભવ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. એક્સ સિરીઝની દરેક નવી પેઢી સાથે અમે સતત નવીનતા દ્વારા પ્રોફેશનલ ઈમેજિંગને સામાન્ય યુઝર્સ સુધી લાવ્યા છીએ. વિવો એક્સ ૩૦૦ અલ્ટ્રા એક મહત્વપૂર્ણ આગળનું પગલું છે, જે સ્માર્ટફોન કેમેરાની ક્ષમતાઓને નવી રીતે રજૂ કરે છે. ક્રિએટર્સ માટે અલ્ટિમેટ ટૂલકિટ તરીકે ડિઝાઈન કરાયેલ આ ડિવાઈસ ઈમેજિંગ, વિડિયોગ્રાફી અને પરફોર્મન્સમાં શ્રેષ્ઠ અનુભવ આપે છે. આ લોન્ચ સાથે અમે મોબાઈલ ઈમેજિંગના ભવિષ્યને આકાર આપવાની અમારી પ્રતિબદ્ધતા ફરી મજબૂત કરીએ છીએ."

## એસ્ટર ઈન્ડસ્ટ્રીઝનાં સંયુક્ત સાહસ ELITeએ કેમિકલ પોલીસ્ટર રિસાયકલિંગ પ્લાન્ટ માટે ગુજરાત સરકાર સાથે રૂ. ૧,૬૦૦ કરોડના MoU કર્યા

કેનેડાની લૂપ ઈન્ડસ્ટ્રીઝ સાથે એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સંયુક્ત સાહસ એસ્ટર લૂપ ઈન્ફિનિટ ટેકનોલૉજીસ પ્રાઈવેટ લિમિટેડ (ELITe)એ રાજ્યમાં પોલીસ્ટર વેસ્ટ માટે ગ્રીનફિલ્ડ કેમિકલ રિસાયકલિંગ સુવિધા સ્થાપિત કરવા ગુજરાત સરકાર સાથે આજે સમજૂતીકરાર (MoU) કર્યા હતા, જેમાં રૂ. ૧,૬૦૦ કરોડનું રોકાણ કરવાની દરખાસ્ત રજૂ થઈ છે.

સૂચિત સુવિધા ગુજરાતના ભરુચ વિસ્તારમાં PCPIR દહેજમાં આકાર લેશે અને વર્ષ ૨૦૨૮માં કામગીરી શરૂ કરવાનો લક્ષ્યાંક છે, જેમાં આશરે ૫૦૦ લોકો માટે રોજગારીનું સર્જન થવાની ધારણા છે.

આ ભાગીદારી પર એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પૂર્ણકાલિન ડાયરેક્ટર શ્રી આયુષ વર્ધન સિંઘાનિયાએ કહ્યું હતું કે, "ગુજરાત સરકાર સાથે આ MoU ELITe અને આંતરરાષ્ટ્રી સ્તરે ફરતાં અર્થતંત્રમાં ભારતની સ્થિતિ માટે નિર્ણાયક સીમાચિહ્ન છે. જમીન મળી ગઈ હતી, ઈજનેરી કામગીરી ચાલુ છે અને નાઈકીએ અમારા એક્ર કસ્ટમર તરીકે પુષ્ટિ કરવાની સાથે ભરુચ પ્લાન્ટ ઉત્કૃષ્ટ રીતે મજબૂત પાયો ધરાવે છે. ગુજરાતનું પ્રગતિશીલ રોકાણ માળખાંએ અમને આ વિઝન સાકાર કરવા ?૧,૬૦૦નું રોકાણ કરવાની કટિબદ્ધતાનો ભરોસો આપ્યો છે અને અમે ૨૦૨૮માં વાણિજ્યિક ધોરણે ઉત્પાદન કરવા અગ્રેસર છીએ."

આ સમજૂતીકરાર પર એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી વૈભવ ઝાએ ઉમેર્યું હતું કે, "ભારત દુનિયામાં પોલીસ્ટરના સૌથી મોટા ઉત્પાદકો અને ઉપભોક્તાઓ પૈકીનો એક દેશ છે, તેમ છતાં તેનાં પોસ્ટ-કન્ઝ્યુમર ટેક્સટાઈલ અને પેકેજિંગ વેસ્ટમાંથી નહીંવત્ હિસ્સાનું રિસાયકલિંગ થાય છે અને મોટા ભાગના હિસ્સોનો ઉપયોગ જમીન પૂરવામાં થાય છે. ભરુચ પ્લાન્ટ એ ફરકને સીધો પૂરો કરશે — હાલ નિકાલ કરવા માટે ભારરૂપ સામગ્રીને ઉચ્ચ-મૂલ્ય ધરાવતા, સતત ઉપયોગી સામગ્રીમાં પરિવર્તિત કરશે, જેને વિવિધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સતત મેળવવા આતુર રહે છે. આ રોકાણ અમારી પર્યાવરણ પ્રત્યેની કટિબદ્ધતા અને ભારતને આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે લીડર બનાવવાની પુષ્ટિ કરે છે."

## ઝાઈજ ટેલિફોટો એક્સટેન્ડર ઝેન અને સ્નેપડ્રેગન ૮ ઝેન ૫ સાથે વિવો એ એક્સ૩૦૦ એફઈ લોન્ચ કર્યો

તેના કોમ્પેક્ટ સ્માર્ટફોનના સફળતાને આગળ વધારતાં વિવો ઈન્ડિયાએ આજે લાઈફસ્ટાઈલ કેન્દ્રિત ફ્લેગશિપ સ્માર્ટફોન વિવો એક્સ૩૦૦ એફઈ લોન્ચ કર્યો છે. નવી પેઢીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાયેલ આ સ્માર્ટફોન સ્ટાઈલ અને પરફોર્મન્સનો ઉત્તમ સમન્વય આપે છે. તેમાં ફ્લેગશિપ લેવલનું પરફોર્મન્સ, પ્રો-લેવલ ઝાઈજ ઈમેજિંગ અને ૧૬.૦૪ સેમી (૬.૩૧ ઈંચ) ફ્લેટ સ્ક્રીન સાથે એક હાથથી સરળતાથી ઉપયોગ કરી શકાય તેવો સ્લીક ડિઝાઈન આપવામાં આવ્યો છે.

વિવો એક્સ૩૦૦ એફઈ ની કિંમત: ૧૨+૨૫૬ જીબી વેરિઅન્ટ માટે રૂા.૭૯,૯૯૯ (ટેક્સ સહિત) અને ૧૨+૫૧૨ જીબી વેરિઅન્ટ માટે રૂા.૮૯,૯૯૯ (ટેક્સ સહિત) રાખવામાં આવી છે. આ સ્માર્ટફોન ૧૪ મે, ૨૦૨૬થી ફ્લિપકાર્ટ, એમેઝોન, વિવો ઈન્ડિયા ઈ-સ્ટોર અને સમગ્ર ભારતના અગ્રણી રિટેલ પાર્ટનર સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેશે.

વિવો એક્સ૩૦૦ એફઈ લોન્ચ અંગે વિવો ઈન્ડિયાના એક્સ સિરીઝ પ્રોડક્ટ મેનેજમેન્ટ હેડ વિકાસ ટાગરાએ જણાવ્યું હતું કે, "અમારી કોમ્પેક્ટ ફ્લેગશિપ પોર્ટફોલિયોને મળેલા મજબૂત પ્રતિસાદે સાબિત કર્યું છે કે આજના ગ્રાહકો પ્રીમિયમ પરફોર્મન્સ સાથે જીવનશૈલીને અનુકૂળ એવો ફોર્મ ફેક્ટર ધરાવતા સ્માર્ટફોન શોધી રહ્યા છે."

સ્ટાઈલ સાથે શક્તિશાળી ઈમેજિંગ અને પરફોર્મન્સ પ્રદાન કરવા માટે બનાવાયેલ વિવો એક્સ૩૦૦ એફઈ એ એસ્થેટિક ડિઝાઈન અને ફ્લેગશિપ નવીનતાનું અનોખું સંયોજન છે, જે તેને એક અલગ અને અદ્યતન સ્માર્ટફોન અનુભવ બનાવે છે. વિવો એક્સ૩૦૦ એફઈ ત્રણ આકર્ષક રંગોમાં ઉપલબ્ધ છે—અર્બન ઓલિવ, લાઈલેક પર્પલ અને નોઈર બ્લેક, જે પ્રકૃતિ અને આધુનિક ડિઝાઈનથી પ્રેરિત છે અને દરેક રંગ સ્ટાઈલ અને સોફિસ્ટિકેશનનું અનોખું સંયોજન રજૂ કરે છે.

## એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિઝે રૂ. ૩૧,૦૦૦ સુધીના કેશબેક સાથે એસી સીઝન ઓફર રજૂ કરી

એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિઝે ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવામાં તેના ગ્રાહકો માટે પોતાની એસી સીઝન ઑફર્સ રજૂ કરી છે, જેમાં પસંદગીના કન્ઝ્યુમર ડ્યુરેબલ્સની ખરીદી પર રૂ. ૩૧,૦૦૦ સુધીના આકર્ષક કેશબેક લાભો પણ લઈ આવી છે. આ મર્યાદિત સમયગાળાની ઓફર ૧ મે થી ૩૧ મે, ૨૦૨૬ સુધી માન્ય છે.

ઓફરના ભાગ રૂપે:

એસી, રેફ્રિજરેટર, ડીપ ફ્રીઝર અને કુલર ખરીદનારા ગ્રાહકો રૂ. ૩૧,૦૦૦ સુધીના કેશબેકનો લાભ મેળવી શકે છે.

કેરિયર એસી-સ્પ્લિટ ઈન્વર્ટર પર, ગ્રાહકોને રૂ. ૧,૦૦૦ના વધારાના ફ્લેટ કેશબેક સાથે ૧૫% કેશબેકનો લાભ મેળવી શકે છે.

સૈંઢ્ઢીટ્ઠ છઝ - સ્પ્લિટ ઈન્વર્ટરની ખરીદી પર ગ્રાહકો રૂ. ૧,૦૦૦ના વધારાના ફ્લેટ કેશબેક સાથે ૧૫% કેશબેકનો લાભ મેળવી શકે છે.

આ ઓફર આકર્ષક કેશબેક લાભો, અનુકૂળ ઈએમઆઈ વિકલ્પો, તાત્કાલિક મંજૂરીઓ અને ન્યૂનતમ ડોક્યુમેન્ટેશન દ્વારા ઉનાળાની ઋતુને વધુ સસ્તી બનાવવા માટે અપગ્રેડ કરવામાં આવી છે.

આ અંગે એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિઝના કન્ઝ્યુમર ફાઈનાન્સ હેડ આકાશ બરારિયાએ જણાવ્યું હતું કે, "ઉનાળાની ઋતુ દરમિયાન કૂલિંગ ઉપકરણોની વધતી માગ સાથે અમારા એસી સીઝન અભિયાનનો ઉદ્દેશ અર્થપૂર્ણ બચત અને સરળ ફાઈનાન્સિંગ વિકલ્પો દ્વારા મજબૂત મૂલ્યો પ્રદાન કરવાનો છે. અમે ગ્રાહકો માટે ઉપકરણોની ખરીદીને વધુ સુલભ અને અનુકૂળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું જારી રાખીએ છીએ."

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

# બંગાળના મુખ્યમંત્રીપદે શુભેન્દુ અધિકારી : આજે શપથ લેશે



કોલકત્તા, તા.૮

પશ્ચિમ બંગાળમાં આખરે ભારતીય જનતા પાર્ટીએ નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપ નેતા સુવેન્દુ અધિકારી રાજ્યના નવા મુખ્યમંત્રી બનશે. કોલકત્તામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં અધિકારીના નામની જાહેરાત કરવામાં આવી છે. ૯ મેએ સવારે ૧૧ કલાકે અધિકારી બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.અધિકારીના મંત્રીમંડળમાં કોણ સામેલ થશે હજુ તેના નામ સામે આવ્યા નથી.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી હતી. ચૂંટણીમાં ભાજપે ૨૦૭ સીટો કબજે કરી હતી. ભાજપે આઝાદી બાદ પ્રથમવાર વિધાનસભા ચૂંટણીમાં બહુમતી મેળવી છે. હવે પશ્ચિમ બંગાળમાં સુવેન્દુ અધિકારી પ્રથમવાર ભાજપ તરફથી મુખ્યમંત્રી બનશે.

સુવેન્દુ અધિકારીએ લગ્ન કર્યા નથી. તેમનો જન્મ ૧૫ ડિસેમ્બર ૧૯૭૦ના પૂર્વી મેદિનીપુરના કાંથીમાં થયો હતો. તેમનો પરિવાર રાજનીતિ સાથે જોડાયેલો છે. તેમના પિતા શિશિર અધિકારી બંગાળની રાજનીતિમાં મોટું નામ હતા. અધિકારી પર તેમના પિતાનો પ્રભાવ પડ્યો છે.

તેમણે પોતાના રાજકીય જીવનની શરૂઆત ૧૯૮૯મા કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠનથી કરી હતી. તેઓ ૧૯૯૫મા તે સમયે ચર્ચામાં આવ્યા જયારે કાંથી નગરપાલિકામાં સભ્ય તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૧૯૯૮મા જયારે ટીએમસીની શરૂઆત થઈ તો તેમાં જોડાયા હતા. ધીમે-ધીમે તેમણે રાજનીતિમાં પકડ બનાવી લીધી અને એટલા મજબૂત થઈ ગયા કે વર્ષ ૨૦૧૪મા જ્યારે મોદી લહેર હોવા છતાં પોતાની લોકસભા સીટ જીતી હતી. મમતા બેનર્જીએ તેમની ક્ષમતા પર ભરોસો કર્યો અને પરિવહન તથા સિંચાઈ જેવા મહત્વપૂર્ણ મંત્રાલય સોંપ્યા હતા. ૨૦૨૦મા સુવેન્દુ અધિકારીનો ટીએમસી મોહભંગ થઈ ગયો અને તેમણે ૨૦૨૦મા ટીએમસી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે નંદીગ્રામથી મમતા બેનર્જીને હરાવી દીધા હતા. આ જીત બાદ પાર્ટીએ તેમને બંગાળ વિધાનસભામાં વિપક્ષ નેતાની જવાબદારી આપી હતી.

હવે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં સુવેન્દુ અધિકકારીએ ૨ સીટો (નંદીગ્રામ અને ભવાનીપુર) થી ચૂંટણી લડી અને બંને પર જીત મેળવી છે. તેમણે ભવાનીપુર સીટથી રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીને હરાવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં ભાજપે નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લગાવી દીધી છે. શુભેંદુ અધિકારી બંગાળના નવા મુખ્યમંત્રી બનશે. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી હાસિલ કરનાર અધિકારીએ વિધાનસભા ચૂંટણીમાં નોમિનેશન સમયે ચૂંટણી પંચને આપેલા પોતાના એફિવેડિટમાં નેટવર્થનો ખુલાસો કર્યો અને તેમાં આપવામાં આવેલી જાણકારી પ્રમાણે તેમની કુલ નેટવર્થ ૮૫.૮૭ લાખ રૂપિયા છે. જ્યારે તેમના પર કોઈ દેવું નથી.

ચૂંટણી પહેલા અધિકારીની પાસે ૧૨૦૦૦ રૂપિયા રોકડા અને બેંક ખાતામાં આશરે ૭ લાખ રૂપિયા જમા હોવાની જાણકારી આપી હતી. આ સિવાય અન્ય યોજનામાં તેમણે લાખો રૂપિયાનું રોકાણ કર્યું છે. તેમની પાસે પોસ્ટલ સેવિંગ એકાઉન્ટમાં ૬૦ હજાર રૂપિયા, કિસાન વિકાસ પત્રમાં ૨.૬૦ લાખ રૂપિયા જમા કર્યા છે. આ સિવાય શેર અને બોન્ડ્સમાં આશરે ૧૪૦૦૦ રૂપિયા લગાવ્યા છે. અધિકારી પાસે છ એલઆઈસીની પોલીસી છે. તેમની પોલિસીમાં છ લાખ રૂપિયા જમા છે, જ્યારે અન્ય પાંચ પોલિસીમાં મળી કુલ ૭ લાખનું રોકાણ કર્યું છે. આ સિવાય તેમની પાસે કોઈ સોનું-ચાંદી કે કાર કે બાઈક નથી.

અધિકારીએ લગ્ન કર્યા નથી. તેમના ભાઈ સૌમેંદુ અધિકારી પણ ભાજપમાં છે. જ્યારે અન્ય ભાઈ ટીએમસી તરફથી સાંસદ રહી ચૂક્યા છે. તેમના પિતા શિશિર અધિકારી પણ રાજનીતિમાં સક્રિય રહ્યાં છે. શિશિર અધિકારી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે.

### ૩ ટુરિસ્ટ જીવતા બળી ગયા

## ઈન્ડોનેશિયામાં જ્વાળામુખીમાં પ્રચંડ વિસ્ફોટ, ૧૦ કિ.મી. ઊંચે રાખ ઊડી

ઈન્ડોનેશિયા, તા.૮

આજના સમયમાં સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે ખતરનાક સ્થળોએ ફોટો અને વીડિયો બનાવવાનો ક્રેઝ ક્યારેક જીવલેણ સાબિત થાય છે. ઈન્ડોનેશિયાના માઉન્ટ ડુકોનો જ્વાળામુખી પર આવી જ એક ઘટના બની છે. વહીવટીતંત્રની કડક ચેતવણી અને પ્રતિબંધ હોવા છતાં, ૨૦ પ્રવાસીઓ જ્વાળામુખીના જોખમી વિસ્તારમાં ચઢી ગયા હતા. આ દરમિયાન અચાનક જ્વાળામુખી ફાટતા આસમાનમાં રાખ અને ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જેમાં બે સિંગાપોરના પ્રવાસીઓ અને એક સ્થાનિક વ્યક્તિનો સમાવેશ થાય છે.

હલમહેરા ટાપુ પર સ્થિત માઉન્ટ ડુકોનો જ્વાળામુખીમાં શુક્રવારે મોટો વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે રાખના ધુમાડાના ગોટા લગભગ ૧૦ કિલોમીટરની ઊંચાઈ સુધી પહોંચી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, જયારે આ વિસ્ફોટ થયો ત્યારે પહાડ પર ૨૦ લોકો હાજર હતા, જેમાંથી ૯ સિંગાપોરના અને બાકીના ઈન્ડોનેશિયાના હતા. હાલમાં ૧૫ પર્વતારોહકો સુરક્ષિત રીતે નીચે ઉતરી આવ્યા છે, પરંતુ મૃતકોના મૃતદેહ હજુ પહાડ પર જ છે. આ પ્રવાસીઓને પ્રતિબંધિત વિસ્તારમાં લઈ જનાર ગાઈડ અને પોર્ટર સામે હવે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વૈજ્ઞાનિકો અને સંબંધિત વિભાગ (ફસ્મ્ય) દ્વારા ડિસેમ્બર મહિનાથી જ અહીં પ્રવાસીઓને ન આવવા માટે ચેતવણી આપવામાં આવી રહી હતી. જ્વાળામુખીના મુખથી ૪ કિલોમીટરના વિસ્તારમાં જવાની સખત મનાઈ હતી. પહાડના રસ્તાઓ પર ચેતવણી બોર્ડ પણ લગાવવામાં આવ્યા હતા, તેમ છતાં પ્રવાસીઓએ સોશિયલ મીડિયા માટે કન્ટેન્ટ બનાવવાના ચક્કરમાં આ જોખમને નજરઅંદાજ કર્યું હતું. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, વિદેશી પ્રવાસીઓ અવારનવાર રોમાંચ અને લાઈક્સ મેળવવા માટે આવા ખતરનાક સ્થળોએ જવાની ભૂલ કરે છે.

## યુક્રેનનો રશિયા પર અત્યાર સુધીનો બીજો સૌથી મોટો હુમલો

મોસ્કો, તા.૮

રશિયન હવાઈ સંરક્ષણ દળોએ સમગ્ર રાતમાં ૩૪૭ યુક્રેની ડ્રોન તોડી પાડયા હતાં તેમ રશિયાનાં સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે. આ એક મોટો હુમલો છે જે આ સપ્તાહની શરૂઆતમાં મોસ્કો દ્વારા કીવનાં યુદ્ધ વિરામનાં પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યા અને રશિયાનાં આગામી વિજય દિવસ સમારંભની સુરક્ષા અંગે વધેલી તંગદિલી પછી કરવામાં આવ્યો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયનાં જણાવ્યા અનુસાર મોસ્કો સહિત રશિયાનાં ૨૦થી વધારે ક્ષેત્રોમાં આવનારા ડ્રોનોને નષ્ટ કરવામાં આવ્યા છે. ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેનનો આ બીજો સૌથી મોટો હવાઈ હુમલો હતો. સૌથી મોટો હુમલો ગયા વર્ષે માર્ચમાં કરવામાં આવ્યો છે. જેમાં યુક્રેને રશિયામાં ૩૮૯ ડ્રોન લોન્ચ કર્યા હતાં. રશિયાની સમાચાર એજન્સીનાં જણાવ્યા અનુસાર મોસ્કોનાં ત્રણ મુખ્ય એરપોર્ટ શેરમેતયેવો, દોમોદેદવો અને વનુકોવોથી આવતી જતી લગભગ ૧૦૦ ફલાઈટ બપોર સુધી વિલંબિત રહી હતી અથવા રદ કરવામાં આવી હતી. આ હુમલો રશિયાનાં સૌથી મહત્ત્વપૂર્ણ વિજય દિવસ અગાઉ કરવામાં આવ્યો છે. આ દિવસ દ્વિતીય વિશ્વ યુદ્ધમાં નાઝી જર્મનીની હારની વર્ષગાંઠનાં રૂપમાં ઉજવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે રશિયન અધિકારીઓએ શુક્રવાર અને શનિવાર માટે યુક્રેનમાં એકતરફી યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. યુક્રેને પણ મંગળવાર રાતથી યુદ્ધ વિરામની જાહેરાત કરી હતી પણ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે આ પ્રસ્તાવ પછી પણ રશિયાએ નવા હુમલા શરૂ કરી દેતા અમને જવાબી કાર્યવાહીની ફરજ પડી હતી.

## વાહનો પર જાતિસૂચક શબ્દો લખશો તો થશે મોટો દંડ

નવી દિલ્હી, તા.૮

આમ તો સામાન્ય રીતે વાહન પર રજીસ્ટ્રેશન નંબર પ્લેટ અને જે-તે વાહન કંપનીનું નામ હોય છે, જ્યારે અન્ય કોઈ શબ્દો લખવા ગુનો બને છે. હાલના સમયમાં અનેક વાહનો પર જાતિસૂચક શબ્દો લખાયેલા જોવા મળે છે, ત્યારે હવે આવા શબ્દો વાહન પર લખાયેલા જોવા મળશે તો કડક દંડ ફટકારવાનો આદેશ અપાયો છે.

બિહારમાં પરિવહન વિભાગે તમામ વાહનો પરથી જાતિસૂચક શબ્દો હટાવવાનો કડક નિર્દેશ આપ્યો છે અને વાહન ચાલક નિયમનું ઉલ્લંઘન કરે તો બે હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ અપાયો છે. વિભાગે ચેતવણી આપી છે કે, તમામ વાહન માલિકો એક મહિનાની અંદર જાતિસૂચક શબ્દો અથવા સ્ટીકરો હટાવી દે. ત્યારપછી પોલીસ વિશેષ અભિયાન હાથ ધરીને તમામ વાહનોની કડકાઈથી તપાશ કરશે અને ઉલ્લંઘન કરનારને કડક દંડ ફટકારશે. આદેશમાં સ્પષ્ટ કહેવાયું છે કે, નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન માલિકોને મોટર અધિનિયમ-૧૯૮૮ની કલમ ૧૭૭ અને ૧૭૯ હેઠળ બે હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. વિભાગે તમામ વાહન માલિકોને નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં વાહનો પર જાતિસૂચક શબ્દો લખવા કે સ્ટીકરો લગાવવાનું ભારે ઘેલું છે, તેથી જ વિભાગ દ્વારા આવા કડક આદેશ જાહેર કરવામાં આવે છે. બિહાર પરિવિભાગે જાતિસૂચક શબ્દો હટાવવાનું કડકાઈથી પાલન કરવા માટે એઆઈ કેમેરાથી સજ્જ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ પર ઝડપી કામગીરી હાથ ધરી દીધી છે.

## તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે આજે વિજય શપથ ગ્રહણ કરશે

તમિલનાડુ, તા. ૮

તમિલનાડુમાં નવી સરકારની રચના અંગે ચાલી રહેલી અનિશ્ચિતતાના વાદળો આખરે દૂર થયા છે. TVK (તમિલગ વેટ્ટી કઝગમ) પ્રમુખ વિજયે શુક્રવાર, ૮ મે ૨૦૨૬ના રોજ રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર સાથે મુલાકાત કરી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે.



૨૩૪ બેઠકો ધરાવતી તમિલનાડુ વિધાનસભામાં સરકાર બનાવવા માટે ૧૧૮ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, વિજય પાસે હાલ ૧૨૧ ધારાસભ્યોનું સમર્થન છે.વિધાનસભા ચૂંટણીમાં ફ્દ્ધ ૧૦૮ બેઠકો જીતીને સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે. સરકાર રચવા માટે કોંગ્રેસના ૫ ધારાસભ્યો, CPIના ૨, CPI(M)ના ૨ અને VCK ના ૨ ધારાસભ્યોએ TVK ને સમર્થન જાહેર કર્યું છે.

રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે શુક્રવારે મોડી સાંજે વિજયને સરકાર બનાવવાનું સત્તાવાર આમંત્રણ આપ્યું હતું. વિજય ૯ મે, શનિવારના રોજ સવારે ૧૧ વાગ્યે જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક શપથ ગ્રહણ કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ હાજર રહી શકે છે.

અભિનેતામાંથી નેતા બનેલા વિજયની આ સફરે તમિલનાડુના રાજકારણને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. તેમની પાર્ટીએ યુવાનો, મહિલાઓ અને સામાન્ય જનતા વચ્ચે જબરદસ્ત લોકપ્રિયતા હાંસલ કરી છે. રાજ્યની જનતા હવે વિકાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર જેવા મુદ્દાઓ પર નવી સરકાર પાસે મોટી અપેક્ષાઓ રાખી રહી છે. શનિવારનો દિવસ તમિલનાડુ માટે ખરેખર ઐતિહાસિક સાબિત થશે, કારણ કે રાજ્યને એક નવો અને યુવા ચહેરો મુખ્યમંત્રી તરીકે મળવા જઈ રહ્યો છે.

## હોર્મુઝ સ્ટ્રેટમાં ગુજરાતનું જહાજ ડૂબ્યું ખલાસીનું મોત : ૧૭ને બચાવી લેવાયા

ઈરાન, તા. ૮

આંતરરાષ્ટ્રીય જળસીમામાં ચાલી રહેલા તણાવનો ભોગ હવે ગુજરાતના સાગરખેડૂઓ બની રહ્યા છે. ગત ૭મી મેના રોજ સ્ટ્રેટ ઓફ હોરમુઝ માં ઈરાન અને અમેરિકાની નેવી વચ્ચે થયેલા ભીષણ ગોળીબારમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાનું એક માલવાહક વહાણ ડૂબી ગયું છે. આ ઘટનામાં વહાણના એન્જિન રૂમમાં ફરજ બજાવતા અલ્તાફ તાલબ કેર નામના ખલાસીનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૧૭ ખલાસીઓનો ચમત્કારિક બચાવ થયો છે.



સલાયાનું માલવાહક વહાણ MSV AL FAIZE NOORE SULEMANI-I (રજિસ્ટ્રેશન નં: BDI-1494) ૭ મેના રોજ દુબઈથી જનરલ કાર્ગો ભરીને યમનના મુકાલા બંદર તરફ જઈ રહ્યું હતું. આ વહાણ પર એક ટંડેલ સહિત કુલ ૧૮ ખલાસીઓ સવાર હતા. વહેલી સવારે આશરે ૧:૦૦ વાગ્યે જયારે વહાણ હોરમુઝની સામુદ્રધુનીમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અચાનક ઈરાની અને યુએસ નેવી વચ્ચે સામસામે ફાયરિંગ શરૂ થયું હતું.

આ ક્રોસ ફાયરિંગની ઝપેટમાં ગુજરાતનું વહાણ આવી ગયું હતું. ગોળીબારને કારણે વહાણને ગંભીર નુકસાન થયું હતું અને તેમાં પાણી ભરાવા લાગતા તે ડૂબવા લાગ્યું હતું. આ અફરાતફરી વચ્ચે એન્જિન રૂમમાં હાજર અલ્તાફ તાલબ કેર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

દ્વારકાથી ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી આદમ ભાયાએ કહ્યું કે વહાણ ફેઝે નૂરે સુલેમાની-૧ના માલિક તરફથી માહિતી પ્રાપ્ત થઈ કે, આ વહાણમાં કુલ ૧૮ માણસો તારીખ ૭ મે ૨૦૨૬ના રોજ દુબઈથી જનરલ કાર્ગો લોડ કરી અને યમન માટે નીકળ્યા હતા. રાત્રે ૧૨થી ૧ની વચ્ચે જે અમેરિકાની ત્રણ નેવી શીપ બીજી એક અમેરિકન શિપને એસ્કોર્ટ કરીને જતી હતી, એની પાછળ જ અમારું વહાણ હતું. આ દરમિયાન અચાનક ઈરાન અને યુએસની નેવી વચ્ચે ડ્રોન અને રોકેટથી ફાયરિંગ થવા લાગ્યું. એમાં એક ડ્રોન આવીને આ વહાણ પડ્યું, જેમાં અલતાફ તાલબ કેર નામના એન્જિન ડ્રાઈવરનું મોત થયું છે અને બાકીના ૧૭ ખલાસીઓને 'પ્રેમ સાગર' નામના સલાયાના જ એક વહાણથી બધાને રેસ્ક્યુ કરીને દુબઈ તરફ લઈ ગયા છે. અને આ માહિતી એસોસિએશનને વહાણના માલિકે આપી છે અને એના આધારે અમે કન્સર્ન ડિપાર્ટમેન્ટને જાણ કરી છે."

વહાણ ડૂબવા લાગતા અન્ય ખલાસીઓએ જીવ બચાવવા માટે મથામણ શરૂ કરી હતી. સદનસીબે, નજીકથી પસાર થઈ રહેલા અન્ય એક વહાણ 'સ્જીફ પ્રેમ સાગરૈ-' એ મદદનો હાથ લંબાવ્યો હતો. આ વહાણે ડૂબી રહેલા ૧૭ ખલાસીઓને રેસ્ક્યુ કરી લીધા હતા. બચાવવામાં આવેલા તમામ ખલાસીઓ ૮ મેના રોજ મોડી સાંજે સુરક્ષિત રીતે દુબઈ પોર્ટ પર પહોંચ્યા છે.

### ટ્રમ્પે કાર્યવાહીને ગણાવી 'લવ ટેપ'

## ઈરાનના કેશમ અને અબ્બાસ બંદર પર અમેરિકાના ભીષણ હુમલા

વોશિંગ્ટન, તા.૮

અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર હોવા છતાં બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકન ડિસ્ટ્રોયર (યુદ્ધ જહાજો) ને નિશાન બનાવીને મિસાઈલ હુમલા કર્યા બાદ અમેરિકાએ આક્રમક જવાબી કાર્યવાહી કરી છે. અમેરિકન સેનાએ ઈરાનના કેશમ અને બંદર અબ્બાસ સ્થિત સૈન્ય ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાઓને 'લવ ટેપ' ગણાવી ઈરાનને કડક ચેતવણી આપી છે.અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, ૭ મેના રોજ જયારે અમેરિકન નૌકાદળના ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર હોર્મુઝ સ્ટ્રેટના આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ઈરાને ડ્રોન, મિસાઈલો અને નાની નૌકાઓ મોકલીને તેમને નિશાન બનાવ્યા હતા. અમેરિકાએ આ તમામ ખતરાઓને નષ્ટ કરીને ઈરાનના તે સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો જ્યાંથી મિસાઈલ અને ડ્રોન લોન્ચ કરવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને ગુપ્તચર સર્વેલન્સ કેન્દ્રોને પણ ધ્વસ્ત કરવામાં આવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિક્રિયાટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે અમેરિકાના ત્રણ વિશ્વસ્તરીય ડિસ્ટ્રોયર સુરક્ષિત રીતે પસાર થયા છે. તેમણે કહ્યું કે ઈરાની ડ્રોનને હવામાં જ સળગાવી દેવામાં આવ્યા હતા, જે સમુદ્રમાં કોઈ પતંગિયું પોતાની કબર તરફ જતું હોય તેમ પડતા દેખાયા હતા. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે ઈરાન કોઈ સામાન્ય દેશ નથી અને ત્યાંનું નેતૃત્વ યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી.અમેરિકી હુમલા બાદ ઈરાને તેની રાજધાની તેહરાનમાં એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દીધી છે. ઈરાની અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે અમેરિકાએ સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે અને સામાન્ય નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરવાની તૈયારી દર્શાવી છે. દરમિયાન, સમાચાર મળ્યા છે કે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પશ્ચિમ એશિયા માટે ૨૫.૮ અબજ ડોલરના હથિયાર પેકેજને મંજૂરી આપી દીધી છે, જે સૂચવે છે કે સ્થિતિ આગામી દિવસોમાં વધુ ગંભીર બની શકે છે.

### INDIA ગઠબંધનમાં ભંગાણ

## કોંગ્રેસે વિજય સાથે હાથ મિલાવતા DMK લાલઘૂમ

ચેન્નાઈ, તા.૮

રાષ્ટ્રીય સ્તરે ભાજપ સામે લડવા માટે બનેલા વિપક્ષી ગઠબંધન INDIAના ભવિષ્ય પર હવે સવાલો ઊભા થયા છે. તમિલનાડુમાં દાયકાઓ જૂની મિત્રતા તોડીને કોંગ્રેસે અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK) સાથે હાથ મિલાવતા DMK નારાજ થયું છે. આ બદલાયેલા રાજકીય સંજોગોને ધ્યાનમાં રાખીને DMK એ હવે લોકસભામાં કોંગ્રેસની સાથે બેસવાનો ઈનકાર કરી દીધો છે.

DMKના સાંસદ કનિમોઝી કરુણાનિધિએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને એક પત્ર લખીને વિનંતી કરી છે કે ગૃહમાં DMK સાંસદોની બેઠક વ્યવસ્થા બદલવામાં આવે. પત્રમાં તેમણે સ્પષ્ટપણે બદલાયેલા રાજકીય સંજોગો અને કોંગ્રેસ સાથે ગઠબંધનનો અંત આવ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. કનિમોઝીએ જણાવ્યું છે કે હવે કોંગ્રેસની બાજુમાં બેસવું યોગ્ય નથી, તેથી DMKના ૨૨ સાંસદો માટે અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવે જેથી તેઓ ગૃહમાં પોતાની જવાબદારીઓ અસરકારક રીતે નિભાવી શકે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે બે દિવસ પહેલા કોંગ્રેસે તમિલનાડુમાં સત્તા મેળવવાના હેતુથી DMKને છોડીને વિજયની પાર્ટી TVK સાથે ગઠબંધન કરવાનો નિર્ણય લીધો. ફ્સ્દ્ધના નેતાઓએ આ પગલાને પીઠમાં છરો ભોંકવા સમાન ગણાવ્યું છે. આ ઘટનાક્રમ બાદ INDIA ગઠબંધનના અન્ય પક્ષોમાં પણ વિખવાદ જોવા મળી રહ્યો છે. કેટલાક નેતાઓ તેને રાજકીય રણનીતિ કહી રહ્યા છે, તો કેટલાક તેને વિશ્વાસઘાત ગણાવી રહ્યા છે. ગઠબંધનમાં પડી રહેલી તિરાડો વચ્ચે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પણ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે તેઓ એવા લોકોમાંથી નથી જે મુશ્કેલ સમયમાં સાથીઓને છોડી દે છે. આવતા વર્ષે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, ત્યારે અખિલેશનું આ નિવેદન ઘણું મહત્ત્વ ધરાવે છે. આ ઘટનાક્રમો સૂચવે છે કે INDIA ગઠબંધનમાં અત્યારે બધું બરાબર નથી અને આગામી સમયમાં વિપક્ષી એકતા માટે મોટા પડકારો ઊભા થઈ શકે છે.

## ઈરાન યુદ્ધ વચ્ચે ટ્રમ્પને મોટો ફટકોઃ ૧૦% ગ્લોબલ ટેરિફ રદ

વોશિંગ્ટન, તા.૮

ઈરાન સાથેના યુદ્ધની સ્થિતિ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓને મોટો કાયદાકીય ફટકો પડ્યો છે. અમેરિકન ટ્રેડ કોર્ટે ટ્રમ્પ પ્રશાસન દ્વારા લાદવામાં આવેલા તાજેતરના ૧૦% ગ્લોબલ ટેરિફને ગેરબંધારણીય અને ગેરકાનૂની ગણાવ્યા છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે ૧૯૭૦ના દાયકાના વેપાર કાયદાનો ઉપયોગ કરીને આટલા વ્યાપક ટેક્સ લાદવા ઉચિત નથી.ફેબ્રુઆરી મહિનામાં ટ્રમ્પે 'ટ્રેડ એક્ટ ૧૯૭૪' ની કલમ ૧૨૨ નો સહારો લઈને આ ટેરિફ લાગુ કર્યા હતા. આ કલમ હેઠળ માત્ર 'પેમેન્ટ ડેફિસિટ' (ચુકવણી સંતુલન ખાધ) અથવા ડોલરની કિંમતમાં ભારે ઘટાડા જેવી કટોકટીમાં જ ૧૫૦ દિવસ માટે શુલ્ક લાદવાની મંજૂરી મળે છે. જોકે, ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટે ૨-૧ ની બહુમતીથી ચુકાદો આપ્યો કે પ્રમુખએ આ દાયકાઓ જૂના કાયદાનો ખોટો ઉપયોગ કર્યો છે. અમેરિકા હાલમાં કોઈ પેમેન્ટ સંકટનો સામનો કરી રહ્યું નથી, તેથી આ પગલું ગેરકાનૂની છે.કોર્ટે આ મામલે મહત્વનો આદેશ આપતા જણાવ્યું છે કે જે પક્ષકારોએ આ ટેરિફને પડકાર્યો હતો, તેમને આગામી ૫ દિવસની અંદર વસૂલવામાં આવેલા ટેક્સના નાણાં પરત કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે ૨૪ રાજ્યો અને અનેક નાના ઉદ્યોગ સાહસિકોએ આ ટેક્સ સામે મોરચો માંડ્યો હતો. જોકે, સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રો પરના ટેરિફ હાલમાં ચાલુ રહેશે કારણ કે તેઓ સુપ્રીમ કોર્ટના આ ડાયરામાં આવતા નથી.

## સુપ્રીમ કોર્ટના પેન્ડિંગ કેસોનું નિરાકરણ લાવવા માટે વિશેષ લોક અદાલત યોજાશે

ભાવનગર, તા.૮

ભાવનગર જિલ્લા સહિત દેશભરના પક્ષકારોના સુપ્રીમ કોર્ટમાં લાંબા સમયથી ચાલી રહેલા પેન્ડિંગ કેસોના નિરાકરણ માટે સુપ્રીમ કોર્ટના પરિસરમાં વિશેષ લોક અદાલતનું આયોજન કરાયું છે.સુપ્રીમ કોર્ટ દ્વારા ન્યાય પ્રણાલીને વધુ વ્યાપક, સરળ અને લોકાભિમુખ બનાવવા સમાધાન સમારો-૨૦૨૬ (વિશેષ લોક અદાલત)નું આયોજન કરાયું છે. જેની શરૂઆત ૨૧ એપ્રિલથી થઈ છે અને સમાપન તા.૨૧-૮થી તા.૨૩-૮ સુધી સુપ્રીમ કોર્ટના પરિસરમાં યોજાનારી વિશેષ લોક અદાલત સાથે થશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ પક્ષકારો વચ્ચે સહમતી દ્વારા લાંબા સમયથી ચાલતા વિવાદોનો ઝડપી અંત લાવી ન્યાય સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**૩-ફેઝ ઈલેક્ટ્રિક લોકોમોટિવ્ઝ પર અપગ્રેડેડ રિમોટ મોનીટરીંગ સિસ્ટમની જોગવાઈ**

**ઈ-ટેન્ડર નં. એમ-ઈએલએસ-વીટીએ-૨૬-૨૭-આરએમએસ, તારીખઃ ૦૭.૦૫.૨૦૨૬**

**કામનું નામઃ** ઈલેક્ટ્રિકલ લોકો શેડ, વટવામાં એપ્રિલ ૨૦૨૪ માં ઈશ્યુ કરાયેલ CLW/C-D&D/ES/3/0554 (શીર્ષક - થ્રી ફેઝ ના લોકોમોટિવ્ઝ માટે ડેટા પુનઃપ્રાપ્તિ અને વિશ્લેષણાત્મક સિસ્ટમના ટેકનિકલ સ્પષ્ટીકરણના નિયંત્રણ કાર્યાલય ઉપકરણો) અથવા અદ્યતન મુજબની સુવિધાઓ સહિતની ૩-ફેઝ ઈલેક્ટ્રિકલ લોકોમોટિવ્ઝ પર અપગ્રેડ કરાયેલ રિમોટ મોનીટરીંગ સિસ્ટમ (RMS) ની જોગવાઈ. **કામની અંદાજીત પડતરઃ** ₹ ૨૨,૮૮,૬૮૨/- (તમામ ટેક્સ/જીએસટી સહિત) **ટેન્ડર દસ્તાવેજની પડતરઃ** શૂન્ય **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ ૪૫,૮૦૦/- **પૂર્ણ કરવાનો સમયગાળોઃ** ૬ મહિના **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખઃ** તા.૨૯-૦૫-૨૦૨૬ ના ૧૪:૦૦ કલાકે **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in **ટેન્ડર આમંત્રિત કરનાર અધિકારી અને તેમનું સંપૂર્ણ સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ મિકેનીકલ એન્જીનીયર, ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવા, સિની. ડીએમઈ/ઈએલએસ/વીટીએ ની ઓફિસ, ઈલેક્ટ્રીક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલવે, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૫.

ADI-027

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પ્રભાત

# પરાજયમાં હતાશા અને વિજયમાં ઉન્માદ ચિંતાજનક

ચૂંટણી પ્રક્રિયા લોકશાહી શાસન પ્રણાલીમાં મહત્વનો ભાગ છે. ચૂંટણીમાં જય-પરાજય કે ઓછી બેઠકો મળવી બાબત સ્વભાવિક ગણાવી શકાય. આ સ્થિતિ રાજકીય પક્ષો માટે ઉતાર-ચઢાવ જેવી હોય છે. ભારતની લોકશાહીની ખાસીયત આ છે કે, જનાદેશનો દરેક રાજકીય પક્ષે વિનમ્રતા પૂર્વક સ્વીકાર કરવો પડે છે. ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો દ્વારા એક બીજા પર કાદવ ઉછાળવામાં આવતો હોય છે જે બાબત લોકશાહી માટે ચિંતાજનક ગણાવી શકાય.

પરંતુ હવેના સમયમાં ચૂંટણીમાં કોઇપણ પક્ષનો પરાજય થતા તે પક્ષના ઉચ્ચ નેતા આ પરાજયને સ્વીકારી શકતા નથી બીજી તરફ જે પક્ષનો ચૂંટણીમાં વિજય થાય છે તે પક્ષના નેતાઓ વિજયના ઉન્માદમાં સરી પડે છે દેશ અને લોકશાહી માટે આ બન્ને સ્થિતિ સારી નથી. એક સમય એવો હતો કે, દેશના અમુક રાજ્યો ચૂંટણી પહેલા અને ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ત્યાં જરૂર હિંસા થાય છે તેમ કહેવાનું હતું. અલબત્ત કાયદાની સ્થિતિ વધુ મજબૂત થઇ ત્યારબાદ આ રાજ્યોમાં રાજકીય હિંસાનું પ્રણાણ ઘટ્યું હતું પરંતુ પશ્ચિમ બંગાળ આ બાબતમાં અપવાદ રૂપ રહ્યું છે.

આ બાબત યોગ્ય છે કે, સુરક્ષા દળોએ એક મર્યાદા સુધી પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમ્યાન થતી હિંસાને સારી રીતે અટકાવી છે. પરંતુ પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવ્યા પછી હિંસાના જે સંકેત મળ્યા છે તે ખરેખર ચિંતાજનક છે.

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી પદના દાવેદાર અને ભાજપના નેતા સુવેન્દુ અધિકારીના પીએ સહિત અલગ અલગ ઘટનાઓમાં માત્ર ૨૪ કલાકમાં પાંચ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી.

આ વાત માત્ર પશ્ચિમ બંગાળ સુધી સિમિત નથી. ચૂંટણીના પરિણામો પછી કોઇપણ રાજ્યમાં હિંસા થાય તે ચલાવી લેવાય નહીં અને રાજકીય પક્ષોએ આ વાત યોગ્ય રીતે સમજી લેવી જોઇએ કે જનાદેશ પ્રથમ ક્રમે છે.

હારજીત માટે આરોપ અને પ્રત્યારોપ લગાવી શકાય પરંતુ વિજય મળ્યા બાદ અતિરેક કરવામાં આવે તો સંઘર્ષને ટાળવો મુશ્કેલ થાય છે. આ સંઘર્ષ હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે.

પશ્ચિમ બંગાળમાં પરિણામો પછી જે હિંસાની ઘટનાઓ બની છે તે હાર-જીતની પ્રક્રિયા સ્પરૂપમાં જોવામાં આવે છે. સામાન્ય રીતે ભલે કોઇપણ પક્ષ કહે કે, અમે આ રાજકીય હિંસા કરાવી નથી પરંતુ પ્રજા દરેક બાબત સારી રીતે સમજી શક્તિ હોય છે.

સ્વસ્થ લોકશાહીમાં આ વાત પણ એટલી યોગ્ય છે કે, ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી કોઇ પણ રાજકીય પક્ષ મન મોટું રાખીને વિરોધ પક્ષ સામે બદલો લેવાની વૃત્તિ ન રાખે જ્યારે જે પક્ષનો પરાજય થયો છે તેમણે પણ પરાજયનો સ્વીકાર કરવો જોઇએ અને આ મળેલા પરાજયની નાસીપાસ થઇને વિજયી થયેલા પક્ષના નેતા કે, કાર્યકર વગેરેની હત્યા કરવી જોઇએ નહીં.

હારનો સ્વીકાર ન કરવો, ઇવીએમ તથા ચૂંટણી પ્રક્રિયા પર કોઇ નક્કર આધાર પૂરાવા વગર પ્રશ્નો ઉભા કરવા વગેરે બાબત જનાદેશનું અપમાન થયું છે તેમ ગણાવી શકાય.

આથી છેવટે નુકસાન પ્રજાને જ થાય છે જેમણે મત આપીને પોતાના નેતાઓને ચૂંટ્યા હોય છે. રાજકીય પક્ષોની પરસ્પર લડાઇમાં પ્રજાના પ્રશ્નો પ્રત્યે યોગ્ય રીતે ધ્યાન આપી શકાતું નથી વિજયમાં વિનમ્રતા અને પરાજયમાં મર્યાદાની જરૂર હોય છે. રાજકીય પક્ષોએ હવે આ મામલે લક્ષ્મણ રેખા દોરવાનો સમય આવી ગયો છે. હાર અને જીતને પચાવી જાણવી એ જીવનની સૌથી મોટી કળા છે.

જ્યારે ચૂંટણીમાં વિજય મળે ત્યારે જીતેલા ઉમેદવારને અહંકાર આવવો ન જોઇએ ઘણા લોકો ચૂંટણીમાં મળેલા વિજય પછી છાકટા અને અભિમાની બની જતા હોય છે પરંતુ સાચો વ્યક્તિ આ છે કે, સફળતામાં પણ વિનમ્રતા રાખે અને પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં ધ્યાન આપે. જ્યારે કોઇપણ ઉમેદવારને ચૂંટણીમાં નિષ્ફળતા મળે તો તેમણે નિરાશ થઇને હથિયાર હેઠા મૂકવા ન જોઇએ હાર એ અંત નથી પરંતુ શીખવાની વધુ એક તક છે જે વ્યક્તિ હારને હસતા મુખે સ્વીકારી તેમાંથી બોધપાઠ લે છે તે ભવિષ્યમાં મોટી સફળતા મેળવી શકે છે.

ચૂંટણીના મેદાનમાં ઉતરેલો વ્યક્તિ જો જીત કે હારને મન પર લઇ લે તો તે તેની કુશળતા ગુમાવે છે પરંતુ તે બંને સમાન ગણે તો તે લાંબી રેસનો ઘોડો બની શકે છે પરિણામ ગમે તે આવે મહેનત અને શીખવાની વૃત્તિ અટકવી જોઇએ નહીં.

પશ્ચિમ બંગાળની રાજનીતિમાં લાંબા સમયથી એવી વૃત્તિ ઉભી થઇ છે કે, જે પક્ષ વિજય મેળવશે તે બધુ નિયંત્રિત કરશે આથી પશ્ચિમ બંગાળમાં વારંવાર હિંસા આ માટે થાય છે કે, રાજકીય પક્ષો પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા માગતા હોય છે.

પશ્ચિમ બંગાળમાં પાયાના સ્તરેથી કાર્યકર્તાઓ વધુ સક્રિય હોય છે આથી પરસ્પર ટકરાવ થવાની શક્યતાઓ વધતી હોય છે. પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણી હોય કે, વિધાનસભાની ચૂંટણી હોય મતદાન મથકો તથા અન્ય સ્થળે વિરોધ પક્ષના કાર્યકરો કે અગ્રણીની હત્યા થતી જ હોય છે. બીજી તરફ આ પ્રદેશમાં એવું જોવા મળતું હોય છે કે સામાન્ય રીતે સત્તાધારી પક્ષને જ્યારે એમ લાગે કે અન્ય પક્ષોનું રાજ્યમાં મહત્વ વધ્યું છે ત્યારે તેઓ મતદારોને પણ બીક બતાવતા હોય છે. પશ્ચિમ બંગાળમાં જાતીય ધ્રુવીકરણ પણ નોંધપાત્ર રીતે વધ્યું છે આથી અમુક ચોક્કસ વર્ગના લોકો માત્ર પોતાના પસંદગીના પક્ષ તરફેણમાં મતદાન કરતા હોય છે. પશ્ચિમ બંગાળની સરહદ બાંગ્લાદેશની નજીક છે આથી સરહદ નજીકના વિસ્તારોમાં ઘુસણખોરી વધી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિરના નવા સંકુલનું ભૂમિપૂજન સંપન્ન

અમદાવાદ,તા.૦૮

આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા અમદાવાદમાં ગોધાવી ખાતે નિર્માણ પામનારા નવા શૈક્ષણિક સંકુલ 'શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર'નું ભૂમિપૂજન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયું હતું. “ “આ ભૂમિપૂજન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શિક્ષણને રાષ્ટ્ર નિર્માણનું શક્તિશાળી માધ્યમ બનાવવામાં આવ્યું છે. જ્યારે શિક્ષણમાં સંસ્કાર, આધ્યાત્મિકતા અને આધુનિકતાનો સમન્વય થાય છે ત્યારે જ જવાબદાર નાગરિકનું ઘડતર થાય છે. “સાણંદ વિસ્તાર આજે વિશ્વના નકશા પર સેમીકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યો છે, ત્યારે શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર જેવી સંસ્થાઓ નવી પેઢીને ઈનોવેટિવ સ્કિલ્સ અને વેલ્યુ બેઝ્ડ એજ્યુકેશન આપીને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઉભરતી ઉજ્જવળ તકો માટે તૈયાર કરશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.“““રાજ્યમાં શિક્ષણના સર્વાંગી વિકાસ અંગે જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર શિક્ષણ પાછળ રૂ. ૬૩ હજાર કરોડ જેટલું માતબર બજેટ ફાળવીને 'જ્ઞાનશક્તિ'થી વિકસિત ગુજરાતના પાયા મજબૂત કરી રહી છે. દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલી બનાવેલી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' જેવી યોજનાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારના આવા વિઝનરી અભિગમમાં આ શૈક્ષણિક સંકુલ મહત્વપૂર્ણ યોગદાન આપશે. “““આ પ્રસંગે સંસ્થાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલી 'ઈન્ટ્યુશન પ્રોસેસ'ના નિદર્શનની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના યુગમાં યોગ અને જ્ઞાન દ્વારા બાળકોમાં ચેતના જગાડવાનું કાર્ય અભિનંદનને પાત્ર છે. વર્ષ




૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણના સંકલ્પને સાકાર કરવા માટે આ સંસ્થા ભાવી પેઢીનું શ્રેષ્ઠ ઘડતર કરશે તેવી મુખ્યમંત્રીશ્રીએ શુભકામનાઓ પાઠવી હતી.“““આ પ્રસંગે સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે સંસ્થાને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ શૈક્ષણિક સંકુલ દ્વારા વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. શિક્ષણ સાથે સંસ્થાની આધ્યાત્મિક તાલીમ બાળકોમાં એકાગ્રતા વધારવા સાથે યોગ્ય સંસ્કારોનું સિંચન કરીને અદભૂત ક્ષમતાઓ વિકસાવે છે, જે તેમને સર્વાંગી વિકાસ સાધવા અને જીવનમાં આગળ વધવા માટે પથદર્શક સાબિત થાય છે એમ તેમણે ઉમેર્યું હતું.“““

અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આશીર્વાદ સાથે અમદાવાદમાં ગોધાવી ખાતે હાલમાં કાર્યરત શૈક્ષણિક સંકુલ ઉપરાંત નવું નિર્માણ પામનાર આ નવું એજ્યુકેશન કેમ્પસ એક સર્વસમાવેશક શિક્ષણ પરિસર તરીકે વિકસિત થશે, જેમાં ઝમ્જીઈ આધારિત અભ્યાસક્રમની સાથે ધ્યાન, પ્રાણાયામ અને મંત્રોચ્ચાર જેવી યોગિક પદ્ધતિઓ દ્વારા માનવ મૂલ્યોનું સંવર્ધન કરવામાં આવશે. “આ કેમ્પસમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સ્પોર્ટ્સ એકેડેમી, સંગીત-નૃત્ય અને નાટ્યકલા માટે પર્ફોર્મિંગ એન્ડ ક્રિએટિવ આર્ટસ એકેડેમી, વૈજ્ઞાનિક અભિગમ માટે ટેકનોલોજી અને ઈનોવેશન એકેડેમી તેમજ નેતૃત્વના ગુણો વિકસાવવા માટે બિઝનેસ એકેડેમી જેવી વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. “આ પ્રકલ્પ દ્વારા પરંપરા અને આધુનિકતાના સંગમ સાથે એક એવું ભવિષ્યલક્ષી શિક્ષણ પર્યાવરણ પૂરું પાડવાનો સંસ્થાનો સંકલ્પ છે, જ્યાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રગતિની સાથે જીવનકૌશલ્ય અને મજબૂત મૂલ્યવ્યવસ્થામાં પણ પારંગત બને.

શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિરના નવા સંકુલના ભૂમિપૂજન પ્રસંગે સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, અગ્રણીઓ સર્વે શ્રી રોહિતભાઈ ચોકસી, શ્રી શૈલેષભાઈ દાવડા, શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર સંસ્થાના ટ્રસ્ટી ગણશ્રી મેહુલભાઈ પરીખ, શ્રી નિલેશભાઈ દેસાઈ, શ્રી ઉલ્લાસભાઈ શાહ, શ્રી ધ્રુવભાઈ શાહ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી ચેતનભાઈ ગુંદેલા, શિક્ષક ગણ સહિત સંસ્થાના શ્રી હિમાબેન પરીખ, પારૂલબેન મોદી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.“

### સિંચાઈ માટે ખેડૂતોને કુવા ઊંડા કરવાની નોબત આવી

# છોટાઉદેપુરમાં તળાવ છલોછલ પણ કેનાલો તૂટેલી હાલતમાં

છોટાઉદેપુર,તા.૦૮

છોટાઉદેપુર જિલ્લાના ઘણાં ગામડાંઓમાં રોડ-રસ્તા અને પાણી સંબંધિત સમસ્યાના કારણે સ્થાનિકોને હાલાકી પડતી હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. છોટાઉદેપુર તાલુકાના ઓલીઆંબા, નાલેજ, પાદરવાંટ જેવા અનેક ગામોમાં સિંચાઈના પાણીના અભાવે ખેડૂતોના ખેતરોમાં આવેલા પાણીના કુવાના જળસ્તર નીચા જતા ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. ખેતી માટે પાણી મેળવવા માટે ખેડૂતો દ્વારા કુવા ઊંડા કરવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા નાલેજ ગામે તળાવમાં પાણી પૂરું પાડવામાં આવે છે. હાલ તો તળાવ છલોછલ છે, પરંતુ ખેડૂતોના ખેતરો નજીક પાણી પૂરું પાડવામાં આવતી કેનાલો જર્જરિત હાલતમાં હોવાથી પાણી પહોંચાડી શકાતું નથી. આ પરિસ્થિતિ વચ્ચે પાણીના સ્ત્રોત તરીકે કુવા આધારિત ખેતી કરતાં ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતાં તેઓ ચિંતામાં મૂકાયા છે. ઉનાળાની કાળઝાળ ગરમીની સ્થિતિમાં કુવામાં પાણીના જળસ્તર નીચા જવા માંડે છે.

આ દરમિયાન ઉનાળુ પાકને પૂરતા પ્રમાણમાં પાણી ન મળતાં ખેડૂતોને મોલ સુકાઈ જવાનો ડર ઉભો થાય છે. તેવામાં ખેતી માટે એકમાત્ર સહારા સમાન કુવાના જળસ્તર નીચે જતાં ખેડૂતોને કુવા ઊંડ કરવાની ફરજ પડી રહી છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે, છોટાઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ કેનાલોની મરામત કરતું નથી. વર્ષોથી કેનાલો બિસ્માર હાલતમાં છે, જેના કારણે ખેડૂતો સુધી પાણી પહોંચતું નથી. આ બધા વચ્ચે ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે.આ મામલે સિંચાઈ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, કેનાલ રિપેરિંગની કામગીરી કરવા સરકારમાં મંજૂરી માટે મોકલ્યું છે. આમ, મંજૂરી મળ્યા બાદ કેનાલ રિપેરિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

# વડતાલધામમાં તારીખ ૭ થી ૧૦ મે સહજાનંદી બાળ યુવા શિબિરનો દશાબ્દી પ્રારંભ

આણંદ,તા.૦૮

વડતાલ ધામ.... શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ધામમાં તારીખ ૭ ને ગુરૂવાર ના રોજ થી ૧૦મે સુધી સહજાનંદી બાળ યુવાશિબિર દશાબ્દી આયોજન કરવામાં આવ્યું છે્ આ બાળ યુવા શિબિરમાં સમગ્ર ગુજરાતના વડતાલ દેશના ચરોતર અમદાવાદ વડોદરા મુંબઈ સુરત વગેરે સ્થળો એથી ૪૦૦૦ ઉપરાંત શિબિરાથીઓ ઉત્સાહ ભેર ભાગ લેવા આવી પહોંચ્યા છે ્શિબીરાથીઓ માટે ગોમતી તીરે શ્રી હરિકૃષ્ણ યાત્રીક ભુવનમાં એસી રૂમોની વ્યવસ્થા કરવામાં આવી છે. વડતાલ મંદિરના ચેરમેન ડોકટર સંતવલ્લભદાસજીસ્વામીએ જણાવ્યું હતું કે વેકેશનમાં બાળકો સમયનો સદુપયોગ કરે અને બાળકોમાં સંસ્કાર નું સિંચન થાય તે માટે વડતાલ ધામમાં સહજાનંદી બાળ યુવા શિબિર ૧૦ નું આયોજન કરવામાં આવેલ છે્ આ શિબિરમાં બાળકોને યોગ, પ્રાણાયામ. માતૃ પિતૃ વંદના, ગૌ પૂજન, રમતોત્સવ, સમુહ પૂજા તથા સંસ્કાર પ્રેરક કથા વાર્તા્ રાસોત્સવ, અને વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા ઘનશ્યામ ચરિત્રો ની કથા નુ રસપાન કરાવવામાં આવશે. આ શિબિરમાં પૂજ્ય મોટા લાલજી સૌરભપ્રસાદજી ઉપસ્થિત રહી શિબિરાથિ ઓને આશીર્વચન શિબિર સ્થળ છે હરિકૃષ્ણ ભોજના લય ત્રીજો માળ નુતન રવિ સભા એસી હોલ વડતાલધામશ્રી સમગ્ર શિબિરની વ્યવસ્થા અને સંચાલન પૂજ્ય શ્યામ વલ્લભ સ્વામી ગુણસાગર સ્વામી , નારાયણચરણ સ્વામી તથા ગોપાલ ભગત વગેરે યુવા સંતો પાર્ષદો કરી રહ્યા છે.

# આરોગ્ય પ્રભાત

## એમએસડી ઈન્ડિયાએ માધુરી દિક્ષિત સાથે સર્વાઈકલ કેન્સર જાગૃતિ અભિયાન શરૂ કર્યું

એમએસડી (જેને યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાં મર્ક એન્ડ કંપની, ઈંક., રહવે, એન.જે., યુએસએ તરીકે ઓળખવામાં આવે છે) એ આજે ભારતમાં તેના સર્વાઈકલ કેન્સર જાગૃતિ અભિયાનની શરૂઆતની જાહેરાત કરી. આ અભિયાન પ્રખ્યાત અભિનેત્રી, જાહેર વ્યક્તિત્વ અને માતા માધુરી દિક્ષિત નેનેના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલનો હેતુ મહિલાઓના પ્રતિરોધાત્મક આરોગ્ય અંગેની ચર્ચાઓને આગળ લાવવાનો છે અને સમગ્ર ભારતની મહિલાઓ અને માતા-પિતાને સર્વાઈકલ કેન્સર અને તેની યોગ્ય પ્રતિરોધાત્મક આરોગ્ય સેવાઓ અંગે તેમના ડોક્ટર સાથે વાત કરવા પ્રોત્સાહિત કરવાનો છે.



સર્વાઈકલ કેન્સર ભારતની મહિલાઓને અસર કરનાર સૌથી સામાન્ય કેન્સરમાંથી એક છે. સમયસર ડોક્ટરની સલાહ લેવી અને યોગ્ય પ્રતિરોધાત્મક પગલાં લેવાથી આ બીમારીને મોટાભાગે ટાળી શકાય છે, છતાં ભારતમાં દર સાત મિનિટે લગભગ એક મહિલાનું મૃત્યુ થાય છે, જે દરરોજ લગભગ ૨૦૦ મૃત્યુ બરાબર છે (ગ્લોબોકેન એચપીવી ઈન્ડિયા રિપોર્ટ ૨૦૨૩ મુજબના આંકડા). આ અભિયાન ખાસ કરીને મહિલાઓમાં જાગૃતિના અભાવ અને પ્રતિરોધાત્મક આરોગ્યસેવા લેવાની વૃત્તિમાં થતો વિલંબ જેવી મહત્વપૂર્ણ સમસ્યાઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે.આ પહેલના ભાગરૂપે, માધુરી દિક્ષિતને સમાવેશ કરતી ટૂંકી ડિજિટલ ફિલ્મોની એક શ્રેણી વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રજૂ કરવામાં આવી. સરળ, સમજાય તેવી, તથ્ય આધારિત અને માહિતીપૂર્ણ સંદેશાઓ દ્વારા આ ફિલ્મો સર્વાઈકલ કેન્સર વિશેના મહત્વપૂર્ણ તથ્યો, તેનું હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) (૨) સાથેનું જોડાણ અને આરોગ્ય નિષ્ણાતોની સલાહ લેવાની જરૂરિયાત પર પ્રકાશ પાડે છે. આ ફિલ્મો મહિલાઓ અને માતા-પિતાને સર્વાઈકલ કેન્સરથી બચાવ માટે ગાયનેકોલોજિસ્ટ અને પીડિયાટ્રિશિયન સાથે વાતચીતને પ્રાથમિકતા આપવા માટે પ્રેરિત કરે છે અને આરોગ્ય નિષ્ણાતો સાથે જાગૃતિ અને યોગ્ય માહિતી આધારિત ચર્ચાના મહત્વને મજબૂત બનાવે છે.

આ પહેલ વ્યક્તિઓ અને પરિવારોને વિચાર કરવા પ્રેરિત કરે છે કે અસરકારક પ્રતિરોધાત્મક વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં, આરોગ્ય સંબંધિત નિર્ણય ઘણી વખત લક્ષણો દેખાય ત્યાં સુધી મોડા કરવામાં આવે છે. આ અભિયાન આ બાબત પર ભાર મૂકે છે કે સર્વાઈકલ કેન્સર એવો બીજો રોગ ન બને જેનો પતો મોડા તબક્કે ચાલે.

આ પહેલ અંગે બોલતા, એમએસડી ઈન્ડિયા ક્ષેત્રના મેનેજિંગ ડિરેક્ટર બ્રેન્ન વેનેસ્ટે કહ્યું કે, “સર્વાઈકલ કેન્સર અંગે જાગૃતિ અને સમયસર ડોક્ટરની સલાહ લેવી જાહેર આરોગ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. એચપીવી અને પ્રતિરોધાત્મક આરોગ્યસેવા અંગે જાગૃતિ વધારવાથી મહિલાઓના લાંબા ગાળાના આરોગ્ય પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે. એમએસડી ખાતે, અમે એવી પહેલોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છીએ જે માહિતીસભર ચર્ચાને પ્રોત્સાહન આપે અને મહિલાઓને તેમના આરોગ્યની સુરક્ષા માટે સક્રિય પગલાં લેવા સશક્ત બનાવે છે.’’

આ પહેલ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં, માધુરી દિક્ષિતએ કહ્યું કે, “મહિલાઓ ઘણીવાર બધાની સંભાળ રાખતા રાખતા પોતાનું આરોગ્ય છેલ્લે મૂકે છે. મહિલાઓના આરોગ્યને યોગ્ય ધ્યાન, પ્રાથમિકતા અને ખુલ્લી ચર્ચાની જરૂર છે. સર્વાઈકલ કેન્સર એવો કેન્સર છે જેમાં જાગૃતિ અને યોગ્ય માહિતી આધારિત ચર્ચા ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ પહેલ દ્વારા, મને આશા છે કે વધુ મહિલાઓ અને પરિવારો સર્વાઈકલ કેન્સર અને તેના યોગ્ય પ્રતિરોધાત્મક ઉપાયો વિશે તેમના ડોક્ટર સાથે વાત કરવા માટે આત્મવિશ્વાસ અનુભવશે. ડોક્ટર સાથે વાત કરવી એ પોતાનું ધ્યાન રાખવાનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તેને ક્યારેય મુલતવી રાખવું નહીં.’’

આ અભિયાન દ્વારા, એમએસડીનો હેતુ પ્રતિરોધ, જાગૃતિ અને માહિતીસભર નિર્ણય લેવાના વિષય પર કેન્દ્રિત વિસ્તૃત જાહેર આરોગ્ય પ્રયત્નોમાં યોગદાન આપવાનો છે. સમયસર ચર્ચાઓને પ્રોત્સાહન આપી અને જાગૃતિ વધારીને, આ પહેલ સમગ્ર ભારતની મહિલાઓ અને પરિવારો માટે વધુ સ્વસ્થ ભવિષ્યને સમર્થન આપવા પ્રયત્ન કરે છે. સર્વાઈકલ કેન્સર અને પ્રતિરોધાત્મક આરોગ્યસેવા અંગે માહિતી માટે કૃપા કરીને લાયક આરોગ્ય નિષ્ણાતની સલાહ લો.

# સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા, કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

હિંમતનગર,તા.૦૮

હિંમતનગર ખાતે આગામી ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને વહીવટી તંત્રની સજ્જતા ચકાસવા અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના પોળો હોલ ખાતે પ્રિ-મોન્સૂન રિવ્યુ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી વરસાદી સિઝન દરમિયાન તમામ વિભાગો વચ્ચે સંકલન સાધીને કુદરતી આપત્તિના સમયે જાનમાલનું નુકસાન શક્ય તેટલું ઘટાડી શકાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કલેક્ટરશ્રીએ તમામ અમલીકરણ અધિકારીઓને સતર્ક રહીને કામગીરી કરવા અને ડિઝાસ્ટર પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપ્યા હતા.“““ચોમાસા દરમિયાન સંચાર અને માહિતીના આદાન-પ્રદાનને મહત્વ આપતા કલેક્ટરશ્રીએ જિલ્લા અને તાલુકા કક્ષાના કંટ્રોલરૂમને ૨૪x૭ કાર્યરત કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, દર બે કલાકે વરસાદના આંકડાની સચોટ માહિતી પહોંચાડવા અને તમામ મામલતદાર કચેરીઓના લેન્ડલાઈન ફોન સતત ચાલુ કરવા જણાવાયું હતું. માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, સ્ટેટ અને ફાયર ઓફિસર સહિતના તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને કર્મચારીઓની વિગતો અધતન કરી રજૂ કરવા તેમજ તાલુકા વાઈઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.“““વરસાદી પાણીના ભરાવા અને સંભવિત જોખમોને ટાળવા માટે કલેકટરશ્રીએ નીચાણવાળા વિસ્તારો, કોઝવે અને વોટર લોગિંગ થતા સ્થળોની યાદી તૈયાર કરી સંબંધિત ગામના તલાટી અને સરપંચના સંપર્ક નંબર સાથેનો ડેટા તૈયાર રાખવા સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. ચોમાસા પૂર્વે ગટર અને નદી-નાળાની સફાઈ પૂર્ણ કરવા, જોખમી વૃક્ષોનું કટીંગ કરવા તેમજ જો ભારે વરસાદને કારણે વીજળીના થાંભલા ધરાશાયી થાય તો તેને તાત્કાલિક હટાવી વીજ પુરવઠો પૂર્વવત કરવા સૂચના અપાઈ હતી. રસ્તાના ખાડાનું સમયસર રિપેરિંગ, ડેમમાં બફર ઝોનની જાળવણી અને અંડરબ્રિજમાં પાણી ભરાય ત્યારે બેરિકેટિંગ કરી અવરજવર રોકવા જેવા સુરક્ષાત્મક પગલાં લેવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.“““આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતાના ભાગરૂપે તરવૈયા અને આપદામિત્રોની યાદી તૈયાર રાખવા તેમજ લાઈફ બોયા, જેકેટ અને જનરેટર જેવા બચાવ સાધનોનું વેરિફિકેશન કરવા બેઠકમાં વિગતવાર ચર્ચા થઈ હતી. જોખમી સ્થળોએ રેડિયમ સિગ્નલ મૂકવા અને ભયજનક ઈમારતો તેમજ હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી પૂર્ણ કરવા પર પણ ભાર મુકાયો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રીમતી ક્રિષ્ના વાઘેલા, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારોશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને ચીફ ઓફિસરશ્રીઓ સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા.



# ચરોતર એજ્યુકેશન સોસાયટીનું ઝળહળતું પરિણામ

આણંદ,તા.૦૮

આણંદની પ્રતિષ્ઠિત ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વિવિધ શાળાઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે જાહેર થયેલા પરિણામોમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલીત ડી.એન. હાઈસ્કૂલ, ચરોતર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, કસ્તુરબા કન્યા વિદ્યાલય અને મહાત્મા ગાંધી વિદ્યાલયમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ છ-૧ ગ્રેડ તથા ૮૦ વિદ્યાર્થીઓએ છ-૨ ગ્રેડ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, ડિરેક્ટરશ્રીઓ તેમજ વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ અને કર્મચારીગણ દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ભારત ૨૦૩૫ સુધીમાં વિશ્વનું ત્રીજું એવિએશન માર્કેટ બનશે : ઉડ્ડયન મંત્રી

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૮




કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરપ્પુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ, દેશ-વિદેશના ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાંતો, પોલિસી મેકર્સ, ઈન્ડસ્ટ્રી લીડર્સ અને રોકાણકારો ઉપસ્થિતિમાં ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, ગિફ્ટ સિટીમાં ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ઈન્ટરનેશનલ ફાયનાન્સ સર્વિસ સેન્ટર ઓથોરીટી-IFSCA અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ-FICCIના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઈન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સીંગ સમિટ ૨.૦નો પ્રારંભ કરાવ્યો હતો. ફિક્કી સિવિલ એવિયેશન કમિટીના ચેરમેન અને એરબસ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર જુર્ગન વેસ્ટરમીયરે પ્રાસંગિક ઉદ્દબોધન, કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સિનિયર ઈકોનોમિક એડવાઈઝર અમિત રે દ્વારા સૌનું શાબ્દિક સ્વાગત કરાયું હતું. આ સમિટના પ્રારંભે એર ઈન્ડિયા, ઈન્ડિગો, સ્ટાર એર, બેંક ઓફ ઈન્ડિયા, IFSCA, અકાશા દ્વારા નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે નવા જોડાણો અને રોકાણો માટે વિવિધ MoUs-સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેની સાથે જ, ફિક્કીના નોલેજ રિપોર્ટનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે, મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગિફ્ટ સિટી દેશના ફિનટેક હબ તરીકે ખ્યાતિ પામ્યું છે. તેનાૈ હ્લજીઝ્રછની એરક્રાફટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સીંગ સેક્ટરની ભૂમિકા વધુ વ્યાપક બનાવીને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓને સ્થાનિક સ્તરે અમલમાં લાવી એવિએશન ફાઈનાન્સીંગ ઈકો સિસ્ટમને સુદ્રઢ કરવાનો ઉદેશ્ય આ સમિટ પાર પાડશે.

## શહેરના પ્રાથમિક સુવિધાના પ્રશ્ને

# AMC કમિશ્નરે ૧૩ અધિકારીઓ અને કર્મીઓને શૉ-કોઝ નોટીસ આપી

અમદાવાદ, તા.૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ૧૩ અધિકારીઓ અને કર્મચારીઓને મ્યુનિસિપલ કમિશનર દ્વારા શો-કોઝ નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે. નાગરિકો સાથે ગેરવર્તણુક કરવાથી લઈ સાફ-સફાઈ અને લાઈટો બંધ હોવા અંગેની ફરિયાદો મળતા યોગ્ય કામગીરી ન કરવા બદલ તેમને નોટિસ આપવામાં આવી છે. માત્ર એક મહિનામાં જ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ૧૩ અધિકારીઓ-કર્મચારીઓને નોટિસ ફટકારવામાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રમાં ફફડાટ ફેલાયો છે.

નાગરિકોની મળતી ફરિયાદો અને યોગ્ય કામગીરી ન કરનારા અધિકારીઓ સામે મ્યુનિસિપલ કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. પાણી, ગટર, લાઈટ અને સાફ-સફાઈ વગેરે શહેરની પ્રાથમિક સુવિધાઓની કામગીરીમાં બેદરકારી જોવા મળી હતી. ઉત્તર ઝોનના એડિશનલ સિટી ઈજનેર ગોપાલ પટેલ અને આસિસ્ટન્ટ ઈજનેર દિલીપ પ્રજાપતિ દ્વારા ઠક્કરબાપાનગર વિસ્તારમાં સ્થાનિક રહીશો સાથે પાણીના પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ લાવવાની જગ્યાએ ગેર વર્તણુક કરી હતી જે બાબતે બંને અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. શહેરા સીટીએમથી રામોલ તરફ જતા ઓવરબ્રિજ ઉપર લાઈટ વિભાગ ૧૫ દિવસથી લાઈટો બંધ હોવા અંગેની સ્થાનિક લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી જે કામગીરીમાં ગંભીર બેદરકારી બદલ લાઈટ વિભાગમાં ફરજ બજાવનારા ડેપ્યુટી સિટી ઈજનેર કિરીટ દેદોલીયા, આસિસ્ટન્ટ સિટી ઈજનેર સંજય જેઠવા, આસિસ્ટન્ટ ઈજનેર હિતેન્દ્રસિંહ પી સોલંકી અને સહાયક ટેકનિકલ સુપરવાઈઝર શંભુભાઈ જીંજાળાને પણ શો-કોઝ નોટિસ આપવામાં આવી છે. ફાયર વિભાગની ભરતીમાં પેપર એજન્સીને યોગ્ય રીતે સિલેબસ આપવામાં આવ્યું નહોતું જેને લઈને સેન્ટ્રલ ઓફિસના આસિસ્ટન્ટ મેનેજર પ્રવીણ સાવલિયાને પણ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર વિભાગ, સેન્ટ્રલ ઓફિસ, જન્મ મરણ વિભાગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્નાનાગાર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને શો-કોઝ નોટીસ ફાટાવવામાં આવી છે. શાહીબાગના ગિરધરનગર, સાબરમતી, બોડકદેવના માનસી સર્કલ વિસ્તારમાં યોગ્ય રીતે સાફ સફાઈ ન કરવામાં આવી હોવાને લઈને સફાઈ કામદારોને પણ શો-કોઝ નોટિસ આપવામાં આવી છે.

## કેન્દ્રીય એવિયેશન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું

# આગામી ૧ મહિનામાં અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવી જશે

નવી દિલ્હી, તા.૮

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે મોટા સમાચાર આવ્યા છે. કેન્દ્રીય એવિયેશન મંત્રી રામ મોહન નાયડુએ પ્લેન ક્રેશ રિપોર્ટ અંગે માહિતી આપતા કહ્યું કે, પ્લેન ક્રેશની તપાસ અંતિમ તબક્કામાં છે. આગામી ૧ મહિનામાં અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવી શકે છે. ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે એરક્રાફ્ટ લર્નિંગ એન્ડ ફાઈનાન્સ સમિટ ૨.૦ નું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી કે રામ મોહન નાયડુ ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયના મંત્રી રામ મોહન નાયડુએ અમદાવાદ પ્લેન ક્રેશના રિપોર્ટ વિશે માહિતી આપી હતી. તેઓએ વધુમાં કહ્યું કે, ઘણી બધી એજન્સીઓ અને છછૈંમ્ હાલ તપાસ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારથી પણ તમામ સહાય અત્યાર સુધી પૂરી પાડવામાં આવી છે. તપાસ હવે અંતિમ તબક્કામાં છે, તો એરોપ્લેન ક્રેશ થવાના કિસ્સામાં ભોગ બનનારા લોકો સાથે સંપર્ક ન થતો હોવા અંગે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, જે સ્થિતિ છે તેનું મોનિટરિંગ કરી રહ્યા છે. વળતર મળે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. યોગ્ય રીતે તેમાં તપાસ કરવામાં આવી રહી છે. આ પહેલા સિવિલ એવિયેશન મનિસ્ટર રામમોહન નાયડુએ માર્ચ મહિનામાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે, એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં૧૭૧ ક્રેશની તપાસ તેજ ગતિથી આગળ વધી રહી છે. તપાસ રિપોર્ટ એક વર્ષની અંદર આવી જશે. રાજ્યસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મંત્રીએ આ જવાબ આપ્યો હતો. તેઓએ કહ્યું હતું કે, સરકાર એરક્રાફ્ટ એક્સીન્ડટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોને તમમ જરૂરી મદદ કરી રહી છે, જે તપાસ કરે છે.

# AIનો દુરુપયોગ કરી આધારમાં મોબાઈલ નંબર બદલી લાખોની છેતરપિંડી કરતી ગેંગના ૩ પકડાયા

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૮




આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો દુરૂપયોગ કરીને આચરવામાં આવતી નાણાકીય ઠગાઈનો પર્દાફાશ અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા કરાયો છે. લોકોની જાણ બહાર જ તેમના આધાર કાર્ડ સાથે લિંક કરાયેલો મોબાઈલ નંબર બદલીને લોન મેળવતી આંતરરાજ્ય ગેંગના વધુ સત્ર સભ્યો આસામ અને ઉત્તર પ્રદેશમાંથી પકડાયા છે. આ સાથે જ કુલ સાત લોકોની અત્યાર સુધી ધરપકડ થઈ છે. આ રેકેટમાં સંડોવાયેલા વધુ લોકોને પકડવા પોલીસે તપાસ તેજ કરી છે.

સાયબર ક્રાઈમ બ્રાન્ચે આસામ અને યુપીમાં દરોડા પાડ્યા હતા જેમાં બી.કોમના વિદ્યાર્થી રબ્બુલ હુસૈન જે ડેટા ચોરી અને કૌભાંડનો માસ્ટરમાઈન્ડ છે તેની ધરપકડ કરી હતી. ઉત્તર પ્રદેશના ક્રિષ્ના પ્રજાપતિ સાયબર કાફે સંચાલક અને કમિશન પર આધારમાં ફેરફાર કરતો એજન્ટ તથા ધોરણ ૭ પાસ કાશીમુદ્દીન અલીને દબોચ્યો છે. અલી લોનની રકમ પોતાના ખાતામાં મેળવતો હતો. આરોપીઓ માસ્ટર ઈન્ડિયા જેવી વેબસાઈટ પર જીએસટી અને પાનકાર્ડની વિગતો મેળવી સિબિલ સ્કોર ચેક કરતા હતા. બાદમાં ટેલિગ્રામ બોટની મદદથી આધારની વિગતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ફોટો મેળવતા હતા. આ ફોટાને એઆઈની મદદથી બ્લિંક્કિંગ વીડિયો બનાવી વેરિફિકેશનમાં રહેલા છીંડાનો લાભ લઈ આધારકાર્ડમાં મોબાઈલ નંબર બદલી નાંખતા હતા.

ત્યારબાદ નવા સિમકાર્ડની મદદથી બેંક ખાતું ખોલાવીને ૨૫,૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયાની લોન મેળતા હતા. અમદાવાદના એક વેપારીને તેના આધારથી સંગલ્ન પેમેન્ટ મોડ હેઠળ ઓટીપી આવતા બંધ થયા ત્યારે તપાસમાં આ હકીકત બહાર આવી હતી. સાયબર ક્રાઈમ ડીસીબીના મતે આ ગેંગ વર્ષમાં આશરે ૧૫ લાખ રૂપિયાની લોન મેળતી હતી. કુલ સાત આરોપીઓ ઝડપાયા છે જે પૈકી આસામનો ઓલી ઉલ્લાહ ફરાર હોય તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આધાર સિસ્ટમમાં રહેલી ખામી અંગે આધાર વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

# પત્નીના આપઘાત કેસમાં પોલીસ પતિની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી

અમદાવાદ , તા.૮

શહેરના વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પત્નીના આપઘાત અને શારીરિક-માનસિક ત્રાસના ગંભીર ગુનામાં સંડોવાયેલા પોલીસકર્મી પતિ અર્જુનસિંહ રુગનાથસિંહ પુરોહિતની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આ સાથે જ એડિશનલ સેશન્સ જજ જયેશકુમાર ઈશ્વરલાલ પટેલે નોંધ્યું હતું કે ગુનો ગંભીર પ્રકૃતિનો છે અને તપાસ હાલમાં નાજુક તબક્કે છે. આરોપી પોલીસ વિભાગમાં કાર્યરત હોવાથી અને તપાસમાં તેની હાજરી જરૂરી જણાતી હોવાથી આરોપીને આગોતરા જામીન પર મુક્ત કરી શકાય નહીં. ગત ૧૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ અર્જુનસિંહની પત્નીએ પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. આ ઘટનાના આઠ દિવસ બાદ મૃતકના પિતા દ્વારા વાસણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદ પક્ષનો આક્ષેપ છે કે આરોપી અર્જુનસિંહ તેની પત્નીને માનસિક અને શારીરિક રીતે હેરાન કરતો હતો, જેના કારણે કંટાળીને તેણે આ અંતિમ પગલું ભર્યુ હતું. આ કેસમાં આરોપી અર્જુનસિંહે આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, લગ્નના ૧૩ વર્ષના ગાળામાં બંનેને બે બાળકો છે, જેઓ બીમાર રહેતા હોવાથી પત્ની ડિપ્રેશનમાં હતી. પોલીસને ઘટનાસ્થળેથી એક સ્યૂસાઈડ નોટ પણ મળી આવી છે, જેમાં બાળકોની તબિયતને આત્મહત્યાનું કારણ દર્શાવવામાં આવ્યું છે. આરોપી પોતે પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે અને તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આ ફરિયાદ માત્ર વેરઝેર રાખીને આઠ દિવસના વિલંબ બાદ કરવામાં આવી છે. ત્યારે કોર્ટે આગોતરા જામીન પર મુક્ત કરવો જોઈએ. જો કે, અરજીનો વિરોધ કરતા મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, પત્નીના હાથ પરના નિશાન અને સંજોગો જોતા આ માત્ર સાદો આપઘાત નહીં પણ શંકાસ્પદ મૃત્યુનો કિસ્સો છે. સ્યૂસાઈડ નોટ તરીકે રજૂ કરાયેલી ડાયરીના પાના ગાયબ છે અને તેમાં છેડછાડ થઈ હોવાની આશંકા છે. આરોપી પોતે પોલીસમાં હોવાથી તે પુરાવાઓ સાથે ચેડાં કરી શકે છે અથવા સાક્ષીઓને ધમકાવી શકે છે. ગંભીર પ્રકારનો ગુનો છે ત્યારે આરોપીને જામીન પર મક્ત ન કરવો જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા છે.

# ૪૩.૨ ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ બન્યું હોટેસ્ટ સિટી

અમદાવાદ, તા.૮

રાજ્યમાં એક તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કેટલાક વિસ્તારમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અને ભારે પવન સાથે ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. તો બીજી તરફ એવા અનેક શહેરો છે જ્યાં તાપમાનો પારો ૪૨ને પાર જતાં લોકો આકરી ગરમી અને લૂથી પરેશાન છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસ આકરી ગરમીની આગાહી કરી છે. ગુજરાતમાં ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ માટે હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદમાં આગામી બે દિવસ દરમિયાન તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે, જ્યારે ગુરુવારે ૪૩.૨ ડિગ્રી સાથે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. રાજ્યના ૭ શહેરોમાં ૪૧ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગુજરાત રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી કાળઝાળ ગરમી પડવાની હવામાન વિભાગે ચેતવણી આપી છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં ગરમીનો પ્રકોપ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસમાં અમદાવાદનું તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. ગુરુવારે અમદાવાદમાં ૪૩.૨ ડિગ્રી તાપમાન નોંધાતા શહેર રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા, સુરત, ભુજ, ગાંધીનગર અને ડીસા સહિત કુલ ૭ શહેરોમાં ૪૧ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું છે. આકરા તાપના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે અને લોકો તાપથી બચવા માટે ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે.

# ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ કરવા તમામ મ્યુનિ. કોર્પોરેશનોને સરકારનો આદેશ

અમદાવાદ, તા.૮

રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આગામી ૧૫ જૂન પહેલાં 'પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન' અંતર્ગત તમામ કામગીરી પૂર્ણ કરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. ચોમાસા દરમિયાન ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સૌથી મોટી ચિંતા બની રહેતી હોય છે. આ સમસ્યાના નિવારણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા શહેરના નાના-મોટા વરસાદી વોંકળા, કેનાલો અને ડ્રેનેજ લાઈનોની સફાઈ કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.

ગત વર્ષોમાં જયાં વધુ વોટરલોગિંગની ફરિયાદો નોંધાઈ હતી તેવા વિસ્તારોમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ડ્રેનેજ લાઈનોમાંથી કચરો અને કાંપ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જ્યાં જરૂરી જણાશે ત્યાં પહેલાથી જ વોટર પંપ ગોઠવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જેથી ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ ઝડપથી થઈ શકે. શહેરોમાં વરસાદી પાણીના પ્રવાહમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે સંબંધિત વિભાગોને સતત મોનિટરિંગ રાખવા સૂચના આપવામાં આવી છે.

ચોમાસા દરમિયાન ભારે પવન અને વાવાઝોડા જેવી પરિસ્થિતિઓમાં અકસ્માતો ન બને તે માટે સુરક્ષાત્મક પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. જોખમી વૃક્ષોની છાંટણી શરૂ કરવામાં આવી છે, જ્યારે રસ્તાઓ પર લગાવવામાં આવેલા જોખમી હોર્ડિંગ્સની તપાસ કરીને તેને ઉતારી લેવા માટે આદેશ આપવામાં આવ્યા છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના મહાનગરોમાં જર્જરિત મકાનો સામે પણ તંત્ર સક્રિય બન્યું છે. જોખમી ઈમારતોને નોટિસ પાઠવી ખાલી કરાવવાની તેમજ જરૂર જણાય ત્યાં તોડી પાડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે જ વીજળીના થાંભલા અને વાયરોનું મેન્ટેનન્સ કરીને શોર્ટ સર્કિટ જેવી ઘટનાઓ અટકાવવા પણ આયોજન હાથ ધરાયું છે. રાજ્ય સરકાર દ્વારા આગામી ૧ જૂનથી તમામ મહાનગરોમાં ૨૪ કલાક કાર્યરત રહે તેવા મોન્સૂન કંટ્રોલ રૂમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ વરસાદી પરિસ્થિતિ, પાણી ભરાવા અને ઈમરજન્સી સ્થિતિ પર સતત નજર રાખશે. ઉપરાંત રેસ્ક્યુ ટીમોની સજ્જતા ચકાસવા માટે મોકડ્રિલ પણ યોજાશે, જેથી પૂર અથવા આપત્તિના સમયે તાત્કાલિક કામગીરી કરી શકાય. સરકારના ઉચ્ચ સ્તરે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તમામ મનપા કમિશનરોને ૧૫ જૂન સુધીમાં સફાઈ તેમજ સુરક્ષા સંબંધિત કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું છે.

## ગિરધરનગર ડબલ મર્ડર

# ગણેશ વિસર્જનમાં ઢોલ વગાડવા મુદ્દે થયેલી હત્યાના એક આરોપીને આજીવન કેદ

અમદાવાદ, તા.૮

ગિરધરનગર વિસ્તારમાં વર્ષ ૨૦૧૮માં ગણેશ વિસર્જન દરમિયાન સામાન્ય બાબતે થયેલી તકરારમાં બે વ્યક્તિની કરપીણ હત્યા થઇ હતી. આ કેસમાં અમદાવાદની સેશન્સ કોર્ટે મુખ્ય આરોપી વિજય ઉર્ફે બોબી સોલંકીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. જોકે, આ કેસમાં અન્ય ત્રણ મહિલા આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા ન મળતા કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. આ સાથે જ એડિશનલ સેશન્સ જજ પી.પી. પટેલે ચુકાદો આપતા નોંધ્યું હતું કે, આરોપી સામે હત્યાનો ગંભીર ગુનો સાબિત થાય છે અને સમાજમાં દાખલો બેસે તે માટે કડક સજા થવી અનિવાર્ય છે. કેસ 'રેરેસ્ટ ઓફ રેર' ન ગણાતા કોર્ટે ફાંસીની સજાની માગ નકારી દીધી હતી. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ગિરધરનગરમાં ગણેશ વિસર્જનની તૈયારીઓ ચાલી રહી હતી. આ દરમિયાન ઢોલ વગાડવા જેવી મામુલી બાબતે વિજય સોલંકી અને તેના સાગરીતોએ તકરાર કરી હતી. આવેશમાં આવી ગયેલા વિજયે તલવાર વડે અશોકભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો, જ્યારે તેના ભાઈ ગૌરાંગ ઉર્ફે સન્નીએ નિલેશભાઈ અને ફરિયાદી ભરતભાઈ પર છરીથી હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે અશોકભાઈ અને નિલેશભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ કેસમાં શાહીબાગ પોલીસે કુલ પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. ત્યારાબાદ આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસ ચાલવા પર આવતા સરકારી વકીલ ધવલ પી. મહેતાએ આ કેસને 'રેરેસ્ટ ઓફ રેર' ગણીને આરોપીને ફાંસીની સજા આપવા દલીલ કરતા જણાવ્યું હતું કે, ઢોલ વગાડવા જેવી સામાન્ય બાબતે વિજય સોલંકી અને તેના સાગરીતોએ અન્ય પક્ષ સાથે તકરાર કરી હતી.ઉશ્કેરાયેલા વિજયે તલવાર વડે અશોકભાઈ પર હુમલો કર્યો હતો, જ્યારે તેના ભાઈ ગૌરાંગ ઉર્ફે સન્નીએ છરી વડે નિલેશભાઈ અને ફરિયાદી ભરતભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા અશોકભાઈ અને નિલેશભાઈનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે ગંભીર ગુનો છે ત્યારે આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી વિજયને આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે ઈન્દુબેન, કવિતાબેન અને ભાવનાબેન વિરુદ્ધ પૂરતા પુરાવાઓ રજૂ ન કરી શકાતા કોર્ટે તેમને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો આદેશ કર્યો છે.

# મોટેરામાં હિટ એન્ડ રને યુવકનો ભોગ લીધો

અમદાવાદ,તા.૮

અમદાવાદના જનપથ ચાર રસ્તા પાસે મોડી રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવતી એક ફોર વ્હીલર કારના ચાલકે બેદરકારીપૂર્વક ગાડી ચલાવી ત્રણ મિત્રો સવારે એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૨૧ વર્ષીય આશાસ્પદ યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે તેની પાછળ બેઠેલા અન્ય બે મિત્રોને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અકસ્માત અંગે સાબરમતી વિસ્તારમાં આવેલી ન્યૂ રેલવે કોલોનીમાં રહેતા ૪૭ વર્ષીય હિતેન્દ્રભાઈ કાંતિલાલ પટેલે એલ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, હિતેન્દ્રભાઈનો ૨૧ વર્ષીય પુત્ર અંકિતકુમાર પટેલ તેના બે મિત્રો જસવંતકુમાર ઠાકોર (ઉં.વ.૧૬) અને ગૌતમ પ્રદિપભાઈ સોલંકી (ઉં.વ.૧૯) સાથે પોતાના એક્ટિવા પર જઈ રહ્યો હતો. ગત રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ જનપથ ચાર રસ્તા પસાર કરી રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલી એક કારે તેમને અડફેટે લીધા હતા, જેમાં હિતેન્દ્રભાઈએ પોતાના એકના એક પુત્રને ગુમાવ્યો છે. વિગતવાર ઘટના મુજબ, ૦૮ મેના રોજ રાત્રે ૧:૩૦ વાગ્યે કારના ચાલકે ગફલતભરી રીતે ગાડી ચલાવી એક્ટિવાને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં અંકિતકુમારનું મોત નીપજ્યું હતું અને તેના બંને મિત્રો લોહીલુહાણ હાલતમાં ઘાયલ થયા હતા. અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા અદાણી શાંતિગ્રામમાં રહેતા ૨૪ વર્ષીય આરોપી વેદાંત અમિત ગૌતમને આજે શુક્રવારે બપોરે ૨:૦૦ વાગ્યે તેની કાર સાથે ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ૮૭૦ મેગાવોટની ક્ષમતા સાથે ૫ સ્થળોએ બેટરી સ્ટોરેજની વ્યવસ્થાઓ કાર્યરત

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૮

અત્યારે ગુજરાત સમગ્ર દેશમાં બેટરી સ્ટોરેજ પ્રણાલીને આગળ લઇ જવામાં અગ્રણી રાજ્યોની યાદીમાં સામેલ થઈ ગયું છે. મોઢેરા બાદ અત્યારે ગુજરાતમાં ૮૭૦ મેગાવોટની ક્ષમતા સાથે કુલ ૫ સ્થળોએ બેટરી સ્ટોરેજની વ્યવસ્થાઓ શરૂ કરવામાં આવી છે. બેટરી સ્ટોરેજ સ્થાપિત કરવા માટે અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લા માટે અન્ય ૧૩ પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ગુજરાત ઊર્જા સંગ્રહ ક્ષેત્રે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦૦ ય્ઉ બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતા પ્રાપ્ત કરવાના લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપશે. અમદાવાદના સાણંદ તાલુકાના ચરલ ખાતે તાજેતરમાં જ એક બેટરી સ્ટોરેજ પ્રણાલી શરૂ કરવામાં આવી છે. તે સિવાય મહેસાણાના મોઢેરા અને કચ્છના લખપતમાં કુલ ૪ બેટરી સ્ટોરેજ પ્રણાલી કાર્યરત છે.

રાજ્ય સરકારે ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પોલિસી—૨૦૨૫માં અત્યાધુનિક ઊર્જા સંગ્રહ કરતી વ્યવસ્થાઓને મહત્વના ઘટક તરીકે સમાવિષ્ટ કરી છે. તેના આધારે બેટરી સ્ટોરેજ માટેના સ્વતંત્ર પ્રોજેક્ટ્સ, નવા રિન્યૂએબલ ઊર્જા પ્રોજેક્ટ્સ સાથેના બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ્સ અને હયાત રિન્યૂએબલ ઊર્જા પ્રોજેક્ટ્સ સાથે સંકલિત થાય તેવા બેટરી સ્ટોરેજ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવે છે. આગામી સમયમાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાની મંજૂરી બાદ વ્યવસાયિક અને ઔદ્યોગિક ગ્રાહકો માટે પણ બેટરી સ્ટોરેજ માટે રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે ત્યારબાદ ઔદ્યોગિક અને વ્યવસાયિક ગ્રાહકો તેમના સોલાર કે વિન્ડ પ્રોજેક્ટ સાથે બેટરી સ્ટોરેજની સુવિધા શરૂ કરી શકશે. બેટરી સ્ટોરેજ સિસ્ટમ વીજળીનો સંગ્રહ કરવા માટે જરૂરી છે. રાજ્યમાં સોલાર તેમજ રિન્યૂએબલ સ્ત્રોતમાંથી વીજ ઉત્પાદન દિવસ દરમિયાન બદલાતું રહે છે. જેમ કે દિવસના સમયે સોલારનું વીજ ઉત્પાદન વધારે હોય છે અને સાંજના સમયે ઉત્પાદન થઇ શકતું નથી. દિવસ દરમિયાન વધારાના વીજ ઉત્પાદનને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવે તો સાંજના સમયે જ્યારે માંગ વધારે હોય (પીક લોડ) ત્યારે તે વીજ જથ્થાને વહેંચી શકાય છે. અત્યારે સાંજના સમયે જ્યારે અચાનક માંગ વધે ત્યારે વીજ પુરવઠો પૂરો પાડતી ગ્રીડ પર લૉડ વધે છે. આ સ્થિતિમાં ગ્રીડ સ્થિર રહે તેના માટે પણ બેટરી સ્ટોરેજ પ્રણાલીઓ જરૂરી છે. રાજ્ય સરકાર આ દિશામા જ આગળ વધી રહી છે.

# વાડજમાં પોલીસને થાપ આપીને પોક્સોનો આરોપી ભાગી છૂટતા દોડધામ

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૮

અમદાવાદના વાડજમાં પોલીસના જાપતામાંથી સગીરા પર દુષ્કર્મનો આરોપી થાપ આપીને ભાગવામાં સફળ થયો હતો. વાડજ પોલીસ સ્ટેશનની ટીમે આરોપીની થોડા દિવસ અગાઉ જ ધરપકડ કરી હતી. પરંતુ કાયદાના સકંજામાં આવેલો આ શખ્સ પોલીસની નજર સામેથી જ ફરાર થઈ ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર પોક્સો જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે પકડ્યો હતો. પરોઢીયે અંધારાનો ફાયદો ઉઠાવીને આરોપી નાસી છૂટ્યો હતો.

શહેરના રામાપીરના ટેકરા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરાના અપહરણના ગંભીર ગુનામાં ઝડપાયેલો ૨૩ વર્ષીય આરોપી અશોક સુરેશ ડાભાણી પોલીસના લોખંડી પહેરામાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો છે. જ્યારે પોલીસની ટીમ આરોપીનું મેડિકલ કરાવીને પરત પોલીસ સ્ટેશન લાવી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પોલીસની ગાડીમાંથી ઉતરી વખતે ફિલ્મી ઢબે પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી કરી અને જોતજોતામાં અંધારાનો લાભ લઈને ગાયબ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. ગત ૭મીએ રામાપીરના ટેકરા વિસ્તારમાંથી એક સગીરા ગુમ થઈ હતી જે અંગે તપાસ કરતા અશોક ડાભાણી વિરુદ્ધ અપહરણ અને પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે આરોપીનું લોકેશન રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે મેળવ્યું હતું અને ત્યાંથી તેને દબોચી લેવામાં આવ્યો હતો.

ગઈકાલે મોડી રાત્રે ૧૧:૩૦ વાગ્યે તેની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદની કાનૂની પ્રક્રિયાના ભાગરૂપે આરોપીને વહેલી સવારે સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ પરીક્ષણ માટે લઈ જવામાં આવ્યો હતો. મેડિકલ કરાવીને જ્યારે પોલીસની ગાડી સવારે પાંચ વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં પ્રવેશી ત્યારે જ આરોપી જાપતમાંથી ભાગી છૂટ્યો હતો. નવાઈની વાત એ છે કે જે સમયે આરોપી ફરાર થયો ત્યારે તેની સાથે બે પોલીસ કોન્સ્ટેબલ હાજર હતા. ગંભીર ગુનાના આરોપીને હાથકડી પહેરાવવામાં આવી હતી કે નહીં તે પણ હવે તપાસનો વિષય બન્યો છે.

# ટી20 કેપ્ટન પદેથી સૂર્યકુમાર યાદવ આઉટ!




ભારતને ટી20 વર્લ્ડ કપ 2026નું ખિતાબ અપાવનાર કેપ્ટન સૂર્યકુમાર યાદવ પર હવે મુશ્કેલીઓના વાદળો જોવા મળી રહ્યા છે. બેટિંગમાં તેમની ખરાબ ફોર્મ ચિંતાનો વિષય બની ગઈ છે. ટી20 વર્લ્ડ કપ દરમિયાન પણ તેમનું પ્રદર્શન ખાસ રહ્યું નહોતું અને હવે IPL 2026માં પણ તેમનું બેટ શાંત રહ્યું છે. ભારતીય કેપ્ટનના આ નિરાશાજનક પ્રદર્શનને જોતા પસંદગીકારો હવે નવા વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. IPL 2026 બાદ ભારતને આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડ સામે સિરીઝ રમવાની છે અને BCCI જ્યારે આ ટીમની જાહેરાત કરશે ત્યારે ટી20 ક્રિકેટમાં ટીમ ઈન્ડિયાને નવો કેપ્ટન મળી શકે તેવી શક્યતા છે.

સૂર્ય કુમારની કૅપ્ટનશિપ છીનવવાનું મુખ્ય કારણ તેમનું બેટિંગમાં ખરાબ પ્રદર્શન છે. સિલેક્ટર્સ હવે વધુ ધીરજ રાખી રહ્યા નથી. તેઓ આગામી નવી સાયકલ માટે ટીમમાં બદલાવ અને નવી શરૂઆત કરવા માંગે છે. આ પ્રક્રિયાની શરૂઆત આયરલેન્ડમાં રમાનારી બે T20 આંતરરાષ્ટ્રીય મેચોથી થશે અને ત્યારબાદ ઇંગ્લેન્ડમાં પાંચ મેચોની સિરીઝ રમાશે.

જો છેલ્લી ઘડીએ તેમનો નિર્ણય બદલાયો નહીં તો શ્રેયસ અય્યૈર માત્ર ટીમમાં (T20I ટીમમાં) વાપસી જ નહીં કરી શકે પણ કૅપ્ટન તરીકે પણ ફરીથી જવાબદારી સંભાળી શકે છે. ભારત પાસે 2028 વર્લ્ડ કપ અને એ જ વર્ષમાં યોજાનારી LA ઓલિમ્પિક્સ માટે તૈયારી દરમિયાન T20I મેચોનું ખૂબ જ ભરપૂર કેલેન્ડર છે. હાલની સ્થિતિ મુજબ સૂર્યકુમાર યાદવ માટે કેપ્ટન તરીકેના દિવસો હવે સમાપ્ત થવાના જેવા લાગી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે તેઓ ભારત માટે જે એકમાત્ર ફોર્મેટમાં રમે છે તેમાં ફક્ત એક બેટ્સમેન તરીકે ટીમની યોજનાઓમાં રહે છે કે નહીં. તેમ છતાં 35 વર્ષના આ ખેલાડી સૂર્યકુમારે ઘણી વાર કહ્યું છે કે તે આવતા બે વર્ષ સુધી કેપ્ટન રહેવા માંગે છે. પણ મહત્વપૂર્ણ નિર્ણય લેનારા લોકો તેમના બેટિંગ પ્રદર્શનથી ખુશ નથી.

BCCI અને ટીમ ઈન્ડિયાના વિશ્વસનીય સૂત્રો મુજબ સૂર્યકુમાર યાદવ પોતાની કાંડા (wrist)ની ઈજાને ઘણી વાર અવગણતો રહ્યો છે અને દુખાવો હોવા છતાં સતત રમતો રહ્યો છે; ગયા સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે રમ્યા બાદથી તે પોતાના જમણા કાંડા પર ભારે ટેપ લગાવીને બેટિંગ અને ફિલ્ડિંગ કરતો રહ્યો છે અને એવા બધા વ્યાયામો પણ ટાળતો રહ્યો છે જેમાં કાંડા પર સીધુ દબાણ પડે.

હવે જોવાનું એ રહેશે કે પસંદગીકારો શ્રેયસ અય્યરને કેપ્ટન તરીકે પસંદ કરે છે કે નહીં. તેમની કેપ્ટનશીપમાં પંજાબ કિંગ્સ ગયા આઈપીએલ સિઝનમાં ફાઈનલ સુધી પહોંચી હતી. આઈપીએલ 2026માં પણ તેમનું પ્રદર્શન અત્યાર સુધી ખૂબ જ સારું રહ્યું છે જેના કારણે તેમની કૅપ્ટનશિપ અંગે ફરી ચર્ચા થઈ રહી છે.



## કૃણાલ પંડ્યાએ ફેંક્યો બાઉન્સર તો ભડક્યો નિકોલસ પૂરન, મેદાન પર બોલાચાલી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે રમાયેલા મુકાબલા દરમિયાન મેદાન પર માહોલ ગરમાઈ ગયો હતો. આરસીબીના બોલર કૃણાલ પંડ્યા અને એલએસજીના બેટ્સમેન નિકોલસ પૂરન આમને-સામને આવી ગયા હતા. બંન્ને ખેલાડીઓ વચ્ચે થોડો સમય ચર્ચા ચાલી હતી જેના પછી આ ઘટનાની સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

આ ઘટના વરસાદ બાદ મેચ ફરી શરૂ થયા પછી બની હતી. લખનઉ સુપર જાયન્ટ્સની ઈનિંગના 10મા ઓવરમાં કૃણાલ પંડ્યાએ બીજી બોલ પર અર્શિન કુલકર્ણીને આઉટ કર્યો હતો. ત્યારબાદ ક્રિઝ પર આવેલા નિકોલસ પૂરનને તેમણે સતત બે બાઉન્સર બોલ ફેંક્યા હતા. બીજી બાઉન્સર બોલ પર પૂરને એક રન લીધો હતો.

ત્યારબાદ જ્યારે નિકોલસ પૂરન નોન-સ્ટ્રાઈકર એન્ડ પર પહોંચ્યા ત્યારે કૃણાલ પંડ્યા તેમના નજીક આવ્યા અને બંને વચ્ચે થોડો સમય વાતચીત થઈ હતી. બંને ખેલાડીઓ વચ્ચેની આ ચર્ચાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો જોકે બંને વચ્ચે શું વાત થઈ હતી તે સ્પષ્ટ થઈ શક્યું નહોતું. ખાસ વાત એ છે કે કૃણાલ પંડ્યા અને નિકોલસ પૂરન IPL 2023 અને 2024 સીઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે સાથે રમી ચૂક્યા છે. બંને વચ્ચે સારી મિત્રતા પણ માનવામાં આવે છે તેથી આ ઘટનાને ફ્રેન્ડશીપમાં મજાક તરીકે પણ જોવામાં આવી રહી છે.

નિકોલસ પૂરન આ સીઝનમાં સંઘર્ષ કરતા જોવા મળ્યા છે. તેમણે IPL 2026માં અત્યાર સુધી 10 મેચમાં 20.11ની સરેરાશથી 181 રન બનાવ્યા છે. આ દરમિયાન તેમના બેટમાંથી માત્ર એક અડધી સદી આવી છે. બીજી તરફ કૃણાલ પંડ્યાએ આ સીઝનમાં શાનદાર બોલિંગ કરી છે. તેમણે 10 મેચમાં 8.70ની ઈકોનોમી રેટથી 10 વિકેટ લીધી છે અને મધ્ય ઓવરમાં RCB માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગયા સીઝનમાં IPL ફાઈનલમાં તેઓ પ્લેયર ઓફ ધ મેચ પણ રહ્યા હતા.

આ મેચમાં મિચેલ માર્શે જબરદસ્ત બેટિંગ કરતાં માત્ર 49 બોલમાં પોતાના IPL કરિયરની બીજી સદી ફટકારી હતી. વરસાદથી પ્રભાવિત આ મુકાબલામાં માર્શે એકલા હાથે લખનૌને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું.

## હવે 74 નહીં, તો કેટલી હશે કુલ મેચની સંખ્યા? IPL ફેન્સ માટે ખુશખબરી

દેશ સહિત વિદેશમાં પણ ભારતની આઈપીએલ ટુર્નામેન્ટ લોકપ્રિય થઈ રહી છે. આઈપીએલ 2026 એ લીગની 19મી સીઝન છે. આ ટુર્નામેન્ટ 2008 માં શરૂ થઈ હતી. વર્તમાન આઈપીએલ ચેરમેન અરુણ ધુમલે લીગના ભવિષ્ય અંગે એક મોટી અપડેટ આપી છે. તેમણે જણાવ્યું હતું કે 2028 થી આઈપીએલમાં 74 નહીં પણ 94 મેચ રમાશે.



બીસીસીઆઈ આગામી મીડિયા રાઈટ્સ સાઈકલ માટે ટુર્નામેન્ટ ફોર્મેટમાં મોટો ફેરફાર કરવાની યોજના બનાવી રહ્યું છે. બોર્ડ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે 2028 થી મેચોની કુલ સંખ્યા વધારીને 94 કરવામાં આવશે. હાલમાં એક સીઝનમાં પ્લેઓફ સહિત ફક્ત 74 મેચ છે. આ નવા નિર્ણયથી ક્રિકેટ ચાહકોને પહેલા કરતા વધુ રોમાંચક મેચ મળશે. હાલમાં એક ટીમ લીગ સ્ટેજ દરમિયાન 14 મેચ સમાય છે. પરંતુ 2028 થી દરેક ટીમને 18 મેચ રમવાની તક મળશે. આનો અર્થ એ છે કે ટુર્નામેન્ટ વધુ લાંબી અને વધુ પડકારજનક બનશે. આનાથી પોઈન્ટ ટેબલની લડાઈ વધુ રસપ્રદ બનશે.

ચેરમેન અરુણ ધુમલે મીડિયાને આપેલા એક ઈટરવ્યુંમાં સ્પષ્ટતા કરી હતી કે મેચોની સંખ્યા વધશે, પરંતુ ટીમોની સંખ્યા યથાવત રહેશે. ટુર્નામેન્ટમાં ફક્ત 10 ટીમો રમવાનું ચાલુ રાખશે. મેનેજમેન્ટ માને છે કે આ સમયે નવી ટીમો ઉમેરવી એ સમજદારીભર્યો નિર્ણય નહીં હોય, તેથી 10 ટીમો સાથે મેચોની સંખ્યા વધારવી એ શ્રેષ્ઠ વિકલ્પ છે.

## BAN vs PAK 1st Test : બાંગ્લાદેશના કેપ્ટનને પાકિસ્તાનને પાઠ ભણાવ્યો, કર્યું આ કારનામું

બાંગ્લાદેશના કેપ્ટન નઝમુલ હસન શાંતોએ ફરી એકવાર પોતાની ક્લાસ બતાવી, શાનદાર સદી ફટકારી. ડાબા હાથના આ બેટ્સમેનએ ઢાકાના શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં માત્ર 130 બોલમાં પોતાની સદી પૂરી કરી. શાંતોએ પોતાની ઈનિંગમાં બે છગ્ગા અને 12 ચોગ્ગા ફટકાર્યા, જે તેની કારકિર્દીની નવમી ટેસ્ટ સદી હતી. આ સાથે શાંતોએ એક મહત્વપૂર્ણ રેકોર્ડ પણ બનાવ્યો. તે સૌથી વધુ ટેસ્ટ સદીઓ સાથે બાંગ્લાદેશનો કેપ્ટન બની ગયો છે. તેણે માત્ર 30 ઈનિંગમાં આ સિદ્ધિ હાંસલ કરી.



નઝમુલ હસન શાંતોએ બાંગ્લાદેશના કેપ્ટન તરીકે 30 ઈનિંગમાં પાંચ સદી ફટકારી છે. તેણે મુશફિકુર રહીમનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે કેપ્ટન તરીકે ચાર ટેસ્ટ સદી ફટકારી હતી. મોમિનુલ હકે ત્રણ સદી ફટકારી હતી. શાંતોએ હવે 74 ટેસ્ટ ઈનિંગમાં નવ સદી ફટકારી છે. જો તે આ ગતિએ આગળ વધશે, તો તે ટૂંક સમયમાં બાંગ્લાદેશનો સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર ખેલાડી બની જશે. મોમિનુલ હકે બાંગ્લાદેશ માટે 140 ઈનિંગમાં 13 સદી ફટકારી છે. મુશફિકુર રહીમના નામે પણ 13 સદી છે અને તમીમ ઈકબાલે ૯ ટેસ્ટ સદી ફટકારી છે.

ઢાકા ટેસ્ટમાં, પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. શાહીન આફ્રિદીએ શાનદાર બોલિંગ કરી, મહમુદુલ હસન જોયને ૮ રનમાં આઉટ કરીને બાંગ્લાદેશને પહેલો ઝટકો આપ્યો. ત્યારબાદ હસન અલીએ શાદમાન ઈસ્લામને આઉટ કર્યો. બે શરૂઆતી વિકેટ ગુમાવ્યા બાદ, મોમિનુલ હક અને કેપ્ટન શાંતોએ ઈનિંગ્સને સ્થિર કરી. તેઓ ક્રીઝ પર મજબૂતીથી રમી રહ્યા હતા, 257 બોલમાં 170 રનની ભાગીદારી કરી હતી. બંને ખેલાડીઓએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું, જેના કારણે બાંગ્લાદેશ 26મી ઓવરમાં 100 રનનો આંકડો પાર કરી શક્યું અને બાંગ્લાદેશ લંચ સુધીમાં 101 રન સુધી પહોંચી ગયું. લંચ પછી, શાંતોએ માત્ર 71 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. તેણે અને મોમિનુલે 148 બોલમાં સદીની ભાગીદારી કરી. મોમિનુલે પણ 102 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. બાંગ્લાદેશે 52.1 ઓવરમાં 200 રનનો આંકડો પાર કર્યો. પોતાની અડધી સદી પછી, શાંતોએ આક્રમક રમત રમી અને 129 બોલમાં પોતાની સદી પૂરી કરી, પરંતુ સદી પૂરી કર્યાના થોડા સમય પછી જ મોહમ્મદ અબ્બાસના હાથે LBW આઉટ થઈ ગયો.

## 10 ખેલાડી સાથે રમી રહી છે RCB, કેવી રીતે ચેમ્પિયન બનશે રજતની ટીમ?

શરૂઆત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી આગળની સફર અને અંત. IPL 2026 માં પણ આવી જ વાર્તા ચાલી રહી છે, જ્યાં પંજાબ કિંગ્સ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની શરૂઆત વિસ્ફોટક હતી, પરંતુ હવે બંને ટીમો અચાનક હારનો સામનો કરી રહી છે. હાલમાં, બેંગલુરુ સતત બીજી હારનો સામનો કરી રહ્યું છે. લખનૌ સામેની હારથી બેંગલુરુની કેટલીક નબળાઈઓ છતી થઈ, અને એવું લાગે છે કે પ્રભાવશાળી ખેલાડીઓ હોવા છતાં, ટીમ હાલમાં 10 ખેલાડીઓ સાથે રમી રહી છે. બેંગલુરુનો તાજેતરનો હાર લખનૌ સુપરજાયન્ટ્સ સામે હતો, જ્યાં તેઓ 9 રનથી હારી ગયા. ટીમ 213 રનના લક્ષ્યનો પીછો કરી રહી હતી અને તેમ કરવામાં નિષ્ફળ રહી. આ સિઝનમાં બેંગલુરુનો આ ચોથો અને સતત બીજો હાર હતો. આ સિઝનમાં આ પહેલી મેચ હતી જેમાં પીછો કરતી વખતે બેંગલુરુ હારી ગયો હતો. સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી આ મેચમાં નિષ્ફળ ગયો, પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ ગયો. પરંતુ આ સિઝનમાં આ પહેલી વાર હતું જ્યારે તેનું બેટ સારું પ્રદર્શન કરી શક્યું ન હતું. બેંગલુરુની વાસ્તવિક સમસ્યા બે અન્ય ખેલાડીઓ સાથે છે.



હકીકતમાં, બેંગલુરુના બે બેટ્સમેન આ સિઝનમાં અત્યાર સુધી પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહ્યા છે. આ બે ઓપનર જેકબ બેથલ અને વિકેટકીપર-બેટ્સમેન જીતેશ શર્મા છે. બેથલની વાત કરીએ તો. બેંગલુરુએ ગયા વર્ષે આ યુવાન અંગ્રેજી બેટ્સમેનને જાળવી રાખ્યો હતો, પરંતુ ફિલ સોલ્ટ, ટિમ ડેવિડ અને રોમારિયો શેફર્ડ જેવા વિદેશી ખેલાડીઓની હાજરીને કારણે તેને તક મળી નથી. હવે, સોલ્ટની ઈજા સાથે, બેથલ પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. તેણે ચાર મેચમાં ફક્ત 43 રન બનાવ્યા છે. તેની સરેરાશ ફક્ત 10.75 છે. આ સોલ્ટ કરતા ઘણું ઓછું છે, જેણે છ ઈનિંગ્સમાં 202 રન બનાવ્યા છે.

બીજી તરફ, જીતેશ શર્મા, જે એક મજબૂત વિકેટકીપર સાબિત થયો છે, તે આ સિઝનમાં બેટથી સંપૂર્ણપણે ફ્લોપ રહ્યો છે. જીતેશે કેટલીક શક્તિશાળી ઈનિંગ્સ સાથે ગયા સિઝનમાં RCBની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે, આ સિઝનમાં જીતેશની બેટિંગ આપત્તિજનક રહી છે. તે આઠ ઈનિંગ્સમાં 8 ની સરેરાશથી ફક્ત 64 રન બનાવી શક્યો છે. આ IPLમાં રમતા તમામ વિકેટકીપર-બેટ્સમેનોમાં આ સૌથી ખરાબ સરેરાશ છે. બંને બેટ્સમેન RCB માટે નોંધપાત્ર યોગદાન આપવામાં નિષ્ફળ રહ્યા છે, જેના કારણે સતત બીજી વખત ટાઈટલ જીતવાની તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.

# રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેના રોમાંચક મુકાબલામાં લખનૌ સુપર જાયન્ટ્સની 9 રને શાનદાર જીત

IPLની 50મી મેચ લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે LSG અને RCB વચ્ચે રમાઈ હતી. જેમાં વરસાદને કારણે આ મેચ 19-19 ઓવરની કરવામાં આવી હતી. લખનૌએ બેંગ્લોરને DLS હેઠળ જીતવા માટે 213 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેમાં લખનૌની 9 રને જીત થઈ છે. જેમાં બેંગ્લોર 19 ઓવરમાં 6 વિકેટ ગુમાવી 203 રન જ બનાવી શક્યું હતું.




રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને છેલ્લી ઓવરમાં જીતવા માટે 20 રનની જરૂર હતી. પરંતુ રોમારિયો શેફર્ડ અને કૃણાલ પંડ્યા મેચ જીતાડી શક્યા નહીં. સ્પિનર દિગ્વેશ સિંહ રાઠીએ અંતિમ ઓવર ફેંકી હતી. જેમાં તેને માત્ર 10 રન જ આપ્યા હતા. બેંગ્લોરનું પ્રદર્શન આ સિઝનમાં શાનદાર રહ્યું છે. આરસીબીએ 10 માંથી 6 મેચ જીતી છે. આ દરમિયાન, લખનૌ સુપર જાયન્ટ્સે 10 માંથી માત્ર 3 મેચ જીતી છે. જેના લીધે તેમના માટે પ્લેઓફમાં પહોંચવું ખુબ મુશ્કેલ બન્યું છે.

આ મેચમાં જેકબ બેથેલને મોહમ્મદ શમીએ 4 રન બનાવીને આઉટ કર્યો હતો. તો વિરાટ કોહલી પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો હતો અને પ્રિન્સ યાદવની ઓવરમાં બોલ્ડ થયો હતો. એવામાં દેવદત્ત પડિકલ અને રજત પાટીદારે 95 રનની પાર્ટનરશીપ નોંધાવી હતી. એવામાં પ્રિન્સ યાદવે પડિકલને આઉટ કરીને આ ભાગીદારી તોડી હતો. પડિકલે 25 બોલમાં 3 ચોગ્ગા અને એક છગ્ગા ફટકારીને 34 રન બનાવ્યા હતા. ત્યારબાદ પ્રિન્સે જીતેશ શર્મા (1 રન) ને આઉટ કર્યો હતો.

આ મેચમાં કેપ્ટન રજત પાટીદારે વિસ્ફોટક બેટિંગ કરીને ફિફ્ટી મારી હતી. પાટીદારે 31 બોલમાં 61 રનનું યોગદાન આપ્યું હતું, જેમાં 6 છગ્ગા અને 3 ચોગ્ગાનો સમાવેશ થાય છે. ટિમ ડેવિડે પણ આક્રમક બેટિંગ કરીને 17 બોલમાં 40 રન બનાવ્યા હતા. જેમાં 4 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થાય છે. ત્યાંથી રોમારિયો શેફર્ડ (23*) અને કૃણાલ પંડ્યા (28*) એ મેચને રોમાંચક બનાવી હતી.

તો પહેલી ઈનિંગમાં લખનૌ સુપર જાયન્ટ્સે 19 ઓવરમાં 3 વિકેટે 209 રન બનાવ્યા હતા. લખનૌએ શાનદાર શરૂઆત કરી હતી. જેમાં મિશેલ માર્શ અને અર્શીન કુલકર્ણીએ પ્રથમ વિકેટ માટે 95 રનની પાર્ટનરશીપ કરી હતી. જેમાં અર્શીને માત્ર 17 રન બનાવ્યા હતા પરંતુ તેને માર્શને સારો સાથ આપ્યો હતો. આ દરમિયાન માર્શે માત્ર 20 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. અર્શીન આઉટ થયા બાદ પણ મિશેલ માર્શે તેની વિસ્ફોટક બેટિંગ ચાલુ રાખી હતી. માર્શે 49 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી જોકે, સદી ફટકાર્યા બાદ માર્શ વધુ સમય સુધી ક્રીઝ પર ટકી શક્યો નહતો અને જોશ હેઝલવુડના બોલ પર આઉટ થયો હતો. માર્શે 56 બોલમાં 111 રન બનાવ્યા હતા. જેમાં 9 છગ્ગા અને 9 ચોગ્ગાનો સમાવેશ થાય છે.

અત્યાર સુધી IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે કુલ 8 મેચ રમાઈ છે. જેમાં અત્યાર સુધી લખનૌ 3 મેચ જીત્યું છે તો બેંગ્લોર 5 મેચ જીત્યું છે.

## દિલ્હી અને કોલકાતા સમાન પરિસ્થિતિમાં, જાણો પ્લેઓફ રેસમાં કોનો હાથ ઉપર?

દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ IPL 2026 ના 51મા મુકાબલામાં ટકરાશે. નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજાનારી આ મેચ બંને ટીમોને પ્લેઓફમાં પોતાની તકો મજબૂત કરવાની તક આપે છે. હાલમાં, બંને ટીમો પોઈન્ટ ટેબલમાં નીચેના ચારમાં છે, અને ટોચના ચારમાં પહોંચવા માટે ઘણા પ્રયત્નોની જરૂર પડશે, કારણ કે તેમની સ્થિતિ લગભગ સમાન છે. તેથી, બંને ટીમો માટે પ્લેઓફની સંભાવનાઓ અને એક ટીમ શા માટે ઉપર છે તે સમજવું મહત્વપૂર્ણ છે. સૌપ્રથમ, બંને ટીમોના અત્યાર સુધીના પ્રદર્શનને ધ્યાનમાં લેતા, દિલ્હી કેપિટલ્સે 10 મેચ રમી છે અને 4 જીત સાથે 8 પોઈન્ટ છે. ટેબલમાં તેમનું સ્થાન હાલમાં ખરાબ છે, અને તેઓ 7મા સ્થાને છે. દરમિયાન, કોલકાતા નાઈટ રાઈડર્સે 9 મેચ રમી છે અને 3 જીત સાથે 7 પોઈન્ટ મેળવ્યા છે. તેમની એક મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. હાલમાં, અજિંક્ય રહાણેની ટીમ દિલ્હીથી નીચે આઠમા સ્થાને છે. ચાલો બંને ટીમોના પ્લેઓફમાં પહોંચવાના સમીકરણને સમજાવીએ.

પહેલાં, દિલ્હી વિશે વાત કરીએ. અક્ષર પટેલની કેપ્ટનશીપ હેઠળની ટીમ પાસે હવે ફક્ત ચાર મેચ રમવાની છે, જેમાંથી બે કોલકાતા સામે છે. ટીમે 16 પોઈન્ટ મેળવવા અને પ્લેઓફ માટે ક્વોલિફાય થવા માટે ચારેય જીતવી પડશે. જોકે, સમસ્યા એ છે કે ટીમની ચાર મેચોમાંથી બે ખૂબ જ મુશ્કેલ છે. એક ઘરઆંગણે પંજાબ કિંગ્સ સામે છે, અને બીજી રાજસ્થાન રોયલ્સ સામે છે. બંને ટીમો પોઈન્ટ ટેબલમાં ટોચના ચારમાં છે અને પ્લેઓફ માટે મજબૂત દાવેદાર છે. કોલકાતા નાઈટ રાઈડર્સની વાત કરીએ તો, તેઓએ અત્યાર સુધીમાં ફક્ત નવ મેચ રમી છે. ભલે તેઓ દિલ્હીથી એક પોઈન્ટ પાછળ હોય, પરંતુ તેમની પાસે દિલ્હી કરતા એક વધુ મેચ છે. ટીમ પાસે હજુ પાંચ મેચ રમવાની બાકી છે. આમાંથી બે મેચ દિલ્હી સામે છે, જ્યારે બાકીની ત્રણ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સામે છે. જો કોલકાતા પાંચેય મેચ જીતી જાય, તો તે 17 પોઈન્ટ સુધી પહોંચી શકે છે, જેનાથી પ્લેઓફમાં સ્થાન સુનિશ્ચિત થઈ શકે છે. જોકે, આ હાંસલ કરવા માટે, તેને બેંગ્લોર અને ખાસ કરીને મુંબઈ સામે મજબૂત પ્રદર્શન કરવાની જરૂર પડશે. બેંગ્લોર ફોર્મમાં છે, અને તેમને હરાવવું સરળ રહેશે નહીં. દરમિયાન, કોલકાતાનો મુંબઈ સામે ખરાબ રેકોર્ડ છે.

## આઈપીએલમાં હનીટ્રેપનું એલર્ટ, BCCIનું કડક ફરમાન, હોટલ રૂમમાં 'બહારનાઓ'ને નો એન્ટ્રી

2026 ની ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) સીઝન શરૂ થવાના દિવસે જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તમામ ફ્રેન્ચાઈઝીઓને સખત સલાહ આપી છે. ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફની સુરક્ષા અને ખાનગીતા માટે હોટલના રૂમમાં બહારના લોકોના પ્રવેશ પર કડક નિયંત્રણો લાગુ કર્યા છે. વાસ્તવમાં BCCIના સચિવ દેવજીત સૈકિયાએ ફ્રેન્ચાઈઝીઓને સત્તાવાર સૂચના આપી છે કે, ટીમ મેનેજરની જાણકારી અને લેખિત મંજૂરી વિના કોઈપણ મહેમાન, ખેલાડી અથવા સ્ટાફના રૂમમાં પ્રવેશ નહીં મેળવી શકે. અગાઉ કેટલાક કેસોમાં મહેમાનોની હાજરી ટીમ મેનેજરને ખબર ન હતી અને આ બાબતે જોખમ ઊભું થયું હતું. હવે આ નિયમનો સખત પાલન કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

નવી માર્ગદર્શિકા અનુસાર કોઈપણ મુલાકાતીઓને માત્ર હોટલના જાહેર વિસ્તારોમાં, જેમ કે લોબી અથવા રિસેપ્શન લાઉન્જમાં જ મળવાની મંજૂરી હશે. ખાનગી રૂમમાં મહેમાનોની હાજરી માટે ટીમ મેનેજરની લેખિત પરવાનગી અનિવાર્ય રહેશે. BCCIએ હનીટ્રેપ અને અન્ય સુરક્ષા જોખમો વિશે પણ ફ્રેન્ચાઈઝીઓને ચેતવણી આપી છે. હાઈ-પ્રોફાઈલ રમતગમતના વાતાવરણમાં લક્ષિત સમાધાન, હનીટ્રેપ અને જાતીય સતામણી જેવા ગંભીર કાનૂની જોખમો રહેલા હોઈ શકે છે. તમામ ફ્રેન્ચાઈઝીઓને સતત સતર્ક રહેવાની અને ખેલાડીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી આપવામાં આવી છે. સચિવ દેવજીત સૈકિયાના સત્તાવાર સૂચનામાં કેટલાક મુખ્ય મુદ્દાઓને ખાસ ધ્યાનમાં રાખવા સૂચના આપવામાં આવી છે. પ્રથમ, કોઈપણ વ્યક્તિ જો તે ટીમના સભ્યનો વ્યક્તિગત સંબંધ ધરાવે તો પણ ટીમ મેનેજરની લેખિત મંજૂરી વિના ખેલાડી અથવા સપોર્ટ સ્ટાફના હોટલ રૂમમાં પ્રવેશ નહીં મેળવી શકે. મહેમાનો માત્ર હોટલના જાહેર વિસ્તારો, જેમ કે લોબી અથવા રિસેપ્શન લાઉન્જમાં જ મળવા માટે સીમિત રહેશે, અને ખાનગી રૂમમાં પ્રવેશ માટે ટીમ મેનેજરની લેખિત પરવાનગી જરૂરી છે. BCCIએ ફ્રેન્ચાઈઝીઓને "લક્ષિત સમાધાન" અને "હની ટ્રેપિંગ" જેવા જોખમો અંગે પણ ચેતવણી આપી છે, જે હાઈ-પ્રોફાઈલ ટુર્નામેન્ટમાં વારંવાર જોવા મળે છે. જાતીય સતામણી જેવા કાનૂની મુદ્દાઓની શક્યતા સંપૂર્ણ રીતે નકારી શકાય નહીં, તેથી ટીમોએ હંમેશા સક્રિય અને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને ટીમ માલિકો/અધિકારીઓએ હોટલ અને સ્ટેડિયમમાં હંમેશા તેમના એક્રેડિટેશન કાર્ડ પહેરવા ફરજિયાત રહેશે. મેચ દરમિયાન માલિકો અથવા અધિકારીઓને ખેલાડીઓ અથવા સ્ટાફ સાથે સીધા સંપર્ક કરવાની મંજૂરી આપવામાં નહીં આવે, ભલે તે ડગઆઉટમાં કે ડ્રેસિંગ રૂમમાં હોય. સુરક્ષા વધારવા માટે BCCI અને IPL ઓપરેશન ટીમ દ્વારા એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, જે હોટલની નિયમિત તપાસ કરશે. પરવાનગી વિના પ્રવેશ કરતા ખેલાડીઓ, સ્ટાફ અથવા માલિકો સામે કડક કાર્યવાહી થશે. આ નિયમોનો ઉદ્દેશ ખેલાડીઓની સલામતી અને હોટલ/સ્ટેડિયમમાં યોગ્ય વ્યવસ્થાને સુનિશ્ચિત કરવાનો છે.

# તળાજીયા ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા તળાજા ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું




તળાજા

તળાજીયા ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા તાજેતરમાં તળાજા ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં જ્ઞાતિજનો ઉપરાંત તળાજા અને આજુબાજુના વિસ્તારોના લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

તળાજા ખાતે દરવર્ષે તુલજા ભવાની માતાજીના પાટોત્સવ વખતે જ્ઞાતિજનો દ્વારા કંઈક નવું કરવાની કોશીશ રહેતી હોય છે, જેમાં આ વખતે જ્ઞાતિના જ ડોક્ટરોની ટીમે વિનામૂલ્યે નિદાન કરીને કેટલાંય લોકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સર્વરોગ નિદાન કેમ્પમાં જ્ઞાતિના અનુભવી ડો. જનકભાઈ ભટ્ટની આગેવાનીવાળી તેમની યુવા ટીમના ડોક્ટરોમાં ડો. હર્ષ ભટ્ટ, ડો. વૃંદા ત્રિવેદી, ડો. ખ્યાતિ ઉપાધ્યાય, ડો. દર્શક ભટ્ટ તથા ડો. સ્તુતિ દેસાઈ (પીટી) દ્વારા ફ્રીમાં હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું, જેમાં કેટલાય લોકોને ગંભીર કહી શકાય તેવા રોગોનું પણ નિદાન થયું હતું અને તેમને શું સારવારની જરૂર છે તેની સલાહ પણ આ ડોક્ટરોની ટીમ દ્વારા પૂરી પડાઈ હતી. પાટોત્સવ દરમિયાન જ્ઞાતિનું મહાસંમેલન પણ યોજાતું હોય છે, જેમાં આવા સેવાના વધુ કાર્યો હાથ ધરાય તે માટે નિર્ધાર કરાયો હતો. આ ઉપરાંત માતાજીના નૂતન મંદિરના નિર્માણ માટે હવે આગળનો વિસ્તૃત પ્લાનની ચર્ચા પણ કરાઈ હતી. જ્ઞાતિના અગ્રણીઓ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા, જેમાં જ્ઞાતિને લગતા ઘણા કામોમાં ફેરફારની શું જરૂર છે તેની વિગતવાર માહિતી અપાઈ હતી.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવશે ગુજરાત

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧મીએ સોમનાથ જશે

સોમનાથ, તા.૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ મે, સોમવારના રોજ સોમનાથ મંદિરની મુલાકાત લેશે. તેઓ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. ર મોદીએ લખ્યું, "૧૧ મેના રોજ ફરી એકવાર નવીનીકૃત સોમનાથ મંદિરના ઉદ્ઘાટનની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરવાનો મને લહાવો મળશે. આ પ્રસંગ આપણને યાદ અપાવે છે કે કેવી રીતે રાષ્ટ્રની પેઢીઓએ આ પવિત્ર સ્થળના રક્ષણ અને પુનઃનિર્માણ માટે અથાક સંઘર્ષ કર્યો. આ અવસરે , હું ભવ્ય અને દિવ્ય સોમનાથ મંદિર પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું..."

પીએમ મોદીએ આગળ લખ્યું, "સોમનાથ ફક્ત એક મંદિર નથી, તે આપણી સભ્યતાનો અવિચળ સંકલ્પ છે. તે પહેલાં લહેરાતો વિશાળ સમુદ્ર શાશ્વતતાની ભાવના જગાડે છે. તેના મોજા આપણને શીખવે છે કે, ગમે તેટલા ભયંકર તોફાનો આવે, માનવ હિંમત અને આત્મવિશ્વાસ ફરીથી ઉભરી શકે છે. કિનારા પર અથડાતા મોજા સદીઓથી જાહેર કરી રહ્યા છે કે માનવ ચેતનાને લાંબા સમય સુધી દબાવી શકાતી નથી. આપણા પ્રાચીન શાસ્ત્રો કહે છેઃ પ્રભાસમ ચ પરિક્રમ્ય પૃથ્વીવિક્રમસંભવમ. આનો અર્થ એ છે કે દિવ્ય પ્રભાસ (સોમનાથ) ની પરિક્રમા કરવી એ આખી પૃથ્વીની પરિક્રમા કરવા જેવું છે! જ્યારે લોકો અહીં દર્શન અને પૂજા માટે આવે છે, ત્યારે તેઓ એક એવી સંસ્કૃતિની અદ્ભુત સાતત્યનો પણ અનુભવ કરે છે જેનો પ્રકાશ ક્યારેય બુઝાયો નથી. સામ્રાજ્યો આવ્યા અને ગયા, સમય બદલાયો, અને ઈતિહાસે ઘણા ઉતાર-ચઢાવ જોયા, છતાં સોમનાથ હંમેશા આપણા હૃદયમાં રહ્યો છે."

વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં, મને સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેવાનો લહાવો મળ્યો. સોમનાથ મંદિર પરના પહેલા હુમલાના હજાર વર્ષ પછી પણ, આ મંદિરના શાશ્વત અને અવિનાશી અસ્તિત્વનો ઉત્સવ હતો.

હવે, ૧૧ મે ના રોજ, મને ફરી એકવાર સોમનાથની મુલાકાત લેવાની તક મળી છે. આ વખતે, આ મુલાકાત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઉદ્ઘાટનની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી માટે છે. હું તે ક્ષણને ફરીથી જીવવા જઈ રહ્યો છું જ્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદે મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. તે દિવસે, વિનાશથી સર્જન સુધીની સોમનાથની સફર ફરી જીવંત થશે. છ મહિનાની અંદર સોમનાથના ઈતિહાસમાં આ બે મહત્વપૂર્ણ સીમાચિહ્નો જોવા મળવાનું મારા માટે એક મહાન સૌભાગ્ય છે.

### મણિશંકર અય્યર પાર્ટી પર બગડ્યાં

## વિજયને સમર્થન આપવું એ કોંગ્રેસનો વાહિયાત નિર્ણય

નવી દિલ્હી, તા.૮

તમિલનાડુના રાજકારણમાં અત્યારે ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. નવી સરકારની રચનાને લઈને ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે કોંગ્રેસે વર્ષો જૂનું ગઠબંધન તોડીને અભિનેતા વિજયની પાર્ટી TVKને સમર્થન આપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસના આ નિર્ણયની ચારેબાજુ ટીકા થઈ રહી છે, એટલું જ નહીં પણ પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ આ નિર્ણયથી નારાજ જોવા મળી રહ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પોતાની જ પાર્ટીના નિર્ણયની આકરી ટીકા કરતા તેને ખૂબ જ ભયાનક ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસનું આ પગલું માત્ર સત્તા મેળવવા માટેની 'ઘટિયા રાજકીય તકવાદ' સિવાય બીજું કંઈ નથી. અય્યરે એવી ચેતવણી પણ આપી કે જો આ નિર્ણયને કારણે ભાજપને તમિલનાડુમાં પગપેસારો કરવાની તક મળશે, તો તે કોંગ્રેસનો પોતાના જ પગ પર કુહાડો મારવા જેવો કિસ્સો ગણાશે. તેમના મતે, જે TVK પાર્ટી સામે કોંગ્રેસે ચૂંટણી લડી હતી, તેની સાથે જ હાથ મિલાવવો એ પક્ષ માટે ઘણું નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ રાજકીય વળાંક અત્યારે રાજ્યના રાજકારણમાં ઘણો મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે પણ કોંગ્રેસના આ વલણ પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કોંગ્રેસને શિખામણ આપતા કહ્યું કે મુશ્કેલ સમયમાં સાથી પક્ષનો સાથ છોડવો જોઈએ નહીં. તમિલનાડુમાં DMK સાથેનો છેડો ફાડીને કોંગ્રેસે જે રીતે પક્ષ પલટો કર્યો છે, તેનાથી વિપક્ષી ગઠબંધનની એકતા પર પણ સવાલો ઊભા થયા છે.

### તમામ અધિકારીઓએ પોતાના રાજીનામાં સોંપી દીધા

# એડવોકેટ જનરલ સહિત ૧૦૦ અધિકારીઓના રાજીનામાં

ચેન્નાઈ, તા.૮

તમિલનાડુમાં નવી સરકારની રચનાને લઈને ચાલી રહેલી રાજકીય અનિશ્ચિતતા વચ્ચે હવે એક મોટું વહીવટી સંકટ સર્જાયું છે. રાજ્ય સરકાર વતી અદાલતોમાં પક્ષ રાખતા ૧૦૦થી વધુ કાયદાકીય અધિકારીઓએ સામૂહિક રીતે પોતાના પદ પરથી રાજીનામાં આપી દીધા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પશ્ચિમ બંગાળમાં પણ તૃણમૂલ કોંગ્રેસની સત્તા ગયા બાદ અને ભાજપના આગમન સાથે જ આ પ્રકારનો મોટો ફેરફાર જોવા મળ્યો હતો.

તમિલનાડુના એડવોકેટ જનરલ પી.એસ. રમણના નેતૃત્વમાં આ તમામ અધિકારીઓએ પોતાના રાજીનામાં સોંપી દીધા છે. સામાન્ય રીતે સરકારી વકીલો અને કાયદાકીય અધિકારીઓની નિમણૂક રાજકીય રીતે થતી હોય છે. પરંપરા મુજબ, જ્યારે પણ રાજ્યમાં સત્તા પરિવર્તન થાય અથવા નવી સરકાર આવવાની તૈયારીમાં હોય ત્યારે જૂની સરકાર દ્વારા નિમણૂક પામેલા અધિકારીઓ પદ છોડી દેતા હોય છે, જેથી નવી સરકાર પોતાની પસંદગીના નિષ્ણાતોની નિમણૂક કરી શકે.

રાજીનામાં આપ્યા હોવા છતાં, આ અધિકારીઓને હજુ એક અઠવાડિયા સુધી પદ પર ચાલુ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સરકાર નથી ઈચ્છતી કે અદાલતોમાં રાજ્યનો પક્ષ રાખવા માટે કોઈ પ્રતિનિધિ ન હોય. સામાન્ય રીતે નવી સરકાર વચગાળાની વ્યવસ્થા તરીકે ત્રણ-ચાર વકીલોની નિમણૂક કરતી હોય છે, પરંતુ વિજયની પાર્ટી (ફ્દ્ધ)ની સરકાર બનવા પર સર્જાયેલા સસ્પેન્સને કારણે હજુ સુધી કોઈ નવી નિમણૂક થઈ શકી નથી. નિયમ મુજબ, જેમ જ નવી સરકાર શપથ લેશે, તે પોતાની વિચારધારા અને પક્ષ સાથે જોડાયેલા અનુભવી વકીલોને આ મહત્ત્વના પદો પર નિયુક્ત કરશે. હાલમાં તમિલનાડુ સરકાર તરફથી વિવિધ અદાલતોમાં પક્ષ રાખવા માટે ૧૦૦થી વધુ અધિકારીઓની ટીમ કાર્યરત છે, જેમનું ભવિષ્ય હવે આગામી સરકારના સ્વરૂપ પર નિર્ભર છે.

### કેનેડાના બે ટૂકડાની તૈયારી

# અલ્બર્ટાને અલગ દેશ બનાવવા જનમત સંગ્રહ થશે

ઓટાવા, તા.૮

કેનેડાના પશ્ચિમી રાજ્ય અલ્બર્ટામાં એક સ્વતંત્ર દેશ બનવાની માગ દિવસેને દિવસે વધુ પ્રબળ બની રહી છે. ઓઈલ અને ગેસનો વિપુલ ભંડાર ધરાવતા અને કેનેડાનું પેટ્રોલિયમ હબ ગણાતાં અલ્બર્ટાને કેનેડાથી અલગ કરવા લોકમત સંગ્રહ કરાવવા માટે અલગતાવાદીઓએ શરૂ કરેલી ઝૂંબેશે જોર પકડ્યું છે. અલગતાવાદીઓના દાવા અનુસાર, તેમણે આશરે ત્રણ લાખથી વધુ લોકોની સહીઓ લીધી છે, જે જનમત સંગ્રહ કરાવવા માટે જરૂરી હોય તેના કરતાં ઘણી વધારે છે. અલગ રાષ્ટ્ર બનાવવાની ચળવળના નેતા મિચ સિલવેસ્ટ્રેના જણાવ્યા અનુસાર, અમે લોકોની સહીઓવાળું આવેદનપત્ર ચૂંટણી અધિકારીઓને સોંપ્યું છે. હવે આ આંદોલન નવા તબક્કામાં પ્રવેશ્યું છે. જોકે આટલું સમર્થન મળ્યાનો અર્થ જનમત સંગ્રહ થશે જ તેવો નથી. ચૂંટણી પંચ આ તમામ સહીઓની તપાસ કરશે. આ પ્રક્રિયા પર હાલ કોર્ટના આદેશને કારણે રોક લગાવાઈ છે. અલ્બર્ટાના પ્રીમિયર ડેનિયલ સ્મિથે આ બાબતે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, જનમત સંગ્રહ માટે જરૂરી ૧.૭૮ લાખ સહીઓથી વધુ સહીઓ મળશે તો વોટિંગની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવશે.

જોકે તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, તેઓ વ્યક્તિગત રીતે કેનેડાથી અલગ થવાની બિલકુલ તરફેણમાં નથી. મળતા અહેવાલો અનુસાર, તમામ કાયદાકીય અવરોધો દૂર થવાના સંજોગોમાં રાજ્યમાં ૧૯ ઓક્ટોબરના રોજ લોકમત સંગ્રહની સાથેસાથે જ બંધારણ અને ઈમિગ્રેશન જેવા મુદ્દાઓ પર પણ મતદાન કરાવવાની યોજના છે.પ્રસ્તાવિત જનમત સંગ્રહમાં લોકોને અલ્બર્ટાને કેનેડાથી અલગ થઈ એક સ્વતંત્ર દેશ બનવું જોઈએ કે કેમ તેવો સવાલ પૂછવામાં આવશે.

# ૭૧માં રેલવે સપ્તાહ: અમદાવાદ મંડળે જીત્યા ૭ કુશળતા શીલ્ડ




પશ્ચિમ રેલવેના ૭૧મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહનું આયોજન ૮ મે, ૨૦૨૬ના રોજ મુંબઈ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું? આ પુરસ્કાર સમારોહ દર વર્ષે પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની કઠિન મહેનત, સમર્પણ અને ઉત્કૃષ્ટ કાર્યનિષ્પાદનને સન્માનિત કરવા માટે યોજવામાં આવે છે? પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેયએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રેલ સપ્તાહ દરમિયાન વિવિધ શ્રેણીઓમાં મંડળો અને એકમોને કાર્યક્ષમતા શીલ્ડો એનાયત કરવામાં આવી, જેઓ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે પસંદ થયા હતા? પશ્ચિમ રેલવેએ ભારતીય રેલવેમાં ટ્રેનોની સમયપાલનક્ષમતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

૭૧મા રેલવે સપ્તાહ પુરસ્કાર સમારંભમાં અમદાવાદ મંડળે પોતાની કાર્યકુશળતા અને પ્રતિબદ્ધતાનો પરિચય આપતાં એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે આ ગરિમાપૂર્ણ આયોજનમાં મંડળે વિવિધ શ્રેણીઓમાં કુલ ૦૭ કુશળતા શીલ્ડ પોતાના નામે કરી, જે ફક્ત પરિચાલન કૌશલને જ દર્શાવતી નથી, પરંતુ પશ્ચિમ રેલવેની અંદર તેની શ્રેષ્ઠ કાર્યસંસ્કૃતિને પણ પ્રમાણિત કરે છે. આ સફળતાની સૌથી વિશેષ કડી પશ્ચિમ રેલવેની પ્રથમ 'જનસંપર્ક શીલ્ડ' રહી, જેને જીતીને અમદાવાદ મંડળે જન-સંવાદ અને સૂચના પ્રસારણના ક્ષેત્રમાં એક નવું પરિમાણ સ્થાપિત કર્યું છે.

મંડળની સામૂહિક કાર્યક્ષમતાનું પ્રદર્શન એ પુરસ્કારોમાં પણ દેખાયું જે અન્ય મંડળો સાથે શેર કર્યા. સિવિલ એન્જિનિયરીંગ શીલ્ડને વડોદરા મંડળ સાથે, જ્યારે રોલિંગ સ્ટૉક શીલ્ડને મુંબઈ સેન્ટ્રલ મંડળ સાથે શેર કરવામાં આવ્યા. પરિચાલન અને માલ લોડિંગના ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખતાં અમદાવાદ મંડળે 'ઑપરેટિંગ શીલ્ડ' અને 'બેસ્ટ લોડિંગ એફર્ટ શીલ્ડ' ને રતલામ મંડળ સાથે સંયુક્તરૂપે પ્રાપ્ત કર્યા. આ ઉપરાંત, મૂળભૂત માળખાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં 'સર્વે અને કન્સ્ટ્રક્શન શીલ્ડ' ને ઉપ મુખ્ય એન્જિનિયર- (બાંધકામ), અમદાવાદ દ્વારા રતલામની સાથે શેરીંગ ધોરણે પ્રાપ્ત કર્યુ, જે મંડળના વિસ્તારવાદી દ્રષ્ટિકોણ અને ટીમ વર્કની ભાવનાને મજબૂત કરે છે.

આ ગૌરવશાળી અવસર પર મંડળ રેલવે મેનેજર અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા એ આ સફળતાનો શ્રેય સમગ્ર ટીમના સામૂહિક પ્રયત્નો અને સમર્પણને આપ્યો. તેમણે રેખાંકિત કર્યું કે અમદાવાદ મંડળનો પ્રાથમિક ધ્યેય હંમેશા યાત્રી સુરક્ષાને સર્વોપરિ રાખવાનો અને યાત્રા અનુભવને સુખદ બનાવવા માટે ઉચ્ચ સ્તરની સુવિધાઓ સુનિશ્ચિત કરવાનો છે. તેમણે તમામ અધિકારીઓ ને કર્મચારીઓને આ સફળતા માટે અભિનંદન આપતાં ભવિષ્યમાં પણ કાર્ય અમલીકરણ માટે ઉચ્ચ પરિમાણોને જાળવી રાખવાનો આહ્વાન કર્યું.

# રેલ સપ્તાહ પુરસ્કાર માં વડોદરા મંડળને મળી ૧૦ પ્રતિષ્ઠિત શીલ્ડ



પશ્ચિમ રેલવેના ૭૧મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહનું આયોજન, ૦૮ મે ૨૦૨૬ ના રોજ મુંબઈ સ્થિત નરીમન પોઇન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઑડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ પુરસ્કાર સમારોહ દર વર્ષે પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની કઠિન મહેનત અને સમર્પણને સન્માનિત કરવા માટે યોજવામાં આવે છે, જે હંમેશા પડકારોનો સામનો કરવા માટે તૈયાર રહે છે. રેલ સપ્તાહ દરમિયાન વિવિધ શ્રેણીઓમાં મંડળો/એકમોને કાર્યક્ષમતા શિલ્ડો એનાયત કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ અવસરે મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિવિધ ક્ષેત્રોમાં સર્વોત્તમ કાર્યક્ષમતા દર્શાવનાર મંડળો અને એકમોને પ્રતિષ્ઠિત મહાપ્રબંધક સર્વાંગી કાર્યક્ષમતા શિલ્ડ સહિત કુલ ૨૮ કાર્યક્ષમતા શિલ્ડો પ્રદાન કરવામાં આવી.

વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે એ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી બદલ વડોદરા મંડળને પ્રતિષ્ઠિત ૧૦ કાર્યક્ષમતા શિલ્ડ પ્રાપ્ત થયા છે. મંડળને ૧૦ શિલ્ડ પ્રાપ્ત થવા બદલ મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ મંડળના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે આ સિદ્ધિ અધિકારીઓ અને કર્મચારીઓના સામૂહિક પ્રયત્નોનું પરિણામ છે. ભવિષ્યમાં પણ અમે આવી જ રીતે સતત કાર્ય કરતા રહીશું જેથી વડોદરા મંડળને વધુમાં વધુ શિલ્ડ પ્રાપ્ત થઈ શકે.

વડોદરા મંડળને પ્રતિષ્ઠિત અકાઉન્ટ શિલ્ડ, કમર્શિયલ શિલ્ડ, ટ્રેક્શન શિલ્ડ, મેડિકલ શિલ્ડ, સ્ક્રેપ મોબિલાઇઝેશન શિલ્ડ તેમજ શ્રેષ્ઠ વર્કશોપ ટ્રોફી (પ્રતાપનગર વર્કશોપ) પ્રાપ્ત થઈ છે. સાથે જ સિવિલ એન્જિનિયરિંગ શિલ્ડ અમદાવાદ મંડળ સાથે સંયુક્ત રીતે, ઈહરસ ટ્રોફી રતલામ મંડળ સાથે સંયુક્ત રીતે, સેફ્ટી શિલ્ડ ભાવનગર મંડળ સાથે સંયુક્ત રીતે અને સિક્યુરિટી શિલ્ડ મુંબઈ સેન્ટ્રલ મંડળ સાથે સંયુક્ત રીતે પ્રાપ્ત થઈ છે, જે મંડળ માટે નોંધપાત્ર સિદ્ધિ છે.

સંયુક્ત રીતે પ્રાપ્ત થયેલી શિલ્ડ બંને મંડળો પાસે છ-છ મહિના સુધી રહેશે. જેમાં સિવિલ એન્જિનિયરિંગ શિલ્ડ પ્રથમ છ મહિના વડોદરા મંડળ પાસે અને ત્યારબાદના છ મહિના અમદાવાદ મંડળ પાસે રહેશે. ઈહરસ્ટ્રોફી પ્રથમ છ મહિના રતલામ મંડળ પાસે અને ત્યારબાદના છ મહિના વડોદરા મંડળ પાસે રહેશે. સેફ્ટી શિલ્ડ પ્રથમ છ મહિના ભાવનગર મંડળ પાસે અને ત્યારબાદના છ મહિના વડોદરા મંડળ પાસે રહેશે. તેમજ સિક્યુરિટી શિલ્ડ પ્રથમ છ મહિના મુંબઈ સેન્ટ્રલ મંડળ પાસે અને ત્યારબાદના છ મહિના વડોદરા મંડળ પાસે રહેશે.



શ્રી બાબા રામદેવ દેવસ્થાન ટ્રસ્ટ શ્રીરામધામ મંદિર આયોજિત સનાતન શ્રીરામધામ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પરમ પૂજ્ય વૈષ્ણવ સમ્રાટ શ્રી મોહનદાસજી મહારાજ, કાર્યાધ્યક્ષ અ. ભા. સંત સમિતિ, ગુજરાત, શ્રીરામધામ મંદિર, થલતેજ, ટ્રસ્ટી મંડળ દ્વારા ખાસ નિમંત્રણ મળતાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્ગુરુ શાસ્ત્રી શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી સંતવૃંદ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવમાં સંત સંમેલન, યજ્ઞ પ્રારંભ, દેવતા પૂજન કળશયાત્રા, મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા, પોથીયાત્રા, કથા ભાગવત્ પારાયણ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. ભારતભરમાંથી વિવિધ મઠોના મઠાધિપતિઓ ૩૦૦ ઉપરાંતની મોટી સંખ્યામાં પધાર્યા હતા.

## ઉત્તર પશ્ચિમ રેલવેના સમદડી-લૂણી સેક્શનમાં RUB બાંધકામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર પશ્ચિમ રેલવેના સમદડી-લૂણી સેક્શનમાં દૂદિયા અને દૂંદાડા સ્ટેશનો વચ્ચે રોડ અન્ડર બ્રિજ (RUB) બાંધકામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ બ્લૉકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

રદ ટ્રેનો

ટ્રેન નંબર ૧૪૮૯૩ ભગત કી કોઠી–પાલનપુર એક્સપ્રેસ તારીખ ૧૦.૦૫.૨૦૨૬, ૧૭.૦૫.૨૦૨૬, ૨૨.૦૫.૨૦૨૬, ૨૯.૦૫.૨૦૨૬, ૦૭.૦૬.૨૦૨૬ અને ૧૪.૦૬.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર ૧૪૮૯૪ પાલનપુર–ભગત કી કોઠી એક્સપ્રેસ તારીખ ૧૧.૦૫.૨૦૨૬, ૧૮.૦૫.૨૦૨૬, ૨૩.૦૫.૨૦૨૬, ૩૦.૦૫.૨૦૨૬, ૦૮.૦૬.૨૦૨૬ અને ૧૫.૦૬.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર ૭૪૮૪૧/૭૪૮૪૨ ભગત કી કોઠી – ભીલડી - ભગત કી કોઠી પેસેન્જર તારીખ ૧૭.૦૫.૨૦૨૬ અને ૨૯.૦૫.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

રિશિડ્યુલ ટ્રેન

ટ્રેન નંબર ૭૪૮૪૨ ભીલડી - ભગત કી કોઠી પેસેન્જર તારીખ ૧૦.૦૫.૨૦૨૬, ૨૨.૦૫.૨૦૨૬ અને ૧૪.૦૬.૨૦૨૬ ના રોજ ભીલડીથી ૦૧ કલાક મોડી રવાના થશે.

## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને સુલતાનપુર વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી અને સુલતાનપુર વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ પ્રમાણે છે :

ૠ ટ્રેન નંબર ૦૪૨૧૫/૦૪૨૧૬ સાબરમતી-સુલતાનપુર-સાબરમતી સ્પેશિયલ (કુલ ૧૮ ફેરા)

ટ્રેન નંબર ૦૪૨૧૫ સાબરમતી-સુલતાનપુર સ્પેશિયલ ૧૮ મે ૨૦૨૬ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધી દરેક સોમવારે સાબરમતીથી સવારે ૦૮:૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૭:૦૦ કલાકે સુલતાનપુર પહોંચશે.

એ જ રીતે ટ્રેન નંબર ૦૪૨૧૬ સુલતાનપુર-સાબરમતી સ્પેશિયલ ૧૭ મે ૨૦૨૬ થી ૧૨ જુલાઈ ૨૦૨૬ સુધી દરેક રવિવારે સુલતાનપુરથી સવારે ૦૪:૦૦ કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે ૦૭:૨૦ કલાકે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબૂરોડ, પિંડવાડા, સુમેરપુર-જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ જં., અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગરા કેન્ટ, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને લખનઉ સ્ટેશન પર રોકાશે.

આ ટ્રેનમાં એસી-૩ ટિયર ઈકૉનોમી અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

# TCS ધર્મ પરિવર્તન કેસની આરોપી નિદા ખાનની ધરપકડ

નાસિક, તા.૮

મહારાષ્ટ્રના નાસિકમાં કથિત ધર્મ પરિવર્તન કેસમાં ફરાર થયેલી નિદા ખાનની આખરે ધરપકડ કરવામાં આવી છે. લગભગ ૨૫ દિવસ બાદ તેને છત્રપતિ સંભાજી નગર જિલ્લાના નારેગાંવ વિસ્તારમાંથી કસ્ટડીમાં લેવામાં આવી છે. ધરપકડ બાદ તેને મેડિકલ તપાસ માટે લઈ જવાઈ હતી અને હવે ટ્રાન્જિટ વોરંટની પ્રક્રિયા પુરી થયા બાદ નાસિક લઈ જવાઈ છે.

૨૭ એપ્રિલે નિદા ખાને આગોતરા જામીન અરજી કરી હતી, જેનાપર કોર્ટમાં બંને પક્ષો તરફથી જોરદાર દલીલો થઈ હતી. આ કેસની તપાસ કરી રહેલી એસઆઈટીએ પુરાવા એકઠા કર્યા હતા, જેને સરકારી વકીલોએ કોર્ટમાં રજૂ કરાતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે, નિદા ખાન પીડિત યુવતિઓને અન્ય ધર્મ શિખવાડીને ધર્મ બદલવાનું ષડયંત્ર રચવા માટે કેવા કાવાદાવા કરી રહી હતી. હવે જોવાનું એ રહ્યું કે, ધરપકડ બાદ નિદા ટીસીએસ કાંડના વધુ ક્યાં ક્યાં રાજ ખોલે છે.

ટીસીએસ કેસમાં મુખ્ય આરોપીઓમાંની એક નિદા ખાનની આગોતરા જામીન અરજી ફગાવતાં કોર્ટે ટિપ્પણી કરી હતી કે, પીડિતાને સંગઠિત પ્રયાસો દ્વારા બ્રેઈનવોશ કરવા અને તેને મલેશિયા મોકલવાની વ્યવસ્થિત યોજના હોવાનું જણાય છે, જ્યારે ગયા અઠવાડિયે કથિત જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણ સંબંધિત કેસમાં ટીસીએસ કર્મચારી નિદા ખાનને ધરપકડ પૂર્વે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ગુનાની તીવ્રતા ખરેખર બહુ-સ્તરીય છે અને કેસના મૂળ સુધી જવા માટે કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી હતી, એમ કોર્ટે ખાનની અરજીને યોગ્યતા વિનાની ગણાવતા કહ્યું હતું.

પોલીસ તપાસ મુજબ, નિદા ૨૦૨૨માં ટીસીએસ નાસિક બીપીઓમાં કામ કરતી હતી. પછી તેણે ૨૦૨૫માં ટ્રાન્સફર લીધા બાદ પતિ સાથે ભિવંડીમાં અને પછી ઠાણે જિલ્લાના મુંબ્રા વિસ્તારમાં રહેવા લાગી. આ દરમિયાન તેણે મુંબઈના હિરાનંદાની પવઈ અને મલાડ સ્થિત ટીસીએસ બીપીઓ કેન્દ્રમાં પણ થોડા સમય સુધી કામ કર્યું હતું.

# આ વર્ષે પાવર ડિમાન્ડમાં ધરખમ વધારો જોવા મળશે : ઈકરા



## એગ્રીકલ્ચર, El નીનો ઈફેક્ટ, ડેટા સેન્ટરથી ડિમાન્ડ 5-5.5% સુધી જવાની શક્યતા

**નવી દિલ્હી,તા. ૦૮**

નાણાકીય વર્ષ 26 ના ચોથા ક્વાર્ટરમાં KPI ગ્રીન એનર્જીનો ચોખ્ખો નફો 49.2% વધીને ₹155.5 કરોડ થયો હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ₹104.2 કરોડ હતો, તે પછી તેના શેર 11% જેટલા વધ્યા. કામગીરીમાંથી આવક 39.8% વધીને ₹795.8 કરોડ થઈ છે જે એક વર્ષ પહેલા ₹569.4 કરોડ હતી. વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાંની કમાણી (EBITDA) ગયા વર્ષના ₹161 કરોડથી 81% વધીને ₹291.3 કરોડ થઈ છે, અને માર્જિન ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 28.3% થી વધીને 36.6% થયું છે. નાણાકીય વર્ષ 26 માં CPP (કેપ્ટિવ પાવર પ્રોડ્યુસર) સેગમેન્ટનો હિસ્સો 91% હતો, જ્યારે IPP (સ્વતંત્ર પાવર પ્રોડ્યુસર) સેગમેન્ટનો બાકીનો 9% ફાળો હતો. કંપનીની IPP સ્થાપિત ક્ષમતા 31 માર્ચ, 2026 ના રોજ 965 MW હતી, જે કુલ IPP પોર્ટફોલિયો 2.57 GW હતો. નાણાકીય વર્ષ 26 માં AC ધોરણે CPP પોર્ટફોલિયો માટે હાઈબ્રિડ ક્ષમતા ઉપયોગ પરિબળ 50.6% હતો.

2025-26 માં ઓલ-ઈન્ડિયા થર્મલ પ્લાન્ટ લોડ ફેક્ટર, અથવા PLF, નરમ માંગને કારણે ઘટીને 65-66 ટકા થઈ ગયું હતું અને 2026-27 માં તે સ્તરની આસપાસ રહેવાની શક્યતા છે કારણ કે નવીનીકરણીય ઉત્પાદનનો વિસ્તાર ચાલુ રહે છે અને બીજી 6 GW થર્મલ ક્ષમતા ઉમેરવામાં આવે છે.

આ સંભાવના પર ટિપ્પણી કરતા, ICRA ના વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્રુપ હેડ - કોર્પોરેટ રેટિંગ્સ, અંકિત જૈને જણાવ્યું હતું કે, "ભારતમાં થર્મલ પાવર સેક્ટરમાં પુનર્જીવિત રોકાણનો ભાર જોવા મળી રહ્યો છે, જ્યારે નવીનીકરણીય ક્ષમતા ઝડપી ગતિએ વિસ્તરી રહી છે."

તેમણે ઉમેર્યું હતું કે "વીજળી માંગ વૃદ્ધિની અપેક્ષાઓ વચ્ચે, થર્મલ પાવર વિશ્વસનીય બેઝ-લોડ સપ્લાય તરીકે કાર્ય કરે છે, જે ગ્રીડ સ્થિરતાને મદદ કરે છે." ICRA ને અપેક્ષા છે કે 2026-27 માં કુલ ઉત્પાદન ક્ષમતામાં 50 GW નો વધારો થશે, જેમાં લગભગ 6 GW થર્મલ સેગમેન્ટમાંથી અને બાકીનો મોટાભાગે નવીનીકરણીય ઉર્જામાંથી આવશે. જૈને જણાવ્યું હતું કે બાંધકામ હેઠળની થર્મલ ક્ષમતામાં વધારો, જે "હાલમાં 45 GW થી વધુ છે", જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને ખાનગી વીજ ઉત્પાદકો દ્વારા નવી પ્રોજેક્ટ જાહેરાતોમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે, તેમજ લાંબા ગાળાની મર્યાદિત પ્રવૃત્તિ પછી રાજ્ય વિતરણ ઉપયોગિતાઓ દ્વારા લાંબા ગાળાની વીજ ખરીદી બિડમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે.

# મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી અને NTPCની JV કંપની વેસ્ટ ટુ એનર્જી હવે NTPCની સબસિડિયરી

**MCDએ સ્ટેક આપ્યો**




**નવી દિલ્હી,તા. ૦૮**

રાજ્ય સંચાલિત NTPC લિમિટેડ એક વિશિષ્ટ કચરાથી ઊર્જા સંપત્તિ પર નિયંત્રણ કડક બનાવી રહી છે જે અત્યાર સુધી ટર્નઓવરમાં ઓછી રહી છે પરંતુ તેને વ્યાપક કચરાથી સંપત્તિ વ્યૂહરચનાના ભાગ રૂપે સ્થાન આપવામાં આવી રહ્યું છે. કંપનીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે 11 જૂન, 2019 ના રોજ થયેલા સંયુક્ત સાહસ કરારને સમાપ્ત કરવા અને NEWS માં MCD ના 26 ટકા શેરહોલ્ડિંગ, અથવા 52,000 ઈક્વિટી શેરના સંપાદન માટે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) અને NTPC EDMC વેસ્ટ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ (NEWS) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સંપાદન સાથે, કંપનીએ કહ્યું, "NEWS NTPC ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બનશે."

ફાઈલિંગમાં, NTPC એ જણાવ્યું હતું કે તે પહેલાથી જ NEWS માં 74 ટકા હિસ્સો ધરાવે છે અને હાલનું સંપાદન MCD ના 26 ટકા ઈક્વિટી હિસ્સાનું છે. તેણે કહ્યું, "હાલના સંપાદન સાથે, NTPC આ સંપૂર્ણ માલિકીની પેટાકંપનીમાં તેના વેસ્ટ-ટુ-વેલ્થ વ્યવસાયને એકીકૃત કરવાનો ઈરાદો ધરાવે છે." કંપનીએ જણાવ્યું હતું કે આ સંપાદન નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટરમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને રોકડમાં કરવામાં આવશે. NTPC એ જણાવ્યું હતું કે 26 ટકા શેરહોલ્ડિંગ હસ્તગત કરવાની કિંમત રૂ.5,20,000 છે, જે 52,000 ઈક્વિટી શેર પ્રતિ શેર રૂ.10 ની ફેસ વેલ્યુ પર આધારિત છે. ફાઈલિંગમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રસ્તાવિત સંપાદન એક સંબંધિત પક્ષ વ્યવહાર છે, પરંતુ "સેબી (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 23 હેઠળ ઓડિટ સમિતિની મંજૂરી મુક્ત છે," કારણ કે આ વ્યવહાર NTPC, એક લિસ્ટેડ PSU અને MCD, એક સરકારી/સ્થાનિક સત્તા સંસ્થા વચ્ચે છે. ફાઈલિંગમાં જણાવાયું છે કે NEWS ની સ્થાપના 1 જૂન, 2020 ના રોજ NTPC અને MCD ની સંયુક્ત સાહસ કંપની તરીકે કરવામાં આવી હતી, જેમાં કચરો વ્યવસ્થાપન અને ઉર્જા ઉત્પાદન વ્યવસાય કરવા માટે અનુક્રમે 74 ટકા અને 26 ટકા શેરહોલ્ડિંગ હતું. તેમાં ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં કંપનીનું ટર્નઓવર 2022-23માં રૂ.0.34 લાખ, 2023-24માં રૂ.0.29 લાખ અને 2024-25માં રૂ.1.28 લાખ હતું.

**Q4 રિઝલ્ટ**

## સોનાટા સોફ્ટવેર : AI બેઝ્ડ 2 લાર્જ પ્રોજેક્ટ જીત્યા : ભાવમાં ભારે ઉછાળો

ચોથા ક્વાર્ટરના પરિણામોના પ્રતિભાવમાં સોનાટા સોફ્ટવેર લિમિટેડના શેરમાં 9% જેટલો વધારો થયો છે. આ એક મહિનામાં શેર માટે સૌથી મોટો એક દિવસનો વધારો છે. માર્ચ ક્વાર્ટરમાં, સોનાટા સોફ્ટવેરે તેની ટોપલાઈનમાં 17% ઘટાડો હોવા છતાં મજબૂત ઓપરેટિંગ કામગીરી નોંધાવી હતી. ડિસેમ્બર ક્વાર્ટર કરતાં વ્યાજ અને કરવેરા પહેલાંની કમાણી (EBIT) 5.6% વધી, માર્જિનમાં પણ ક્રમશઃ 160 બેસિસ પોઈન્ટનો વધારો થયો. કંપનીના સ્થાનિક વ્યવસાયના નબળા પ્રદર્શનને કારણે ટોપલાઈન ખેંચાઈ ગઈ. સોનાટા સોફ્ટવેરે ક્વાર્ટર દરમિયાન બે મહત્વપૂર્ણ મોટા સોદા સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા. આમાં એક મોટી વૈશ્વિક ફિનટેક કંપની માટે AI-આગેવાની હેઠળના પ્લેટફોર્મ આધુનિકીકરણ પ્રોજેક્ટ અને અગ્રણી PE-સમર્થિત સોફ્ટવેર હોલ્ડિંગ કંપની સાથે આધુનિક એન્જિનિયરિંગ જોડાણનો સમાવેશ થાય છે. તેના રોકાણકાર પ્રેઝન્ટેશનમાં જણાવાયું છે કે તેની મોટી ડીલ પાઈપલાઈનમાં ફોર્ચ્યુન 500 ક્લાયન્ટ્સનો સમાવેશ થાય છે.

## થર્મેક્સ : મજબૂત ઓર્ડર બુક

માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ અપેક્ષા કરતાં વધુ મજબૂત કામગીરી નોંધાવ્યા બાદ, મુખ્ય પરિમાણોમાં CNBC-TV18 ના અંદાજ કરતાં કમાણી વધુ હોવાના અહેવાલ પછી, થર્મેક્સ લિમિટેડના શેરમાં 12% જેટલો ઉછાળો આવ્યો. નાણાકીય વર્ષ 26 ના ચોથા ક્વાર્ટરમાં થર્મેક્સનો ચોખ્ખો નફો 19% વાર્ષિક ધોરણે વધીને ₹244.3 કરોડ થયો, જે CNBC-TV18 ના મતદાનના અંદાજ ₹219 કરોડ કરતા વધુ છે. ત્રિમાસિક ગાળા માટે આવક 12.5% વાર્ષિક ધોરણે વધીને ₹3,428 કરોડ થઈ, જે ₹3,277 કરોડના અંદાજને પણ વટાવી ગઈ. CNBC-TV18 ના ₹322 કરોડના અંદાજની સરખામણીમાં EBITDA વાર્ષિક ધોરણે 24.9% વધીને ₹374.3 કરોડ થયો. EBITDA માર્જિન એક વર્ષ પહેલા 9.8% થી વધીને 10.9% થયું, અને તે 9.8% ની મતદાન અપેક્ષાથી પણ વધુ હતું. કંપનીના બોર્ડે નાણાકીય વર્ષ 26 માટે પ્રતિ શેર ₹14 ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. થર્મેક્સે જણાવ્યું હતું કે ક્વાર્ટર દરમિયાન ઓર્ડર ઈનફ્લો ગતિને તેના ઔદ્યોગિક ઉત્પાદનો અને ઔદ્યોગિક માળખાગત વ્યવસાયોમાં સુધારેલી ઓર્ડર પ્રવૃત્તિ દ્વારા ટેકો મળ્યો હતો.

## બ્રિટાનિયા: મિસ્ડ ધ એસ્ટિમેટ

ચોથા ક્વાર્ટરમાં નબળા કમાણીના અહેવાલ પછી, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેરમાં 5%નો ઘટાડો થયો. નિફ્ટી 500 ઈન્ડેક્સમાં આ શેર સૌથી વધુ નુકસાન કરનારાઓમાંનો એક છે. બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેનલીએ આ શેર માટે "સમાન-વજન" ભલામણ કરી છે, જેમાં પ્રતિ શેર ₹6,019નો ભાવ લક્ષ્યાંક છે, જે તેના અગાઉના બંધ ભાવ કરતાં 6.5% નો વધારો દર્શાવે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બ્રિટાનિયાનો ચોથો ક્વાર્ટર એક મોટી ખોટ હતી, જેમાં આવકમાં 7% નો વધારો અંદાજ કરતાં ઓછો હતો. તેની ₹4,719 કરોડની આવક ₹4,875 કરોડની સ્ટ્રીટ અપેક્ષાઓ કરતાં ઓછી હતી. કંપનીના મેનેજમેન્ટ મુજબ, જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં 9% આવકમાં વધારો જોવા મળ્યો હતો, પરંતુ પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં પુરવઠામાં વિક્ષેપને કારણે માર્ચમાં અસર થઈ હતી. કંપનીનો વ્યાજ, કર, ઘસારો અને ઋણમુક્તિ (EBITDA) માર્જિન 18.2% હતો જે પાછલા વર્ષ કરતાં 20 બેસિસ પોઈન્ટ ઓછો હતો અને ક્રમશઃ 186 બેસિસ પોઈન્ટ ઓછો હતો.

## કલ્યાણ જ્વેલર્સે 66%ની મજબૂત કમાણી નોંધાવી

કલ્યાણ જ્વેલર્સે ચોથા ક્વાર્ટરમાં મજબૂત કમાણી નોંધાવી છે, જેમાં લગ્નની માંગમાં મજબૂત વધારો, એક જ સ્ટોરમાં વેચાણમાં સ્વસ્થ વૃદ્ધિ અને સમગ્ર ભારતમાં અને ડિજિટલ જ્વેલરી વ્યવસાયોમાં સતત ગતિનો સમાવેશ થાય છે. માર્ચમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં આવક વાર્ષિક ધોરણે 66% વધીને ₹10,275 કરોડ થઈ છે જે એક વર્ષ અગાઉ ₹6,182 કરોડ હતી. EBITDA 84.2% વધીને ₹735.7 કરોડ થયો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ₹399.4 કરોડ હતો, જ્યારે EBITDA માર્જિન 6.5% થી વધીને 7.2% થયો. કમાણીની જાહેરાત પછી, કલ્યાણ જ્વેલર્સના શેર 3% થી વધુ વધીને NSE પર ₹428.80 ની ઈન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યા. કંપનીના ભારતીય કામગીરીમાં ક્વાર્ટર દરમિયાન 65% આવક વૃદ્ધિ નોંધાઈ, જે મુખ્યત્વે મુખ્ય બજારોમાં મજબૂત સમાન-સ્ટોર વેચાણ વૃદ્ધિને કારણે હતી. સોનાના ભાવમાં વધારો અને અસ્થિરતા હોવા છતાં, ત્રિમાસિક ગાળાના અંતે સમાન-સ્ટોર વેચાણ વૃદ્ધિ 45% રહી. કલ્યાણે જણાવ્યું હતું કે ત્રિમાસિક ગાળા દરમિયાન લગ્ન અને વિવેકાધીન ઝવેરાત બંનેની માંગ સ્થિતિસ્થાપક રહી. જોકે, ઝવેરીએ નોંધ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવે માર્ચના પ્રથમ ત્રણ અઠવાડિયા દરમિયાન ગ્રાહકોના આવવા-જવા પર અસર કરી હતી, જોકે મહિનાના અંતમાં મજબૂત રમઝાન માંગે નબળાઈને દૂર કરવામાં મદદ કરી હતી. નાણાકીય વર્ષ 26 માટે તેના આંતરરાષ્ટ્રીય વ્યવસાયે 33% ટોચની વૃદ્ધિ નોંધાવી અને એકીકૃત ત્રિમાસિક આવકમાં લગભગ 11% ફાળો આપ્યો. કંપનીના ડિજિટલ-પ્રથમ જ્વેલરી પ્લેટફોર્મ, કેન્ડેરે, ઝડપી વિસ્તરણ જોવાનું ચાલુ રાખ્યું, ક્વાર્ટર દરમિયાન 360% થી વધુ આવક વૃદ્ધિ અને સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે 160% વૃદ્ધિ નોંધાવી.

# સોલાર જાયન્ટ વારી રિન્યૂએબલે ₹1,200 કરોડમાં એસોસિએટેડ પાવર સ્ટ્રક્ચર કંપની ખરીદી




વારી રિન્યુએબલ ટેક્નોલોજીસ લિમિટેડ (WRTL) એ જણાવ્યું હતું કે તેણે એસોસિએટેડ પાવર સ્ટ્રક્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ (APSPL) માં 1,225 કરોડ રૂપિયામાં 55 ટકા હિસ્સો ખરીદવા માટે ચોક્કસ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. એક નિયમનકારી ફાઈલિંગમાં, કંપનીએ જણાવ્યું હતું કે તેણે એસોસિએટેડ પાવર સ્ટ્રક્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ, જે અગાઉ એસોસિએટેડ પાવર સ્ટ્રક્ચર્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું, તેના સંપાદનના સંબંધમાં શેરહોલ્ડર્સ એગ્રીમેન્ટ (SHA) અને શેર પરચેઝ એન્ડ સબસ્ક્રિપ્શન એગ્રીમેન્ટ (SPSA) અમલમાં મૂક્યા છે.

ફાઈલિંગમાં જણાવાયું છે કે શરૂઆતમાં આ સંપાદન 30 એપ્રિલ, 2026 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. જોકે, કંપનીએ જણાવ્યું હતું કે "પ્રક્રિયાગત આવશ્યકતાઓને કારણે, ટ્રાન્સફર (હાલની સિક્યોરિટીઝના સંપાદન સહિત) અને સિક્યોરિટીઝની ફાળવણી (નવી જારી દ્વારા) સહિતની સમગ્ર પ્રક્રિયા 15 જૂન, 2026 સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે."

WRTL એ જણાવ્યું હતું કે હાલમાં તે APSPL માં કોઈ શેરહોલ્ડિંગ ધરાવતું નથી. "ઉપરોક્ત સંપાદન પછી, WRTL પાસે APSPL માં સંપૂર્ણપણે પાતળું ધોરણે 55 ટકા શેરહોલ્ડિંગ હશે, જેના પરિણામે APSPL કંપનીની પેટાકંપની બનશે," ફાઈલિંગમાં જણાવાયું છે. કંપનીએ ઉમેર્યું હતું કે APSPL માં 55 ટકા હિસ્સો ખરીદવા માટે કુલ રોકાણ મૂલ્ય રૂ.1,225 કરોડ છે.

# 4 પેઈન્ટ સ્ટોક્સને અપગ્રેડ કરતું ઈન્વેસ્ટેક : એશિયન પેઈન્ટ્સ, બર્ગર પેઈન્ટ્સ, કંસાઈ નેરોલેક અને ઈન્ડિગો

બ્રોકરેજ ફર્મ ઈન્વેસ્ટેક દ્વારા આ ક્ષેત્ર પર વધુ રચનાત્મક વલણ અપનાવવામાં આવ્યું છે અને પસંદગીના ખેલાડીઓ પર તેના રેટિંગ અપગ્રેડ કરવામાં આવ્યા છે, જેના કારણે શુક્રવાર, 8 મેના રોજ એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ ઈન્ડિયા, કાન્સાઈ નેરોલેક પેઈન્ટ્સ અને ઈન્ડિગો પેઈન્ટ્સ જેવી પેઈન્ટ કંપનીઓના શેર ફોકસમાં રહેશે. ઈન્વેસ્ટેકે એશિયન પેઈન્ટ્સ અને બર્જર પેઈન્ટ્સને 'સેલ' થી 'હોલ્ડ'માં અપગ્રેડ કર્યું, જ્યારે કાન્સાઈ નેરોલેક અને ઈન્ડિગો પેઈન્ટ્સને 'હોલ્ડ' થી 'બાય'માં વધારી દીધા.




બ્રોકરેજ કંપનીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં પેઈન્ટ સેક્ટર પર તેનું નકારાત્મક વલણ મોટાભાગે બિરલા ઓપસના આક્રમક વિસ્તરણને કારણે હતું, જેણે ઉદ્યોગના વિકાસમાં નોંધપાત્ર હિસ્સો મેળવ્યો હતો અને ક્ષેત્ર-વ્યાપી માર્જિન પર ભાર મૂક્યો હતો. જોકે, બ્રોકરેજ કંપની હવે માને છે કે સ્પર્ધાનો સૌથી તીવ્ર તબક્કો ઉદ્યોગ પાછળ છે.

ઈન્વેસ્ટેકના મતે, નવા પ્રવેશકર્તાઓ તરફથી વર્તમાન ખેલાડીઓ પરનો વધારાનો બજાર હિસ્સો લગભગ 1.5-2% જેટલો મધ્યમ રહેવાની ધારણા છે, જે છેલ્લા બે વર્ષમાં લગભગ 3-4% હતો. બિરલા ઓપસે Q4FY26 સુધીમાં અંદાજિત બજાર હિસ્સો લગભગ 8% સુધી પહોંચી ગયો છે, બ્રોકરેજ કંપનીએ નોંધ્યું હતું.

ઈન્વેસ્ટેક કંપનીએ એમ પણ કહ્યું હતું કે બિરલા ઓપસ નુકસાન ઘટાડવા તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહી હોય તેવું લાગે છે, જે વધારાની જથ્થાની ઓફર સહિતની ચોક્કસ વેપાર યોજનાઓના રોલબેક, તેમજ કાચા માલના વધતા ખર્ચને સરભર કરવા માટે તાજેતરના ભાવ વધારાથી સ્પષ્ટ થાય છે. બ્રોકરેજ કંપનીએ જણાવ્યું હતું કે આ કંપનીના Q4FY27 સુધીમાં બ્રેકઈવન હાંસલ કરવાના લક્ષ્ય સાથે સુસંગત છે.

વર્તમાન પેઈન્ટ ઉત્પાદકો માટે, આ પરિવર્તનને સકારાત્મક માનવામાં આવે છે, કારણ કે તે સમગ્ર ઉદ્યોગમાં ભાવ શિસ્ત પુનઃસ્થાપિત કરી શકે છે. ઈન્વેસ્ટેકે જણાવ્યું હતું કે કાચા માલના ફુગાવાને સરભર કરવા માટે પેઈન્ટ કંપનીઓ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ભાવ વધારા ઉદ્યોગ ગતિશીલતામાં સુધારો દર્શાવે છે. બ્રોકરેજ કંપનીએ તેના નાણાકીય વર્ષ 28 ના અંદાજ અને ક્ષેત્ર માટે લક્ષ્ય ભાવમાં પણ વધારો કર્યો છે, જેમાં ઉદ્યોગના માળખામાં સુધારો અને માર્જિન આઉટલુકમાં સુધારો થયો છે.

# કોલ ઈન્ડિયાને ડાઉનગ્રેડ કરતું CLSA : ભાવમાં 17% સુધીનો ઘટાડો થવાની શક્યતા

બ્રોકરેજ ફર્મ CLSA એ તેની તાજેતરની નોંધમાં ભારતની સૌથી મોટી ખાણકામ કંપની, કોલ ઈન્ડિયા લિમિટેડના શેરનું ડાઉનગ્રેડ કર્યું છે, અને તેના ભાવ લક્ષ્યાંકમાં પણ ઘટાડો કર્યો છે.

CLSA એ કોલ ઈન્ડિયાને તેના અગાઉના "હોલ્ડ" રેટિંગથી "ઓછું પ્રદર્શન" કર્યું છે અને તેના ભાવ લક્ષ્યાંકને ₹390 થી ઘટાડીને ₹385 કર્યો છે. સુધારેલા ભાવ લક્ષ્યાંક બંધ સ્તરથી 17% ની ઘટાડાની સંભાવના દર્શાવે છે.



તાજેતરમાં, ઊર્જા સુરક્ષા થીમને ટાંકીને, કોલ ઈન્ડિયા, મોટાભાગના અન્ય ઊર્જા-સંકળાયેલા શેરોમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે, CLSA માને છે કે કંપની આ થીમનો મોટો લાભાર્થી બને તેવી શક્યતા નથી. નવીનીકરણીય ઊર્જા તરફ આગળ વધવા અને કેપ્ટિવ કોલસાના ઉત્પાદનમાં વધારાને કારણે બ્રોકરેજ કોલ ઈન્ડિયાની મધ્યમ-ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ માટે જોખમો પણ જુએ છે. "વેદાંત, જિંદાલ સ્ટીલ, હિન્ડાલ્કો જેવા વાણિજ્યિક ગ્રાહકો કેપ્ટિવ કોલસા સુરક્ષાનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે, તેથી FSA પ્રાપ્તિ અને ઈ-ઓક્શન માંગ બંને માટે આ ઓવરહેંગ થવાની શક્યતા છે," CLSA એ તેની નોંધમાં લખ્યું છે. પરિણામે, CLSA એ કોલ ઈન્ડિયાના વ્યાજ, કર, અવમૂલ્યન અને અમોર્ટાઈઝેશન (EBITDA) પહેલાંના કમાણી (EBITDA) માટે કોલ ઈન્ડિયાના નાણાકીય વર્ષ 2027 અને 2028 ના અંદાજમાં અનુક્રમે 2% અને 9% ઘટાડો કર્યો છે, જે મ્યૂટ માર્જિન આઉટલુકને ધ્યાનમાં લે છે.

કોલ ઈન્ડિયાએ પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે વિસ્ફોટકો અને ઔદ્યોગિક ડીઝલના ભાવમાં અનુક્રમે 26% અને 54% નો વધારો સૂચવ્યો છે, જે CLSA અનુસાર, અંતિમ ગ્રાહકને સુરક્ષિત રાખવા માટે પસાર થવાની શક્યતા ઓછી છે. CLSA અનુસાર, આનાથી નાણાકીય વર્ષ 2026 માટે કંપનીના EBITDA ના 8% અથવા ₹3,000 કરોડનો ખર્ચ વધી શકે છે, જે તેની નફાકારકતા પર ભાર મૂકી શકે છે.

# PB ફિનટેક માટે HSBC બુલિશ : ભાવમાં 25%ના ઉછાળાની શક્યતા

બ્રોકરેજ ફર્મ HSBC દ્વારા શેર પરના ભાવ લક્ષ્યાંકમાં સુધારો કર્યા પછી, PB ફિનટેક લિમિટેડના શેર ફોકસમાં રહ્યા છે. કાઉન્ટર પર એક મોટો પ્રી-માર્કેટ બ્લોક ડીલ પણ જોવા મળ્યો. બ્લોક ડીલ વિન્ડોમાં લગભગ ₹805 કરોડના મૂલ્યના લગભગ 48.40 લાખ શેર ₹1,664 પ્રતિ શેરના ભાવે વેચાયા.

દરમિયાન, HSBC એ PB Fintech પર તેનું 'બાય' રેટિંગ જાળવી રાખ્યું છે અને તેના ભાવ લક્ષ્યને અગાઉના ₹1,980 થી વધારીને ₹2,100 પ્રતિ શેર કર્યું છે. સુધારેલા લક્ષ્યમાં વર્તમાન સ્તરોથી 23.4% નો સંભવિત વધારો જોવા મળ્યો છે. બ્રોકરેજ કંપનીએ જણાવ્યું હતું કે PB Fintech ના Q4FY26 ના કમાણીમાં પ્રીમિયમ વૃદ્ધિ, ગ્રાહક સંપાદન અને ઓપરેટિંગ લીવરેજમાં સતત ગતિ જોવા મળી છે, જ્યારે વ્યવસાયના મુખ્ય મૂળભૂત સિદ્ધાંતો અકબંધ રહ્યા છે.

HSBC એ જણાવ્યું હતું કે PB Fintech એ મજબૂત ઓપરેશનલ કામગીરી પ્રદાન કરી છે, જે નવા વ્યવસાય પ્રીમિયમ, નવીકરણ અને ગ્રાહક સંપાદનમાં સ્વસ્થ વૃદ્ધિ દ્વારા સંચાલિત છે. કંપની FY26 દરમિયાન ઉદ્યોગ કરતા 3-4 ગણી ઝડપથી વૃદ્ધિ કરી રહી છે અને સરેરાશ દર ક્વાર્ટરમાં લગભગ 1.5 મિલિયન વ્યવહાર કરતા ગ્રાહકો ઉમેર્યા છે, જ્યારે ઓપરેટિંગ ખર્ચ પર કડક નિયંત્રણ જાળવી રાખ્યું છે. કંપનીનો ખર્ચ-થી-ઓપરેટિંગ આવક ગુણોત્તર FY26 માં 95% થયો છે જે FY25 માં 100% થી વધુ હતો.

HSBC એ એમ પણ કહ્યું કે ક્રેડિટ ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસમાંથી થતા નુકસાનમાં ઘટાડો થઈ રહ્યો છે, જ્યારે નવી પહેલોને સ્કેલનો લાભ મળવા લાગ્યો છે, જે બિઝનેસ મોડેલની સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવે છે.

બ્રોકરેજએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 27 માટે 30% થી વધુ ઓનલાઈન પ્રીમિયમ વૃદ્ધિનું મેનેજમેન્ટનું માર્ગદર્શન રોકાણકારોના સેન્ટિમેન્ટ માટે એક મુખ્ય હકારાત્મક બાબત છે.

જોકે, HSBC એ ચેતવણી આપી હતી કે કમિશન માળખામાં સંભવિત નિયમનકારી ફેરફારો નજીકના ગાળામાં ઓવરહેંગ રહી શકે છે. તેમ છતાં, તે માને છે કે વૃદ્ધિ અને માર્જિન પર સતત અમલીકરણ અસરને સરભર કરવામાં મદદ કરશે. મધ્યમ ગાળામાં, HSBC ને અપેક્ષા છે કે અન્ય નાણાકીય ઉત્પાદનોના વિતરણમાં વધારો કંપનીના કમાણીના અંદાજને વધુ મજબૂત બનાવવા માટે થશે.

બ્રોકરેજએ તેના કમાણીના અંદાજોમાં પણ ફેરફાર કર્યા છે, FY27-FY29 માટે EPS આગાહીમાં 1.5-2.2% વધારો કર્યો છે.

**Q4 રિઝલ્ટ**

## વિક્રમ સોલાર : માર્જિન અન્ડર પ્રેશર

કંપનીએ મિશ્ર ત્રિમાસિક કામગીરી નોંધાવ્યા બાદ વિક્રમ સોલાર લિમિટેડના શેરમાં 4% જેટલો ઘટાડો થયો હતો, જેમાં બ્લૂમબર્ગના અંદાજ કરતાં આવક વધુ હતી પરંતુ કાચા માલના વધતા ખર્ચને કારણે માર્જિન અને નફો ઓછો રહ્યો હતો. કંપનીએ જણાવ્યું હતું કે ક્વાર્ટર દરમિયાન ઈનપુટ ખર્ચમાં ફુગાવાને કારણે નફાકારકતા પર ભાર પડ્યો હતો, જ્યારે મોડ્યુલ રિયલાઈઝેશનમાં વાર્ષિક ધોરણે 13.4%નો ઘટાડો થયો હતો, જેનાથી માર્જિન પર વધુ દબાણ આવ્યું હતું. વિક્રમ સોલારે નાણાકીય વર્ષ 29 સુધીમાં તમિલનાડુમાં 6 GW બેકવર્ડ-ઈન્ટિગ્રેટેડ વેફર અને ઈન્ગોટ ઉત્પાદન સુવિધા સ્થાપિત કરવા માટે ₹3,726 કરોડના મૂડી ખર્ચ યોજનાને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ કંપનીના વ્યાપક 12 GW વિસ્તરણ રોડમેપનો પ્રથમ તબક્કો છે જે નાણાકીય વર્ષ 30 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેની વિસ્તરણ યોજનાઓ હેઠળ, કંપની 9 GW સેલ ક્ષમતા સાથે, નાણાકીય વર્ષ 27 સુધીમાં મોડ્યુલ ઉત્પાદન ક્ષમતાને વર્તમાન 9.5 GW થી 15.5 GW સુધી વધારવાનો લક્ષ્ય રાખે છે.

## એસબીઆઈ : મિસ્ડ ધ એસ્ટિમેટ

ભારતની સૌથી મોટી ધિરાણકર્તા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ (SBI) એ માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા, જે વિશ્લેષકોની અપેક્ષાઓની તુલનામાં મિશ્ર હતા. ત્રિમાસિક ગાળા દરમિયાન SBI ની મુખ્ય આવક અથવા ચોખ્ખી વ્યાજ આવક (NII) વાર્ષિક ધોરણે 4.1% વધીને ₹44,381 કરોડ થઈ. CNBC-TV18 ના મતદાનના આંકડા ₹46,487.4 કરોડ સાથે આ સંખ્યા ઓછી હતી. આ સમયગાળા માટે ચોખ્ખો નફો એક વર્ષ પહેલાના સમયગાળા કરતાં 5.6% વધીને ₹19,684 કરોડ થયો હતો. CNBC-TV18 ના એક પોલમાં આ આંકડો ₹19,455.4 કરોડ રહેવાનો અંદાજ હતો. ભારતની સૌથી મોટી બેંકની સંપત્તિ ગુણવત્તા ક્રમિક ધોરણે સ્થિર રહી, ડિસેમ્બર ક્વાર્ટરમાં કુલ NPA 1.57% થી 1.49% પર રહ્યો, જ્યારે ઓક્ટોબર-ડિસેમ્બર સમયગાળામાં સમાન આંકડાની તુલનામાં ચોખ્ખો NPA 0.39% પર યથાવત રહ્યો. ક્વાર્ટર માટે SBI નો પ્રી-પ્રોવિઝનિંગ ઓપરેટિંગ નફો પાછલા ક્વાર્ટરથી 16% ઘટીને ₹27,704 કરોડ થયો જે અગાઉ ₹32,862 કરોડ હતો. માર્ચ ક્વાર્ટરમાં જોગવાઈઓ ઘટીને ₹2,872 કરોડ થઈ ગઈ જે ડિસેમ્બર સમયગાળામાં ₹4,507 કરોડ હતી. અન્ય આવક પણ ગયા વર્ષના ₹24,367 કરોડથી ઘટીને ₹17,314 કરોડ થઈ ગઈ.

**શોર્ટ કટ**

**લેન્સકાર્ટ બ્લોક ડીલની ચર્ચા ચર્ચામાં :** બજારની ચર્ચા મુજબ, કેટલાક હાલના રોકાણકારો શુક્રવારે બ્લોક ડીલ દ્વારા લેન્સકાર્ટ સોલ્યુશન્સ લિમિટેડના 70.2 મિલિયન જેટલા શેર વેચવાની યોજના બનાવી રહ્યા છે. બ્લોક ડીલની કિંમત ₹470 પ્રતિ શેર નક્કી કરવામાં આવી હોવાનું કહેવાય છે.

**RBI એ સાઉથ ઈન્ડિયન બેંકમાં કોટક મહિન્દ્રા બેંકના હિસ્સાના સંપાદનને મંજૂરી આપી :** ભારતીય રિઝર્વ બેંકે કોટક મહિન્દ્રા બેંકને સાઉથ ઈન્ડિયન બેંકમાં પેઈડ-અપ શેર મૂડીના 9.99 ટકા સુધીનો કુલ હિસ્સો અથવા મતદાન અધિકારો મેળવવા માટે મંજૂરી આપી છે. આ મંજૂરી બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949, RBI દિશાનિર્દેશો, 2025, FEMA, 1999 અને લાગુ SEBI નિયમોના પાલનને આધીન છે.

**લખનૌ ફ્લાયઓવર પ્રોજેક્ટ માટે પીએનસી ઈન્ફ્રાટેક સૌથી ઓછી બોલી લગાવનાર કંપની બની છે :** ઉત્તર પ્રદેશના લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીના પ્રોજેક્ટ માટે પીએનસી ઈન્ફ્રાટેક L1 (પ્રથમ સૌથી ઓછી) બોલી લગાવનાર કંપની બની છે. આ પ્રોજેક્ટમાં 7 મેના રોજ લખનૌ (યુપી) ના ગોમતી નદીના કિનારે, શહીદ પાથ ઈન્ટરસેક્શન પર 2 લૂપ્સ અને 2 રેમ્પ સાથે 4 લેન ફ્લાયઓવરનું બાંધકામ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ 194.40 કરોડ રૂપિયાના ભાવે EPC ધોરણે શરૂ કરવામાં આવ્યો હતો.

**ઉડુપી કોચીન શિપયાર્ડે નવો ટગ બાંધકામ ઓર્ડર મેળવ્યો :** ઉડુપી કોચીન શિપયાર્ડ લિમિટેડ (UCSL), કોચીન શિપયાર્ડ લિમિટેડ (CSL) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, તેના વર્તમાન ગ્રાહક, અગ્રણી ભારતીય ટગ ઓપરેટર ઓશન સ્પાર્કલ લિમિટેડ (OSL), જે અદાણી હાર્બર સર્વિસીસ લિમિટેડ કંપની છે, તરફથી વધુ એક પ્રતિષ્ઠિત ઓર્ડર મેળવ્યો છે. 70 T બોલાર્ડ પુલ પાવર સાથે ત્રણ ASD (Azimuthing Stern Drive) ટગના બાંધકામ માટેના કરાર પર UCSL ના CEO શ્રી હરિકુમાર એ અને OSL ના MD અને CEO શ્રી હિરેન શાહ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. UCSL એ અગાઉ OSL માટે બે 62 T બોલાર્ડ પુલ ASD ટગના બાંધકામનો કરાર કર્યો હતો. આ બંને ટગ UCSL દ્વારા કરારબદ્ધ ડિલિવરી તારીખો પહેલાં ડિલિવર કરવામાં આવ્યા હતા અને OSL દ્વારા પારાદીપ પોર્ટ અને ન્યૂ મેંગલોર પોર્ટ પર તૈનાત કરવામાં આવ્યા છે.

**ડીપ ઈન્ડસ્ટ્રીઝને 78 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ એક્સટેન્શન મળ્યો :** ડીપ ઈન્ડસ્ટ્રીઝને એન્ટેલોપસ સેલન એનર્જી લિમિટેડ (અગાઉ સેલન એક્સપ્લોરેશન ટેકનોલોજી લિમિટેડ) તરફથી ઈન્ટિગ્રેટેડ ડ્રિલિંગ સેવાઓ માટે 30 મહિનાનો કોન્ટ્રાક્ટ એક્સટેન્શન મળ્યો છે, જેની કિંમત $8.28 મિલિયન (આશરે રૂ.78 કરોડ) છે, જે 1 જુલાઈ, 2026 થી શરૂ થશે. આ સ્થાનિક કોન્ટ્રાક્ટ સામાન્ય વ્યવસાયના કોર્સમાં આવે છે, જેમાં કોઈ સંબંધિત પક્ષ અથવા પ્રમોટર-જૂથના હિતો સામેલ નથી.